અમદાવાદ સીટી માટે

પાનાં : ૩૨ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૧૮ નવેમ્બર ૨૦૨૬ બુધવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

શતદલ

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૯ વર્ષ : ૯૪, અંક : ૩૧૧ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

જિનપિંગ અને ટ્રમ્પની બેઠક અગાઉ ચીનનો પાછલા બારણે દોરીસંચાર

હોર્મુઝમાં ફરી ધડાકા : પાંચ જહાજ પર ઈરાનના હુમલા

તહેરાન, તા. ૧૭

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી હુમલા થવા લાગ્યા છે, ઈરાને સમગ્ર ફારસની ખાડી પર હુમલા કર્યા હતા અને બહેરીનમાં અમેરિકાના રડારનો નાશ કરી નાખ્યો હતો. બે મહિનાના વિરામ બાદ ઈરાને એવા અરબ દેશો પર હુમલા શરૂ કરી દીધા છે કે જ્યાં અમેરિકન સૈન્ય સાથે જોડાયેલ કોઈ મથક આવેલું હોય. છેલ્લા કેટલાક દિવસમાં ઈરાનનો આ ત્રીજો હુમલો છે. જેને પગલે અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી યુદ્ધ શરૂ થવાની શક્યતાઓ છે. જ્યારે હોર્મુઝની ખાડીમાં ૨૪ કલાકમાં પાંચ ઓઈલ અને ગેસ ટેન્કરોમાં આગ લાગી છે. હુમલાનો ભોગ બનેલા એક ટેન્કરમાં ૨૪ ભારતીયો સહિત ૨૫ નાવિકો સવાર હતા.

સમગ્ર ફારસ ખાડી પર ઈરાનના હુમલા, બહેરીનમાં અમેરિકન રડારનો નાશ, તાજેતરમાં અરબ દેશો પર ત્રીજી વખત મિસાઈલમારો

હોર્મુઝમાં પનામાના ઝંડાવાળા જહાજ પર હુમલો થયો હતો, આ જહાજમાં ૨૪ ભારતીયો સહિત ૨૫ સ્ક્રૂ લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ ટેન્કર તારા ગેસ હોવાના અહેવાલો છે. હોર્મુઝ ખાડીમાં ઓઈલ ટેન્કરો પર હુમલાની ઘટનાઓ સતત વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ ઓછામાં ઓછા ચાર ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈરાનની નેવીએ દાવો કર્યો છે કે સમુદ્રમાં લગાવાયેલ માઈન્સ સાથે ટકરાવાને કારણે આ ટેન્કરોમાં આગ લાગી રહી છે. પ્રતિબંધિત વિસ્તારમાંથી પસાર થવાને કારણે આ ટેન્કર હુમલાનો

(અનુસંધાન ૧૩મે પાને)

અમારી સ્કૂલ પર હુમલામાં ૧૬૮ બાળકોનો ભોગ લેનારા અમેરિકન અધિકારીઓને છોડીશું નહીં : ઈરાનની ફરી ધમકી

સવાર હતા, જેમને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હોવાના અહેવાલો છે. હુમલાનો ભોગ બનેલું જહાજ

અમેરિકાનું ત્રીજું એરક્રાફ્ટ કેરિયર મિડલ ઈસ્ટમાં

વોશિંગ્ટન, તા. ૧૭

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધના ભણકારા વચ્ચે હવે અમેરિકાએ મિડલ ઈસ્ટમાં પોતાનું ત્રીજું એરક્રાફ્ટ કેરિયર તૈનાત કર્યું છે. યુએસએસ થીઓડોર રુઝવેલ્ટ નામનું આ યુદ્ધપોત સોમવારે જ મિડલ ઈસ્ટમાં પહોંચી ગયું હતું. આ સાથે જ આ વિસ્તારમાં અમેરિકાના તૈનાત યુદ્ધ પોતોની સંખ્યા વધીને ત્રણે પહોંચી ગઈ છે. આ પહેલા યુએસએસ જ્યોર્જ એચડબલ્યુ બુશ, યુએસએસ જ્યોર્જ વોશિંગ્ટન પણ આ વિસ્તારમાં તૈનાત કરવામાં આવી ચુક્યા છે. ઈરાન પર મોટા હુમલાના ટ્રમ્પના દાવા વચ્ચે આ તૈનાતી થઈ રહી છે. જ્યારે ઈરાને પણ પોતાની મિસાઈલો તૈયાર રાખી હોવાના અહેવાલો છે.



ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ક્વાડની બેઠક પૂરી થઈ હતી. તેમા પીએમ મોદી, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ, જાપાનના પીએમ સાને તાકાઈચી અને ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થની આલ્બાનીઝે હાજરી આપી હતી. તેમા પારસ્પરિક ભાગીદારીને નવા શિખરે લઈ જવાનો નિર્ણય લેવાયો હતો.

સોફ્ટવેરમાં એક બગને કારણે લાખો અમેરિકન મુશ્કેલીમાં મુકાયા

અમેરિકામાં માઈક્રોસોફ્ટ અને ફ્લાઈટો બાદ હવે બેન્કિંગ સિસ્ટમ ખોરવાઈ

વોશિંગ્ટન, તા. ૧૭

છેલ્લા ચાર દિવસથી ટેકનોલોજી અમેરિકાને દગો આપી રહી છે. શુક્રવારે દેશની સંપૂર્ણ એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ જ ઠપ્પ થઈ ગઈ હતી, તેથી અમેરિકામાં હજજારો ઉડ્યનોને ગંભીર અસર પહોંચી હતી. તેવામાં ફરી એકવાર ટેકનિકલ ક્ષતિ સામે આવી છે. સોમવારે (અમેરિકી સમય પ્રમાણે), અમેરિકાની ત્રીજી સૌથી મોટી એરલાઈન્સ કંપનીનું નેટવર્ક ઠપ્પ થઈ ગયું. તો બીજી તરફ અમેરિકાની કેટલીએ મોટી બેન્કોની ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવામાં યુઝર્સને મુશ્કેલી વેઠવી પડી હતી.

જેપીમોર્ગન, બેન્ક ઓફ અમેરિકા, યુએસ બેન્ક, સિટિગ્રુપ, પીએનસી સહિતની આઠ મુખ્ય બેન્કો પર અસર

અમેરિકાની ત્રીજી મોટી એરલાઈન્સ, યુનાઈટેડ એરલાઈન્સની સિસ્ટમમાં પણ ટેકનીકલ ક્ષતિ ઊભી થતાં યાત્રીઓને ઘણા સમય સુધી મુશ્કેલી વેઠવી પડી હતી. જોકે મોડેથી તે ક્ષતિ દૂર થતાં સમસ્યા ઉકલી ગઈ હતી. સોમવારે લાગેલા બીજા ટેકનીકલ ઝટકામાં બેન્કિંગ સેવાઓને મુશ્કેલી થઈ હતી. માઈક્રોસોફ્ટ આઉટલૂક ઠપ્પ થઈ જતાં આ મુશ્કેલી ઉભી થઈ હોવાનું માનવામાં આવે છે. સોમવારે બપોરે યુનાઈટેડ એરલાઈન્સે વ્યાપક પ્રમાણમાં સિસ્ટમ આઉટેજ જાહેર કર્યો. કંપનીના પાયલટ્સને ટેક-ઓફ માટે જરૂરી ડેટા જ મળી શક્તો ન હતો.

કંપનીએ પણ આ ક્ષતિ થઈ હોવાનું સ્વીકાર્યું હતું. સાથે સોશિયલ મીડિયા પર તેણે ગ્રાહકોની માફી માગી હતી. એટલું જ નહીં પરંતુ, યુનાઈટેડ એરલાઈન્સ સિવાય અન્ય કેટલી એરલાઈન્સને અસર થઈ હશે તે જાણી શકાયું ન હતું. જોકે સિસ્ટમ ફરીથી યોગ્ય થતાં યથાવત કાર્યવાહી ચાલુ થઈ હતી, પરંતુ તે દરમિયાન સેંકડો મુસાફરો અટવાઈ રહ્યા હતા. શુક્રવાર તો અમેરિકા માટે 'આફતનો દિવસ' બની ગયો. ૧૩મી નવેમ્બરે, અમેરિકાની ફેડરલ એવિએશન ઓથોરિટી (એફએએ) દ્વારા બપોરે ૩ કલાક અને ૫૪ મિનિટે સમગ્ર દેશમાં 'ગ્રાઉન્ડ-સ્ટોપ'નો આદેશ આપી દીધો હતો. તે પછી ચાર કલાક સુધી તો એક

(અનુસંધાન ૧૫મે પાને)

બેધડક -મંજુલ



તમે દેશમાં સારા કાયદો-વ્યવસ્થા માટે સોશિયલ મીડિયા પર સરકારના વખાણ કરવામાં વ્યસ્ત છો ત્યારે જ તમને મોતની ધમકી અપાઈ રહી છે.



અસ્થિરતા પેદા કરનારી દરેક કાર્યવાહીનો ક્વાડ દ્વારા વિરોધ

ક્વાડની બેઠકમાં ટ્રમ્પે પીએમ મોદીની પ્રશંસા કરી તેમને ટફ લીડર ગણાવ્યા

મનિલા,તા.૧૭

ફિલિપાઈન્સના મનિલામાં ક્વાડની બેઠક દરમિયાન અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ચીન સાથે મતભેદો, ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને ઉત્તર કોરીયાના નેતા કિમ જોંગ ઉન સાથે સંભવિત મુલાકાતને લઈને નિવેદન આપ્યું. ક્વાડની બેઠકમાં અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પીએમ મોદીની પ્રશંસા કરી હતી. તેમણે પીએમ મોદીને એકદમ ટફ લીડર ગણાવ્યા હતા.

દરિયાઈ સુરક્ષા, મજબૂત સપ્લાય ચેઈન, નવી ટેકનોલોજી અને કુદરતી આફતોમાં પારસ્પરિક સહયોગ માટે ક્વાડ કટીબદ્ધ

ક્વાડ દેશોએ એઆઈ ક્ષેત્રમાં સહયોગ વધારવા સંમતિ દર્શાવી હતી. તેમા એટલાન્ટામાં વિદેશ પ્રધાનો દ્વારા ઘોષિત એઆઈ એક્સીલરેટરની પહેલને મહત્ત્વની ગણાવી હતી. આ ઉપરાંત સાઈબર સુરક્ષા સહયોગ વધારવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

ટ્રમ્પે આ ઉપરાંત ચોંકાવનારો દાવો કર્યો છે કે અમેરિકાએ રેર અર્થ મિનરલ્સના ઉત્પાદનમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે અને આગામી દસ મહિનામાં બાદ તે રેર અર્થને લઈને કોઈના પર આધારિત નહીં રહે. જો કે ટ્રમ્પે જણાવ્યું નહીં કે રેર અર્થના ઉત્પાદનના મુદ્દે તે કોની બરોબરી કરવાના છે, જો કે તે ચીન જ મનાય છે.

પીએમ મોદીએ ક્વાડની બેઠકમાં પારસ્પરિક ભાગીદારી પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે ભારત માટે ક્વાડ એક રચનાત્મક અને વિશ્વસનીય

(અનુસંધાન ૧૩મે પાને)

બ્રાન્ડ્સ અને મીડિયાની વેબસાઈટ્સને ટાર્ગેટ કરાઈ

બીબીસી, સીએનએન સહિત ૧૭૮ વેબસાઈટ પર મોટો સાઈબર હુમલો

વોશિંગ્ટન, તા. ૧૭

ટોચની મીડિયા કંપનીઓ તેમજ ચર્ચાસ્પદ બ્રાન્ડ્સને ટાર્ગેટ કરીને મોટો સાઈબર હુમલો કરવામાં આવ્યો છે. આ સાઈબર હુમલાની લપેટમાં ઝૂમ, બીબીસી, સીએનએન, આઈકીયા, એચએસબીસી વગેરે પણ આવી ગયા હતા. હેકરે કોઈ પણ કંપનીની સિસ્ટમને હેક નહોતી કરી પરંતુ એક થર્ડ પાર્ટી પ્લેટફોર્મ ઓપ્ટિમાઈઝલી વેબનો ઉપયોગ કર્યો હતો. આશરે ૧૭૮ જેટલી વેબસાઈટ પર ખતરનાક માલવેર મળી આવ્યો હતો, સાથે જ ક્રિપ્ટો વોલેટ અને બેન્કની વિગતોની પણ ચોરી થઈ છે.

સાઈબર હુમલા બાદ ખતરનાક માલવેર મળી આવ્યો, ક્રિપ્ટો વોલેટ અને બેન્કોની વિગતો ચોરી કરાયાની શંકા

આ સમગ્ર મામલો ૧૬મી નવેમ્બરના સામે આવ્યો હતો, આ સાઈબર હુમલામાં હેકર્સે વેબસાઈટ પર એક ખતરનાક કોડને ઈન્જેક્ટ કર્યો હતો. આ કોડ યૂઝર્સના ક્રિપ્ટોકરંસી વોલેટનું એડ્રેસ બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. સાથે જ પેમેન્ટની જાણકારી પણ ચોરી શકે અને બ્રાઉઝરની કુકીઝ તેમજ સ્ક્રીનશોટને પણ સામેલ કરી શકે છે. વિશ્વભરમાં આશરે ૧૭૮ જેટલી વેબસાઈટ્સ પર આ સાઈબર હુમલો કરવામાં આવ્યો હતો.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આઈફોન અને આઈપેડ યૂઝર્સને નિશાન બનાવવા માટે કોરન અને ડાર્કસ્વોર્ડ જેવા આઈઓએસ એક્સપ્લોઈટ કિટ પણ સામેલ હતા. આ સાઈબર હુમલામાં ક્રિપ્ટોકરંસીની ચોરી થયાનું સામે આવ્યું છે. ટ્રાન્ઝેક્શનની પણ કેટલીક જાણકારી સામે આવી રહી છે. સાઈબર એટેકમાં ઓપ્ટિમાઈઝલી વેબ પ્લેટફોર્મનો ઉપયોગ થયો છે.

ઓપ્ટિમાઈઝલી વેબ પ્લેટફોર્મ કંપનીઓની પોતાની વેબસાઈટ પર અલગ અલગ ડિઝાઈન અને ફીચર્સનું ટેસ્ટિંગની સુવિધા આપે છે. જેના માટે વેબસાઈટ પર જાવાસ્ક્રિપ્ટનો એક સ્નિપેટ લોડ કરવામાં આવે છે. આ સાઈબર હુમલાનું સૌથી ખતરનાક ફીચર ક્રિપ્ટોકરંસી વોલેટનું એડ્રેસ બદલવાનું હતું. આ ઘટના બાદ નિષ્ણાતોએ એવી સલાહ આપી છે કે જો લોકો સત્તાવાર વેબસાઈટનો ઉપયોગ કરીને પણ રૂપિયા ટ્રાન્સફર કરતા હોય તો પણ રિસીવરનું નામ, આઈડી વગેરેની ચકાસણી ખાસ કરવી જોઈએ.

'રિલીઝ થનાર ખેલાડીઓમાં મારું નામ પણ ઉમેરી દો'

ધોનીએ IPLમાંથી નિવૃત્તિ જાહેર કરી : CSKનો મેન્ટોર બનશે

ચેન્નાઈ, તા. ૧૭

ધોનીએ ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી તરીકે ૧૯ સીઝન બાદ નિવૃત્તિ જાહેર કરતા ભારતીય ક્રિકેટના ચાહકોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ધોનીની કેપ્ટનસી હેઠળ ચેન્નાઈ પાંચ વખત ચેમ્પિયન બન્યું છે.

ચેન્નાઈ સુપર કિંગ્સનાં સહમાલિક રૂપા ગુરુનાથે ધોની હવે આગામી સીઝનથી ખેલાડી તરીકે નહીં રમે તેવા તેનાં આ નિર્ણયની જાણકારી તેને કેવી રીતે મળી તેની રસપ્રદ વાત મીડિયાને જણાવી છે.

રૂપા ગુરુનાથના જણાવ્યા અનુસાર,

(અનુસંધાન ૧૦મે પાને)



વધુ વિગતો માટે જુઓ સ્પોર્ટ્સ પેજ

ધોનીએ ૧૯ સીઝનમાં પાંચ ટાઈટલ જીત્યા

એઆઈ કંપનીઓનું સર્કયુલર ધિરાણ એક ટ્રિલિયન ડોલરને પાર

દુનિયાનું અર્થતંત્ર 'એઆઈના એક જ પગ' પર ઊભું છે : આઈએમએફ ચીફ

મનિલા, તા.૧૭

વિશ્વનું અર્થતંત્ર હાલમાં એઆઈ ક્ષેત્રના જોરે આગળ વધી રહ્યું છે, પરંતુ આ ક્ષેત્ર પરની અતિશય નિર્ભરતા વૈશ્વિક નાણાકીય સ્થિરતા માટે જોખમ ઊભું કરી શકે છે. આઈએમએફના અંદાજ પ્રમાણે એઆઈ કંપનીઓ વચ્ચેનું સર્કયુલર ફાઈનાન્સિંગ વધીને એક ટ્રિલિયન ડોલરથી વધારે થઈ ગયું છે. એઆઈમાં ઝડપથી વૃદ્ધિ પામતા રોકાણે વિશ્વના અર્થતંત્રોને નવી ઝડપ પૂરી પાડી છે. પણ આ ક્ષેત્ર પર વધતી નિર્ભરતા હવે નાણાકીય સ્થિરતા માટે જોખમ બની શકે છે તેમ આઈએમએફના ચીફ જ્યોર્જિવાએ ચેતવણી આપી છે.

ઉર્જા સંકટ અને ભૂ-રાજકીય તણાવ વચ્ચે એઆઈ વૈશ્વિક અર્થતંત્રનો આધાર બન્યું છે ત્યારે આઈએમએફની ચેતવણી ચિંતાજનક

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (આઈએમએફ)ની એમડી ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું કે જો એઆઈ સેક્ટરમાં રોકાણકારોનો ભરોસો અચાનક ડગમગ્યો કે નબળો પડ્યો તો તેમા કડાકો બોલી શકે છે. આ સંજોગોમાં વિશ્વસ્તરની આર્થિક વૃદ્ધિ પર અસર પડી શકે છે અને વિશ્વના બજારોમાં અસ્થિરતા વધી શકે છે. ફિલિપાઈન્સમાં એસોસિયેશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન)ના શિખર સમેલન દરમિયાન જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે

(અનુસંધાન ૧૦મે પાને)

વિદેશી કર્મચારીઓની નિયુક્તિ વધુ મુશ્કેલ બનશે

અમેરિકાની ગ્રીન કાર્ડના નિયમો વધુ કડક બનાવવાની તૈયારી

વોશિંગ્ટન, તા.૧૭

અમેરિકાની સરકારે વિદેશી કર્મચારીઓને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ અપાવતી કંપનીઓ માટે નિયમો વધુ કડક બનાવવાની દરખાસ્ત કરી છે. અમેરિકાના શ્રમ વિભાગ અનુસાર હાલમાં ઈબી-૨ અને ઈબી-૩ કેટેગરી હેઠળ ગ્રીન કાર્ડ મેળવવા માટે પર્મ પ્રક્રિયા મહત્વપૂર્ણ છે.

કંપનીઓએ પુરવાર કરવું પડે છે કે સંબંધિત નોકરી માટે લાયક અમેરિકન કર્મચારી ઉપલબ્ધ નથી. નવી દરખાસ્ત મુજબ કંપનીઓએ પોતાની વેબસાઈટ, ઓનલાઈન જોબ પોર્ટલ અને સોશિયલ મીડિયા પર નોકરીની જાહેરાત કરવી પડશે. જાહેરાત ઓછામાં ઓછા ૯૦ દિવસ સુધી ખુલ્લી રાખવી પડશે અને અમેરિકન ઉમેદવારોને યોગ્ય તક આપવી પડશે.

નવી દરખાસ્તમાં કર્મચારીઓની છટણી બાબતે પણ કડક જોગવાઈ છે. જો કંપનીએ સંબંધિત સ્થળે છેલ્લા બે વર્ષમાં સમાન અથવા સંબંધિત હોદ્દા પર અમેરિકન કર્મચારીઓને નોકરીમાંથી કાઢ્યા હોય,તો તે પર્મ અરજી કરી શકશે નહિ.

અરજી પછી છટણી થાય તો લાયક છૂટા કરાયેલા કર્મચારીઓને તક આપવી પડશે. આવી છટણીની જાણ સંબંધિત વિભાગોને પાંચ કાર્યદિવસમાં કરવી પડશે. આ ઉપરાંત નર્સો, ફિઝિકલ થેરપિસ્ટ અને વિજ્ઞાન, કલા તથા પર્ફોર્મિંગ

(અનુસંધાન ૧૦મે પાને)

વધુ પગારવાળી નોકરીમાં અમેરિકન નાગરિકોને પ્રાથમિકતા મળશે, છટણી પ્રક્રિયા પણ મુશ્કેલ કરાઈ

ચાઈનીઝ એઆઈ કંપનીઓના તળિયા દેખાવવા લાગ્યા

અમેરિકાના પ્રતિબંધના પગલે ચીનની એઆઈ કંપનીઓમાં કડાકો

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકાએ એડવાન્સ એઆઈ ચિપના રિમોટ એક્સેસ પર પ્રતિબંધ લાદવાના પગલે અમેરિકા ઉપરાંત ચીનની કેટલીય એઆઈ કંપનીઓના શેરોમાં કડાકો બોલ્યો છે. તાજેતરમાં એનવિડિયા પ્રકરણના કારણે અમેરિકાની એઆઈ કંપનીઓના શેરોમાં ઘટાડો થયો છે. ચીને અમેરિકાએ પાંચ દેશો પર લાદેલા આ પ્રતિબંધની આકરી ટીકા કરી છે.

એપેકની બેઠક પહેલા અમેરિકાએ લાદેલા પ્રતિબંધની ચીને આકરી ઝાટકણી કાઢી

ટ્રમ્પ એપેકની શિખર પરિષદ માટે ચીન જવા રવાના થયા તેપહેલા અમેરિકાના વાણિજ્ય વિભાગે ચીન, સિંગાપોર, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા અને બ્રાઝિલમાં કરવામાં

(અનુસંધાન ૧૫મે પાને)

ડાઉ જોન્સમાં ૭૫૦ પોઈન્ટનો કડાકો

અમદાવાદ, તા. ૧૭

એનવિડિયા કંપનીનો ઘટનાક્રમ પ્રકાશમાં આવ્યા બાદ તેના પરિણામોની જાહેરાત અગાઉ અન્ય ચિપમેકર કંપનીઓના શેર પર દબાણ આવતા અમેરિકી શેરબજારમાં આજે કામકાજના પ્રારંભિક તબક્કામાં ડાઉ જોન્સમાં ૭૫૦ પોઈન્ટનો કડાકો નોંધાયો હતો.

એનવિડિયાના જેન્સન હુઆંગે સીઈઓ પદ પરથી રાજીનામું આપ્યા બાદ એનવિડિયાના શેર સતત તૂટ્યા છે. એક અહેવાલમાં જણાવાયું છે કે કંપનીનું બોર્ડ આ સીઈઓ વિરુદ્ધ રાષ્ટ્રીય સુરક્ષા તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આમ પરિણામોની જાહેરાત અને એનવિડિયા સાથે સંકળાયેલી તપાસને પગલે રોકાણકારોમાં ગભરાટ વધુ તીવ્ર બન્યો હતો. આ અહેવાલ પાછળ આજે પણ આ કંપનીના શેર તૂટવા સાથે અન્ય ચિપમેકર કંપનીઓના શેર પર પણ દબાણ આવ્યું હતું.

આ અહેવાલ પાછળ આજે અમેરિકી શેરબજારમાં કામકાજના પ્રારંભિક તબક્કામાં ડાઉ જોન્સ ૭૫૬ પોઈન્ટ તૂટીને ૫૦,૮૫૧ પર ઉતરી આવ્યો હતો. જ્યારે નાસ્ડેક કમ્પોઝિટ ૨૯૮ પોઈન્ટ તૂટીને ૨૪,૨૧૧ પર કાર્યરત હતો.

મુખ્યમંત્રી પણ હવે ૧૦ રૂપિયાના ટ્રોલ જેવું લખવા માંડ્યા

નવીદિલ્હી, તા. ૧૭

સોનિયા ગાંધીના પુસ્તક વિમોચનમાં રાહુલ ગાંધીએ માતા - પિતાના સંબંધ તેમજ બાળપણ સાથે જોડાયેલી કેટલીક યાદો વાગોળી હતી. આ બાબતે આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા સરમાએ કારણ વગર કટાક્ષ કર્યો હતો. રાહુલ ગાંધીના ભાષણ પછી કેટલાક વિરોધીઓએ એમને ટ્રોલ કર્યા હતા, પરંતુ મુખ્યમંત્રી કક્ષાની વ્યક્તિ પણ સસ્તા ટ્રોલની જેમ વર્તણૂક કરે એ નવાઈની વાત છે. સરમાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'માફ કરજો મેડમ તમારા જીવનના ખાસ દિવસે પણ તમારે શરમાવુ પડ્યું. દેશને તો આ વાત ખૂબ પહેલા જ સમજાઈ ગઈ હતી. આશા છે કે હવે તમને પણ સમજાયું હશે. આ 'પ્રોડક્ટ' હવે લોન્ચ કે રીલોન્ચ કરવાને લાયક નથી રહી.' સરમાની આ

(અનુસંધાન ૧૩મે પાને)

કુર્તાશોપ



નિર્દોષ આનંદ અને આઝાદી...ધૂળમાં રમતું બાળપણ એ જીવનનો એવો સુવર્ણ સમય હોય છે જે નિખાલસતા, આઝાદી અને પ્રકૃતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. આજના ડિજિટલ યુગમાં મોબાઈલ અને ટેલિવિઝન સ્ક્રીનની દુનિયાએ આવું બાળપણ જાણે છીનવી લીધું છે. આજના બાળકોએ માટી અને ધૂળમાં રમવાના અનેરા આનંદનો અનુભવ ભાગ્યે જ કર્યો હશે. લખોટી, ગિલ્લી -દંડા, સંતાકુકડી, પકડદાવ અને ફેરફુદરડી જેવી રમતો કુદરત સાથે જોડાણ તેમજ ચપળતા અને મિત્રતા પણ શીખવે છે. આજે જ્યારે મોટા ભાગના બાળકોના હાથમાં મોબાઈલ જોવા મળે છે, ત્યારે એકા બીજાનો હાથ પકડી ફુદરડી ખાતી બાળકીઓ બાળપણની યાદ અપાવી રહી છે. (તસવીરઃ સુરેશ મિસ્ત્રી)

ચકચારભર્યા ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં નવો વળાંક

તથ્ય પટેલના મિત્રો જુબાનીમાંથી ફરી ગયા : કોર્ટમાં કહ્યું 'કાર સ્પીડમાં નહોતી'

સાક્ષીઓ હોસ્ટાઈલ થવા છતાં કારની સ્પીડનો મુદ્દો નબળો પડે તેવી શક્યતા નહીવત્

તથ્ય પટેલના પાંચેય મિત્રો પોતાની જુબાનીમાંથી ફરી ગયા હોવાછતાં જેગુઆર કારની સ્પીડનો મુદ્દો પ્રોસીકયુશનના કેસનો નબળો પાડે તેવી શકયતા નહીવત્ છે કારણ કે, સમગ્ર દુર્ઘટના એક બાઈકચાલકના કેમેરામાં કેદ થઈ ગઈ હતી, જેની ફ્રેમ ટુ ફ્રેમ તપાસ કરીને કારની સ્પીડ નક્કી કરવામાં આવી હતી. તદુપરાંત, એફએસએલ, આરટીઓ અને કાકર કંપનીના ટેકનીકલ ડેટા અને એન્ટી બ્રેકીંગ સીસ્ટમ સહિતના પાસાઓની તપાસમાં બનાવ વખતે તથ્ય પટેલની જેગુઆર કારની સ્પીડ ૧૪૦ કિમી પ્રતિ કલાક હોવાનું અગાઉ રેકર્ડ પર આવી ચૂકયુ અને પુરવાર થઈ ચૂકયુ છે., તેથી કોર્ટમાં આવા નક્કર સાયન્ટીફિક પુરાવા અને અન્ય પ્રત્યક્ષદર્શીઓની જુબાની ચુકાદા માટે મહત્ત્વની બની રહેશે.

અમદાવાદ, મંગળવાર

ઈસ્કોન બ્રિજ પર ૧૪૧.૨૭ કિલોમીટરની બેફામ અને પૂરપાટ ઝડપે જેગુઆર કાર હંકારી એકસાથે ૯ લોકોને કચડી નાખી મોતને ઘાટ ઉતારવાના ચકચારભર્યા કેસમાં આરોપી તથ્ય પટેલઅને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ વિરૂધ્ધ અત્યારસુધીમાં કુલ ૩૮ સાક્ષીઓની જુબાની અને ઉલટતપાસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં પૂર્ણ થઈ ચૂકી છે. જો કે, આ કેસના ટ્રાયલમાં એક નવો વળાંક આવ્યો છે, જેમાં તથ્ય પટેલની સાથે અકસ્માત સમયે જેગુઆર કારમાં સાથે બેઠેલા હતા તે પાંચ મિત્રોએ જેગુઆર કારની સ્પીડ મુદ્દે પોતાની જુબાની ફેરવી તોળી છે. જો કે, નિષ્ણાતોના મતે, આ સાક્ષીઓ ફરી જવા છતાં કેસ પર કોઈ નકારાત્મક અસરો થવાની શકયતા નહિવત્ છે કારણ કે, પોલીસ પાસે સમગ્ર ઘટનાના મજબૂત સાયન્ટિફિક અને ટેકનિકલ પુરાવા છે. ૧૯ જુલાઈ ૨૦૨૩ની રાત્રે ઈસ્કોન બ્રિજ પર તથ્ય પટેલની સાથે જેગુઆર કારમાં સાથે બેસી જઈ રહેલા તેના મિત્રો માલવિકા પટેલ, શાન સોની, ધ્વનિ પંચાલ, આર્યન પંચાલ અને શ્રેયા પટેલ કેસના ટ્રાયલ દરમ્યાન કારની ઝડપને લઈ પોતાની અગાઉની જુબાનીમાંથી હોસ્ટાઈલ થઈ ગયા છે અને સરકારી વકીલે જયારે તેમની જુબાની લીધી ત્યારે તેઓએ જણાવ્યું કે, બનાવ વખતે જેગુઆર કાર સ્પીડમાં નહોતી.તેઓએ તથ્યને કાર ધીમી કરવા ટોકયો હતો. તથ્ય પટેલના આ પાંચેય મિત્રોની જુબાની કોર્ટ દ્વારા ઈન કેમેરા હાથ ધરવામાં આવી હતી. બીજીબાજુ, આ કેસના મહત્ત્વના સાક્ષી પ્રાંશુ જીતેન્દ્ર રૂપારેલે તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ વિરૂધ્ધ ફીટ જુબાની આપતાં જણાવ્યું હતું કે, તથ્ય પટેલની જેગુઆર કાર દ્વારા અકસ્માત સર્જાયો હતો અને કારમાંથી ડ્રાઈવર સીટમાંથી બહાર નીકળેલા છોકરા સાથે લોકોની ઝપાઝપી થઈ હતી. જેગુઆર કારના ચાલક તેના મમ્મી-પપ્પાને બોલાવતો હતા. તથ્ય પટેલને તેના પિતા ગાડીમાં બેસાડીને ત્યાંથી લઈ ગયા હતા. મારા બાઈકના કેમેરામાં જેગુઆર કારના ચાલકની કારને અકસ્માત થયો તેનો વિડીયો રેકોર્ડીંગ થઈ ગયુ હતુ. જે મેમરી કાર્ડ મેં પોલીસને આપ્યુ હતુ. એ પછી મેજિસ્ટ્રેટ સમક્ષ પણ ઘટના અંગે અને અકસ્માતનું વિડીયો રેકોર્ડીંગ અંગે સીઆરપીસીની કલમ ૧૬૪ મુજબ નિવેદન આપ્યુ હતુ. આમ અત્યાર સુધી તથ્ય પટેલના કેસમાં જુબાની આપનાર મોટાભાગનાએ ફીટ જુબાની આપી છે.

૧૯૧ સાક્ષીઓ પૈકી હજુ RTO ઈન્સ્પેકટર, FSL અધિકારી સહિતના સાક્ષીઓને તપાસવાના બાકી

તથ્ય પટેલ દ્વારા સર્જાયેલા ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસના ટ્રાયલમાં અત્યાર સુધીમાં ૩૮ સાક્ષીઓની જુબાની અને ઉલટતપાસ પૂર્ણ થઈ ચૂકી છે.જો કે, આ કેસમાં કુલ ૧૯૧ સાક્ષીઓ છે અને તેમાંથી હજુ આરટીઓ ઈન્સ્પેકટર, એફએસએલ અધિકારીઓ, જેગુઆર કંપનીમાંથી કારનો રિપોર્ટ તૈયાર કરનાર કર્મચારી, બનાવ નજરે જોનાર તાજના સાક્ષી સહિતના લોકોની જુબાની અને ઉલટતપાસ બાકી છે. આગામી ૨૦મી નવેમ્બરના રોજ ઈન્કવેસ્ટ પંચનામામાં હાજર રહેનારની જુબાની હાથ ધરવામાં આવશે.



૨૦૨૩ની રાત્રે ઈસ્કોન બ્રિજ પર તથ્ય પટેલની સાથે જેગુઆર કારમાં સાથે બેસી જઈ રહેલા તેના મિત્રો માલવિકા પટેલ, શાન સોની, ધ્વનિ પંચાલ, આર્યન પંચાલ અને શ્રેયા પટેલ કેસના ટ્રાયલ દરમ્યાન કારની ઝડપને લઈ પોતાની અગાઉની જુબાનીમાંથી હોસ્ટાઈલ થઈ ગયા છે અને સરકારી વકીલે જયારે તેમની જુબાની લીધી ત્યારે તેઓએ જણાવ્યું કે, બનાવ વખતે જેગુઆર કાર સ્પીડમાં નહોતી.તેઓએ તથ્યને કાર ધીમી કરવા ટોકયો હતો. તથ્ય પટેલના આ પાંચેય મિત્રોની જુબાની કોર્ટ દ્વારા ઈન કેમેરા હાથ ધરવામાં આવી હતી. બીજીબાજુ, આ કેસના મહત્ત્વના સાક્ષી પ્રાંશુ જીતેન્દ્ર રૂપારેલે તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ વિરૂધ્ધ ફીટ જુબાની આપતાં જણાવ્યું હતું કે, તથ્ય પટેલની જેગુઆર કાર દ્વારા

અગાઉ આ જ મિત્રોએ મેજિ.સમક્ષ કહ્યું હતું કે, તથ્ય પૂરપાટઝડપે કાર ચલાવી રહ્યો હતો

તથ્ય પટેલના બચાવમાં પોતાની જુબાનીમાંથી ફરી ગયેલા તેના પાંચ મિત્રોએ ખુદ અગાઉ સીઆરપીસીની કલમ-૧૬૪ મુજબ, મેજિસ્ટ્રેટ સમક્ષના નિવેદનમાં સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, અકસ્માત સમયે તથ્ય પટેલ બેફામ અને પૂરપાટઝડપે જેગુઆર કાર હંકારી રહ્યો હતો, એમે તેને કાર ધીમી કરવા ટોકયો હતો પરંતુ તે માન્યો ન હતો અને ફુલસ્પીડમાં કાર હંકારવાનું ચાલુ રાખ્યું હતું. પોલીસ સમક્ષ પણ બનાવ કાર ફુલ સ્પીડમાં હોવાનું તથ્યના મિત્રોએ જણાવ્યું હતું.

જો કે, ઘટના જેના કેમેરામાં કેદ થઈ તે બાઈકચાલકે તથ્ય વિરૂધ્ધ જુબાની આપી : તેના પિતા કારમાં બેસાડીને લઈ ગયા હતા !

એસજી હાઈવે પર ત્રણ કિમીમાં ત્રણ મુખ્ય જંકશન બંધ

કેપ્સુલ ડિઝાઈનઃ સોલા સિવિલ ચાર રસ્તા બંધ, ૧૫૦ મીટર ફરીને યુ-ટર્ન લેવો પડશે

અમદાવાદ, મંગળવાર

અમદાવાદમાં ટ્રાફિકના નિવારણ માટે મ્યુનિ. અને ટ્રાફિક પોલીસ કેપ્સુલ ડિઝાઈનની નવી તરકીબ શોધી લાવ્યા છે. જો કે મકરબા બ્રિજ સહિત કેટલાક ચાર રસ્તા પર આ ડિઝાઈન બાબતે વાહનચાલકોમાં મતમતાંર જોવા મળે છે. તેવામાં આજે સોલા સિવિલ પાસે પણ કેપ્સુલ ડિઝાઈન અમલમાં મુકાઈ છે. સોલા સિવિલ હોસ્પિટલ ચાર રસ્તા બંધ કરી દેવાતા વાહનચાલકોએ ૧૫૦ મીટર આગળથી યુ-ટર્ન લેવો પડશે.

૬૫૦ મીટરમાં બે કેપ્સુલ ડિઝાઈનથી ટ્રાફિક ઘટશે કે વધશે!

જનમાર્ગના લીધે પૂર્વમાં ત્રણ સ્થળોએ અમલવારી પર રોક

દરરોજ લાખો વાહનચાલકોની અવરજવર ધરાવતા સરખેજ ગાંધીનગર

હવે નવી અમલવારી કરાશે

*** નારોલ-નરોડા રોડ * રબારી કોલોની**
*** વિજય પાર્ક * ઠક્કરબાપાનગર**

હાઈવે પર ત્રણ કિલોમીટરમાં ત્રીજી જગ્યાએ કેપ્સુલ ડિઝાઈન લાગૂ કરાઈ છે. પેલેડિયમ મોલ અને કારગીલ પેટ્રોલ પંપ બાદ સોલા સિવિલ હોસ્પિટલ ચાર રસ્તા બેરિકેડ મૂકીને બંધ કરી દેવાયા છે. બંને બાજુના ૧૫૦ મીટરે કેપ્સુલ કટ અપાતા વાહનચાલકોએ ત્યાંથી યુ-ટર્ન લેવો પડશે. નોંધનીય છે કે, આ જ રોડ

અત્યાર સુધી શહેરના ૨૦થી વધુ જંકશન પર આ સિસ્ટમ લાગુ કરાઈ છે.

પર આશરે ૬૫૦ મીટર દૂર આવેલા કારગીલ પેટ્રોલ પંપ ચાર રસ્તા પણ બંધ કરી દેવાયા છે. એક જ કિલોમીટરમાં યુ-ટર્ન માટેના બેથી ત્રણ કેપ્સુલ કટથી ટ્રાફિક વધશે કે ઘટશે! ખાસ કરીને નાના કેપ્સુલ

અત્યારે કેપ્સુલ ડિઝાઈન અમલમાં

*** પેલેડિયમ મોલ * કારગીલ પેટ્રોલ પંપ**
*** ઈસનપુર * ગરીબનગર**
*** હીરાવાડી * હાટકેશ્વર**
*** સોલા સિવિલ**

કટના લીધે ભારે વાહનોને રસ્તો ઓળંગવામાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. અત્યાર સુધી શહેરના ૨૦થી વધુ જંકશન પર આ સીસ્ટમ લાગૂ કરાઈ છે. બેથી ત્રણ મહિના પ્રાયોગિક ધોરણે બેરિકેડ મુક્યા બાદ ડિવાઈડર બનાવાય છે. જો કે મકરબા બ્રિજ પાસે કેપ્સુલ ડિઝાઈન ફેલ જતા તંત્રએ પોતાના નિર્ણય પરથી યુ-ટર્ન લઈ ત્યાં ટ્રાફિક સિગ્નલ લગાવવા પડ્યા હતા. નવા વિસ્તારોમાં બીઆરટીએસ કોરિડોરના લીધે હાલ કેપ્સુલ ડિઝાઈનની અમલવારી અટકાવી દેવાઈ છે.

મેડ ઈન ઈન્ડિયા, લોકલ ફોર વોકલના ગાણાં વચ્ચે

આરોગ્ય કેન્દ્રો માટે મ્યુનિ. રૂ.૪૭ લાખના ચાઈનીઝ મશીન ખરીદશે!

અમદાવાદ, મંગળવાર

એક બાજુ ગુજરાતને સેમિકન્ડક્ટર હબ અને સિલિકોન વેલી બનાવવાની ગુલબાંગો હાંકવામાં આવે છે. મેડ ઈન ઈન્ડિયા, સ્વદેશી અપનાવો, વોકલ ફોર લોકલના ગાણાં ગવાય છે. પરંતુ શેઠની શિખામણ ઝાંપા સુધી હોય તેમ મેગા સિટી અમદાવાદનું મ્યુનિ. તંત્ર ખુદ આરોગ્ય કેન્દ્રો માટે રૂ. ૪૬.૭૨ લાખના ચાઈનીઝ મશીન ખરીદશે!

સેમિકન્ડક્ટર હબ બનાવાની ગુલબાંગો પણ બ્લડ રિપોર્ટના જરૂરી મશીનો માટે વિદેશ પર નિર્ભરતા

એલજી અને શારદાબેન હોસ્પિટલ, સાબરમતી, રખિયાલ, વસ્ત્રાલ, બહેરામપુરા, વિરાટનગરના કમ્યુનિટી હેલ્થ સેન્ટર અને રાણીપના અર્બન હેલ્થ સેન્ટર માટે રૂ. ૪૬.૭૨લાખના ૧૦ ચાઈનીઝ એલિસા રીડર અને વોશર મશીન ખરીદવા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. ત્યારે આ મશીન સીટી સ્કેન, એમઆરઈ વગેરે માટે જોઈતા કોઈ હેવી મશીન નથી કે જેમનું ઉત્પાદન ભારતમાં ઓછું થતું હોવાથી તેમને ચીન પાસેથી ખરીદવાની નોબત આવે! આ મશીન બ્લડ અને ફ્લુઈડ રિપોર્ટ માટે જોઈતા સાવ સામાન્ય મશીન છે. જેનો ઉપયોગ થાઈરોઈડ, ઈન્ફેક્શન, એલર્જી વગેરેની તપાસ માટે થાય છે. આવા મશીન ભારતમાં પણ બનતા હોવા છતાં મ્યુનિ. દ્વારા ગોવાના તુલીપ ડાયગ્નોસ્ટિક નામના ડીલર પાસેથી ચીનમાં બનેલા રેટો લાઈફ એન્ડ એનાલીટિકલ સાયન્સ નામની કંપનીના મશીન ખરીદાશે. ઉપરાતં ચાર વર્ષ બાદ તેની જાળવણી માટે રૂ. ૧૧ લાખ અલગથી ચૂકવાશે. આગામી દિવસોમાં આવા વધુ પાંચ મશીન ખરીદવાનું આયોજન છે. દુનિયા માટે ચિપ બનાવવાની તેમજ રેટા સેન્ટર સ્થાપવાની વાતો વચ્ચે પહેલાં દર્દીઓની સારવાર માટે આવશ્યક મશીનો બનાવાય તે જરૂરી છે.

અમદાવાદના હોટેલ, રેસ્ટોરાં, કેટરર્સ, આઈસક્રીમ પાર્લરમાં

આઈસક્રીમના નામે વેજીટેબલ ફેટમાંથી બનેલા ફ્રોઝન ડેઝર્ટનું બેરોકટોક વેચાણ

અમદાવાદ, મંગળવાર

અમદાવાદમાં પનીર, ચીઝ, બટર, ઘી બાદ હવે વેજીટેબલ ફેટમાંથી બનેલી આઈસક્રીમનું પણ બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. કેટલાક હોટેલ, રેસ્ટોરાં, કેટરર્સ, આઈસક્રીમ પાર્લર દ્વારા દૂધની આઈસક્રીમના નામે વેજીટેબલ ફેટમાંથી બનેલા ફ્રોઝન ડેઝર્ટ વેચાઈ રહ્યા છે. ફ્રોઝન ડેઝર્ટની સસ્તા ભાવે ખરીદી કરી આઈસક્રીમ તરીકે વધારે રૂપિયા પડાવી ગ્રાહકોને છેતરવામાં આવે છે. ખુદ મ્યુનિ.ના ફૂડ વિભાગે આ અંગે લોકોને ચેતવણી આપી છે.

પનીર, બટર, ઘી, ચીઝ બાદ હવે આઈસક્રીમમાં પણ ગોલમાલ! : મેન્યુ, ડિસ્પ્લે અને બિલમાં 'કાળા-ધોળા'

લેબલ પર ફોટો આઈસક્રીમનો પણ અંદરથી વેજીટેબલ ફેટમાંથી બનેલ ફ્રોઝન ડેસર્ટ નીકળે! દૂધની આઈસક્રીમના નામે બેરોકટોક આવા ફ્રોઝન ડેઝર્ટ વેચાઈ રહ્યા છે. પનીર અને એનાલોગ પનીરની જેમ આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ એક સરખા લાગતા હોવાથી સામાન્ય લોકો તેમાં તફાવત સમજી શકતા નથી. જો કે ફ્રોઝન ડેઝર્ટ એટલે વેજીટેબલ ઓઈલ કે ફેટમાંથી બનેલી આઈસ્ક્રીમ, કસ્ટર્ડ, યોગર્ટ વગેરેનું વેચાણ કાયદેસર ગણાય છે. પરંતુ તેમને ખોટી રીતે દૂધની બનાવટોના નામે વેચી શકાતું નથી. હોટેલ, રેસ્ટોરાંથી લઈને ઓનલાઈન ફૂડ બિઝનેસમાં મેન્યુ, ડિસ્પ્લે અને બિલમાં ખોટા નામની ગોલમાલ જોવા મળે છે. બીજી તરફ મધ, ટોમેટો કેચ અપ, કાળા મરી, મસાલા સહિતની વિવિધ ચીજ-વસ્તુઓમાં પણ ભરપૂર ભેળસેળ ચાલી રહી છે. ત્યારે મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા આ અંગે લોકોને ચેતવણી આપી વિવિધ એકમોમાં તપાસ હાથ ધરાઈ છે.

દિવાળીના તહેવારોમાં ૧૪૧ નમૂના લેવાયા, ૪ નાપાસ

નવેમ્બરના ૧૬ દિવસમાં ૪૭૯ એકમોની તપાસ કરી મીઠાઈ, દૂધ અને દૂધની બનાવટો સહિત ૧૪૧ નમૂના લેવાયા હતા. જેમાંથી ચાર લેબોરેટરી રિપોર્ટમાં નાપાસ થયા છે. જ્યારે બિનઆરોગ્યપ્રદ ૨૮૩૨ કિલો જથ્થો નાશ કરાયો હતો. આગામી દિવસોમાં ફક્ત ખાદ્ય પદાર્થો નહીં ખોટા લેબલ અંગે પણ તપાસ કરાશે તેવો તંત્ર દ્વારા દાવો કરાયો છે.

કઈ વસ્તુના નામે હકીકતમાં શું વેચાઈ રહ્યું છે?

કયા નામે વેચાય છે?	વાસ્તવમાં શું હોઈ શકે છે?
આઈસક્રીમ	વેજીટેબલ ફેટવાળું ફ્રોઝન ડેસર્ટ
મધ	ખાંડની ચાસણી
કેસર	રંગેલા વનસ્પતિ રેસા
ચાંદીની વરખ	એલ્યુમિનિયમની વરખ
કાળા મરી	સૂકવેલા પપૈયાના બીજની ભેળસેળ
ચીઝ	વેજીટેબલ ફેટ આધારિત વિકલ્પ
બટર	વેજીટેબલ ફેટમાંથી બનાવેલ સ્પ્રેડ
ટોમેટો કેચ અપ	સ્નેક ટચ અપના લેબલ સાથે ટામેટાના સ્વાદવાળી ચટણી
લૂઝ ઘી	વેજીટેબલ ફેટનું ઘી તરીકે વેચાણ

માવો, પનીર, ચવાણું સબ સ્ટાન્ડર્ડ, ચાંદીની વરખ અનસેફ

સબસ્ટાન્ડર્ડ	
મીઠો માવો	પટેલ ચતુરભાઈ શિવરામ, માણેકચોક
લો ફેટ પનીર	વિવેક ચાઈના ટાઉન લારી, આંબાવાડી
મિક્સ ચવાણું	શિવ શક્તિ ચવાણા એન્ડ સ્વીટ માર્ટ, વટવા
અનસેફ	
ચાંદીની વરખ	એચ એમ વરખવાલા, કાલુપુર

કોમનવેલ્થ ગેમ્સમાં શહેરને દબાણમુક્ત દેખાડવા

અમદાવાદમાં ૨૦થી વધુ પ્લોટ ઉપર હંગામી માર્કેટ! ફેરિયાઓને ખસેડાશે

અમદાવાદ, મંગળવાર

કોમનવેલ્થ ગેમ્સમાં શહેરને દબાણમુક્ત દેખાડવા મ્યુનિ. તંત્ર કામે લાગી ગયું છે. ફેરિયાઓ માટે બનાવેલી શાક માર્કેટમાં સીમિત જગ્યા હોવાથી મોટા ભાગની લારીઓ રસ્તા પર જ ઉભી રહેતી હતી. તેવામાં હવે રસ્તા પરના ફેરિયાઓને મ્યુનિ.ના ખાલી પ્લોટમાં ખસેડાશે. શહેરભરમાં આવા ૧૮થી ૨૦ પ્લોટ શોધી ફેરિયાઓને ત્યાં ખસેડવાનું શરૂ કરાયું છે.

વિસ્તાર મુજબ ખાલી પ્લોટમાં હંગામી માર્કેટ ઊભા કરાયા : શાકભાજી અને ફળોના વિક્રેતાઓને અગ્રતા

અમદાવાદ મ્યુનિ. દ્વારા આશરે ૧૯ નવી શાક માર્કેટ બનાવાઈ છે. પરંતુ તેમાં ગણતરીના ફેરિયાઓ સમાવી શકાતા હોય રસ્તા પર લારીઓની કતારો લાગે છે. ગ્રાહકો બહારથી ખરીદી કરીને જતા રહેતા હોવાથી ફેરિયાઓ શાક માર્કેટમાં બેસવા તૈયાર નથી. તેવામાં હવે રસ્તા પર ઉભા રહેતા ફેરિયાઓને પણ આસપાસમાં ખાલી પડેલા મ્યુનિ.ના પ્લોટમાં ખસેડાશે. એસ્ટેટ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ મધ્ય ઝોનને બાદ કરતા ૬ ઝોનમાં ૧૮થી ૨૦ ખાલી પ્લોટ શોધી લારીધારકો, પાથરણાંવાળાને તેમાં ખસેડવાનું શરૂ કરાયું છે. શાકભાજી અને ફળ વિક્રેતાઓને પ્રાથમિકતા અપાશે. જો કે ધીમે ધીમે અન્ય ચીજ-વસ્તુઓ વેચતા ફેરિયાઓને પણ પ્લોટમાં ખસેડાશે. બીજી બાજુ શાકમાર્કેટનો વિવાદ એટલી હદે વકર્યો છે કે શાકભાજી અને ફળ વિક્રેતાઓ બેસવા તૈયાર ન થતા આખરે મ્યુનિ. કમિશનરે ખાણીપીણીના વેપારીઓને સ્ટોલ ભાડે આપી માર્કેટ ભરવા સૂચના આપવી પડી હતી. ત્યારે તંત્ર પ્લોટમાં ફેરિયાઓને ખસેડી શકશે કે નહીં? તે મોટો પ્રશ્ન છે.

નર્સિંગ-ફીઝિયો સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

નર્સિંગમાં ૧૮૪ કોલેજને એકેય વિદ્યાર્થી ન મળ્યોઃ ૪૦૮ કોલેજમાં ૧૦ ટકા પ્રવેશ

અમદાવાદ,મંગળવાર

ધોરણ ૧૨ સાયન્સ પછીના બોર્ડ પરિણામ આધારીત નર્સિંગના કોર્સીસ અને ફીઝિયોથેરાપી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની આ વર્ષની કેન્દ્રિય પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા પુરી થયા બાદ નર્સિંગ અને ફીઝિયોથેરાપી સહિતના કોર્સીસમાં સરકારી-ખાનગી કોલેજોમાં કુલ મળીને ૩૮ હજારથી વધુ બેઠકો ખાલી રહી છે. જ્યારે નર્સિંગની ૧૮૪ કોલેજોને તો એક પણ વિદ્યાર્થી મળ્યો નથી અને ૪૦૮ કોલેજોને માંડ ૧૦ ટકા વિદ્યાર્થીઓ મળ્યા છે.

આ વર્ષે પ્રથમવાર રેકોર્ડબ્રેક ૩૮ હજારથી વધુ બેઠકો ખાલી રહી છતાં નવી કોલેજ શરૂ કરવા સંસ્થાઓ લાઈનમાં

બીએસસી નર્સિંગ,જનરલ નર્સિંગ,ઓક્ઝિલરી નર્સિંગ, ફીઝિયોથેરાપી, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, ઓર્થોટિક્સ અને ઓડિયોલોજી સહિતના ૯ જેટલા અલાઈડ એન્ડ હેલ્થ કોર્સીસ-પેરામેડિકલ કોર્સીસમાં આ વર્ષે સરકારી અને ખાનગી સહિતની ૧૧૦૦થી વધુ કોલેજોની ૫૪ હજારથી વધુ બેઠકો હતી.જેની સામે ત્રણ વાર ઓનલાઈન રજિસ્ટ્રેશન બાદ પણ ૩૬ હજાર વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. રાજ્યની પ્રવેશ સમિતિએ સરકારી-ખાનગી કોલેજો માટે ત્રણ કોમન ઓનલાઈન રાઉન્ડ કર્યા હતા. જ્યારે ત્રણ રાઉન્ડ બાદ ખાલી રહેલી બેઠકોમાંથી સરકારી કોલેજોની બેઠકો માટે પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ મુદત વધવા સાથે ૩ ઓનલાઈન રાઉન્ડ કરાયા હતા.જ્યારે ખાનગી કોલેજોને ત્રણ રાઉન્ડ બાદ પોતાની રીતે બેઠકો ભરવા સોંપી દેવાઈ હતી.

પીટીસીમાં ૧૮ હજાર વિદ્યાર્થી જતા નર્સિંગ પ્રવેશને અસર

ધો.૧૨ પછી વિદ્યાર્થીઓ બીએસસી તેમજ નર્સિંગના કોર્સીસ અને ફીઝિયોથેરાપી ઉપરાંત પીટીસીમાં પણ જતા હોય છે ત્યારે આ વર્ષે ૧૮ હજાર વિદ્યાર્થીઓ કે જેઓએ નર્સિંગ-ફીઝિયોથેરાપી માટે પણ ફોર્મ ભર્યુ હતુ અને પીટીસીની પ્રવેશ પ્રક્રિયા શરૂ થયા બાદ પીટીસીમાં પ્રવેશ લઈ લીધો છે.જેની સીધી અસર નર્સિંગના પ્રવેશને પડી છે.

નર્સિંગ કાઉન્સિલ દ્વારા નર્સિંગના કોર્સીસ માટે ૩૦ સપ્ટેમ્બર સુધીની નિયત પ્રવેશ મુદત પુરી થયા બાદ બે વાર મુદત વધારાઈ હતી.જેમાં અગાઉ ૩૦ ઓક્ટોબર સુધી અને ત્યારબાદ ૧૫ નવેમ્બર સુધી મુદત વધારાઈ હતી. ફીઝિયોથેરાપીમાં પણ વધારેલી મુદત પુરી થઈ ગઈ છે. બંને કોર્સમાં મુદત પુરી થઈ જતા રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની જાહેરાત કરી દેવાઈ છે.

પ્રવેશ પ્રક્રિયા મુદત પુરી થયા બાદ આ કોર્સીસની ૧૦૬૦ ખાનગી કોલેજોની ૫૨૭૨૬ બેઠકોમાંથી માંડ ૧૪૫૦૯ બેઠકો જ ભરાઈ છે અને ૩૮૨૧૭ બેઠકો ખાલી રહી છે.જે અત્યાર સુધીના વર્ષોમાં સૌથી વધુ છે.નર્સિંગના કોર્સીસમાં ૧૮૪ કોલેજને એક પણ વિદ્યાર્થી ન મળતા ઝીરો પ્રવેશ થયા છે.જ્યારે ૫૬ કોલેજોમાં માત્ર ૧, ૫૭ કોલેજોમાં ૨, ૫૬ કોલેજોમાં ૩, ૪૨ કોલેજોમાં ૪, ૩૩૩ કોલેજોમાં પાંચ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. ૧૩૮ કોલેજોમાં ૬થી૧૦ વિદ્યાર્થીએ જ પ્રવેશ લીધો છે. ૧૧૦ કોલેજોમાં ૧૧થી૧૫ વિદ્યાર્થીના પ્રવેશ થયા છે અને ૯૨ કોલેજોમાં ૧૬થી૨૦ વિદ્યાર્થીનો પ્રવેશ થયો છે. જ્યારે ૪૦૮ કોલેજોમાં ૧૦ ટકાથી પણ ઓછી બેઠકોમાં પ્રવેશ થયો છે.જો કે નર્સિંગની ખાનગી કોલેજો પોતાના વેકેન્ટ-મેનેજમેન્ટ ક્વોટામાં જે પ્રવેશ આપે છે તેની મંજૂરી સીધી કાઉન્સિલમાં લેવાય છે.જેથી એવા બેથીત્રણ હજાર પ્રવેશ હોઈ શકે છે.

સરકારનું કોઈ મોનિટરિંગ નહીં આડેધડ અપાતી મંજૂરીઓ

નર્સિંગમાં દર વર્ષે ૧૦૦થી વધુ નવી કોલેજોમાં માટે સંસ્થાઓ અરજીઓ કરે છે.દર વર્ષે હજારો બેઠકો ખાલી રહેતી હોવા છતાં પણ સરકાર દ્વારા મંજૂરી આપવામા આવે છે અને કાઉન્સિલ દ્વારા પણ મંજૂરી અપાય છે.કોઈ મોનિટરિંગ જ ન હોય આડેધડ અપાતી મંજૂરીઓને લીધે હાલ રાજ્યમાં નર્સિંગ કોલેજોને રાફડો ફાટ્યો છે અને એક હજારથી વધુ કોલેજો છે.હવે નર્સિંગમાં વિદ્યાર્થીઓ જ ન મળતા હોવાથી ઘણી કોલેજો બંધ થાય તેવી સ્થિતિમાં એનઓસી-મંજૂરી જ બંધ કરવી પડવી પડશે.

ગુજરાત બોર્ડની પાંચ સમિતિઓ રચાઈ

અમદાવાદ,મંગળવાર

ગુજરાત શિક્ષણ બોર્ડમાં એક્ટની જોગવાઈઓ મુજબ કારોબારી સમિતિ, પરીક્ષા સમિતિ, અભ્યાસ સમિત, શૈક્ષણિક સમિતિ અને નાણા સમિતિ સહિતની પાંચ સમિતિઓમાં સભ્યોની ટર્મ પુરી થયા બાદ નવા સભ્યોની નિમણૂંક કરી દેવાઈ છે.જેમાં ફરી એકવાર ભાજપના માનીતા એક સભ્યને કારોબારી અને શૈક્ષણિક સમિતિમાં મુકવામા આવ્યા છે.જેઓ અમદાવાદની જે સ્કૂલમાં ટ્રસ્ટી છે તે સ્કૂલનો અગાઉ વિવાદ પણ થઈ ચુક્યો છે. પરીક્ષા સમિતિમાંમાં ૭, કોરાબોરીમાં ૭, શૈક્ષણિકમાં ૬, અભ્યાસમાં ૪ અને નાણા સમિતિમાં ૬ સભ્યો નિમાયા છે.જેમાં કેટલાક સભ્યો હોદ્દાની રૂએ અને કેટલાક ચૂંટાયેલા સભ્યો હોય છે.કેટલાક સભ્યોની તો ભલામણોથી જ નિમણૂંક થાય છે.

ફરિયાદ કેમ પાછી ખેંચી નથી? કહી અપહરણનો પ્રયાસ

વસ્ત્રાપુર તળાવ પાસે ખુલ્લેઆમ ગુંડાગીરીઃ અંગત વિવાદમાં હુમલો

અમદાવાદ, મંગળવાર

વર્ષ ૨૦૨૦થી એકબીજાને ઓળખે છે તેવા ફરિયાદી અને આરોપી વચ્ચેના અંગત વિવાદમાં વસ્ત્રાપુર તળાવ ચાર રસ્તા પાસે ખુલ્લેઆમ ગુંડાગીરી આચરાતાં ટોળાં એકત્ર થયા હતા. કાયદો-વ્યવસ્થાની અંગે લોકોમાં સવાલો વચ્ચે પોલીસે ફરિયાદ નોંધી છે પણ આરોપી પકડાયા નથી.

ટ્રાફિક જામ અને ટોળાં એકઠાં થતાં ચાર શખ્સોએ ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં આવેલી ઓફિસમાં તોડફોડ કરી

સોમવારે રાત્રે ૯-૩૦ વાગ્યાના અરસામાં વસ્ત્રાપુર તળાવ પાસે ભીડભાડવાળા ચાર રસ્તા ઉપર ગુંડાગીરી અને માર મારવાની ઘટના ચર્ચાસ્પદ બની છે. વસ્ત્રાપુરના ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં રહેતા અને સેલ્ફ ડ્રાઈવ કાર ભાડે આપવાનો વ્યવસાય કરતા સૌરભ મોહનભાઈ ગુપ્તાએ સ



સાબરમતી નદીમાં પાણી બંધીયાર થતાં અનેક સ્થળે જળકુંભનો ઉપદ્રવ વધ્યો છે. અ.મ્યુ.કો.ના સફાઈ મશીન દરરોજ ટન બંધ જળકુંભ હટાવી રહ્યા છે. પાણીની અછતના એંધાણ વચ્ચે નર્મદાનું પાણી પણ રૂપિયા ખર્ચીને મળવાનું છે ત્યારે સાબરમતીમાં આવતું નર્મદાનું પાણી સ્વચ્છ રહે અને તેની બચત થાય તેવા પ્રયત્નો તંત્ર દ્વારા શરૂ થઈ ગયા છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

મુદસ્સરના બે મોબાઈલ ફોનની FSL તપાસ અનેક રહસ્યો ખોલશે

ડ્રગ્સ સપ્લાય કરવા સ્પા અને મસાજ કરતી યુવતીઓના ઉપયોગ અંગે તપાસ

અમદાવાદ, મંગળવાર

સરખેજની લબ્બેક સોસાયટીના એક બંગલામાં વર્ષ ૨૦૨૪થી ચાલતી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ ગુજરાત એનસીબીએ કર્યો છે તેમાં જોધપુર એનસીબીએ નવરાત્રિ દરમિયાન ડ્રગ્સનું નેટવર્ક પકડ્યું તેમાં ખુલેલી વિગતો મહત્વની બની છે. હવે, ડ્રગ્સ ફેક્ટરી સંચાલક મુદસ્સરના બે મોબાઈલ ફોન અનેક રહસ્યો ખોલી શકે છે. મુદસરને યુવતીઓ સાથે સંપર્ક હોવાની વિગતો ખુલી ચૂકી છે ત્યારે ડ્રગ્સ સપ્લાય કરવા સ્પા અને બોડી મસાજ કરતી યુવતીઓના ઉપયોગ અંગે પણ તપાસ કરાશે. ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનને સાંકળતા ડ્રગ્સ નેટવર્કના રહસ્યો જાણવા એનસીબી આશાવાદી છે. આરોપી મુદસરખાન અહેમદખાન પઠાણને વધુ ત્રણ દિવસના રિમાન્ડના રિમાન્ડ પર સોંપવા આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે હુકમ કર્યો છે.

જોધપુર એનસીબીએ ડ્રગ્સનું નેટવર્ક પકડ્યું તેની તપાસમાં અમદાવાદની ડ્રગ્સ ફેક્ટરીનો પર્દાફાશઃ કાફે સંચાલક મુદસ્સરના વધુ ત્રણ દિવસ રિમાન્ડ

એનસીબીના જોધપુર યુનિટે ગત નવરાત્રિ દરમિયાન રાજસ્થાનથી એમ.ડી. ડ્રગ્સ લઈને સુરેન્દ્રનગર આવતાં ત્રણ શખ્સોને પકડ્યા હતા. સુરેન્દ્રનગરનો મસાજ-સ્પા પાર્લરો થકી ગ્રાહકોને એમ.ડી. પહોંચાડાતું હતું. જોધપુર એનસીબીની તપાસમાં ડ્રગ્સના ખરીદદારોમાં અમદાવાદના મુદસરનું નામ પણ ખુલ્યું હતું. એફ.એસ.એલ.માં મોકલશે અને તેમાંથી તેના નેટવર્કના અનેક રહસ્યો ખુલે તે માટે આશાવાદી છે. મુદસરના બે સ્થાનિક સંપર્કો ઉપરાંત અગાઉ કોલ સેન્ટર તેમજ યુ.એસ. ગોપાલ, બાડમેરનો અશોક અને હનુમાન નામનો શખ્સ પકડાતાં એવો ઘટસ્ફોટ થયો હતો કે, ડ્રગ્સ સપ્લાય કરવા માટે સ્પા અને બોડી મસાજ કરતી યુવતીઓનો ઉપયોગ થાય છે. અમદાવાદ, નડિયાદ, ખેડા, આણંદ અને વડોદરા વિસ્તારના અમુક જોધપુર એનસીબીએ અમદાવાદમાં મુદસ્સર ડ્રગ્સ બનાવી રહ્યો હોવા અંગે આપેલી માહિતીના આધારે ગુજરાત એનસીબીએ સરખેજમાંથી ડ્રગ્સ ફેક્ટરી પકડી પાડી છે. હવે, ગુજરાત એનસીબીની ટીમ આરોપી મુદસરના બે મોબાઈલ ફોન એફ.એસ.એલ.માં મોકલશે અને તેમાંથી તેના નેટવર્કના અનેક રહસ્યો ખુલે તે માટે આશાવાદી છે. મુદસરના બે સ્થાનિક સંપર્કો ઉપરાંત અગાઉ કોલ સેન્ટર તેમજ યુ.એસ. ડી. ટી.ના ધંધા ચલાવતો તે મુદ્દે પણ ગુજરાત એનસીબી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની મદદ લેવાની દિશામાં આગળ ધપી રહી છે. જોધપુર અને અમદાવાદ એનસીબી ટીમની સંયુક્ત કાર્યવાહીથી ગુજરાત-રાજસ્થાન વચ્ચે ડ્રગ્સ નેટવર્કનો ભંડાફોડ થવાની પણ આશા છે.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા સરખેજ વિસ્તારમાં આવેલા બંગલાના ભોંયરામાં ચાલતી ડ્રગ્સ ફેક્ટરી પકડાવાના પ્રકરણમાં આરોપી મુદસરખાન અહેમદખાન પઠાણને વધુ ત્રણ દિવસના રિમાન્ડના રિમાન્ડ પર સોંપવા આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે હુકમ કર્યો છે. ડ્રગ્સ કેસમાં આંતરરાજ્ય સપ્લાય ચેઈન સ્થાપિત કરવા, કેસમાં નાસતા ફરતા અન્ય આરોપીઓની ધરપકડ કરવા, કેમિકલ સપ્લાયર્સની ઓળખ કરવા તેમજ ડ્રગ્સના વેચાણથી થયેલી આર્થિક લેવડદેવડ અને બેંક ટ્રાન્ઝેક્શનના પુરાવા એકત્ર કરવા સહિતના કારણો સાથે રિમાન્ડ માંગવામાં આવ્યા હતા.

ડ્રગ્સ કેસની તપાસમાં ચોંકાવનારા ખુલાસા

* રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના નૌગાંવના અકરમ ભાઈ, શેરદિલ ખાન, જુનૈદ ખાન અને મધ્યપ્રદેશના મંદસૌરના દાનિશની સંડોવણી ખુલી છે. જુનૈદના પોલ્ટ્રી ફર્મમાં જુનૈદ સાથે મળીને મેફેડ્રોન બનાવવાનો પ્રયાસ કર્યો હતો
* મુદસ્સર અહેમદખાન પોતાના અંગત વપરાશ માટે મધ્યપ્રદેશના મંદસૌરના દાનિશ પાસેથી મેફેડ્રોન ખરીદતો હતો
* મુદસ્સર પત્નીના નામે રજિસ્ટર્ડ સીટ્રોન સી-૩ કાર લઈને દાહોદ-મધ્યપ્રદેશ બોર્ડર અથવા મધ્યપ્રદેશના જાઓરા જતો હતો અનેરોકડ રકમ ચૂકવીને ડ્રગ્સની ડિલિવરી મેળવતો હતો.
* ડ્રગ્સ બનાવવા માટે જરૂરી કેમિકલ્સ આરોપીએ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન ઈન્ડિયા માર્ટ મારફતે અમદાવાદના ઓઢવ અને કઠવાડા વિસ્તારના સપ્લાયર્સ પાસેથી તેમજ લેબોરેટરી માટેના કાચના સાધનો (ગ્લાસવેર) ઓઢવ ખાતે આવેલી રૂહી અથવા જુહી નામની દુકાનમાંથી ખરીદયાની કબૂલાત કરી છે
* આરોપીના આઈસીઆઈસીઆઈ અને એસબીઆઈ બેંકમાં ખાતા છે, જ્યારે તેની પત્નીનું આઈસીઆઈસીઆઈ બેંકમાં ખાતું છે. બેઝમેન્ટ લેબોરેટરી બનાવવા અને મિલકતો વસાવવા માટે નાણાં ક્યાંથી આવ્યા તેની તપાસ શરૂ કરાઈ છે



ટીચર્સ યુનિ.માં વીસી માટે ૪૦ ઉમેદવારની અરજી

વધુ એક સરકારી યુનિ.માં કુલપતિ નિમવા ઈન્ટરવ્યુથી પસંદગી પ્રક્રિયા

અમદાવાદ,મંગળવાર

ગુજરાતની વધુ એક સરકારી યુનિવર્સિટી કુલપતિની પસંદગી માટેની પ્રક્રિયા ઈન્ટરવ્યુ પ્રથા રાખવામા આવી છે. થોડા વર્ષ પહેલા પ્રથમવાર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિની પસંદગી કરવા માટે ઉમેદવારોને રૂબરૂ બોલાવીને સ્ક્રિનિંગ-ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાઈ હતી ત્યારે હવે ગાંધીનગર સ્થિત સરકારી યુનિ.એવી ટીચર્સ યુનિ.(આઈઆઈટીઈ)ના નવા વીસીની પસંદગી માટે પણ સર્ચ કમિટી દ્વારા ઉમેદવારોને રૂબરૂ બોલાવીને ઈન્ટરેકશન કરવામા આવી રહ્યુ છે.ટીચર્સ યુનિ.માં કુલપતિ બનવા માટે ૫૫ ઉમેદવારોએ અરજી કરી છે.

દક્ષિણ ગુજરાત બાદ ટીચર્સ યુનિ.ના કુલપતિની પસંદગીમાં ઉમેદવારને ઈન્ટરેકશન માટે બોલાવાયા

ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ બનવા માટે જ્યાં રેકોર્ડબ્રેક ૧૦૦થી વધુ ઉમેદવારોએ અરજી કરી હતી ત્યારે ગુજરાત યુનિ.માં કુલપતિની પસંદગી માટે ઈન્ટરવ્યુ પ્રથા કરાઈ ન હતી એટલે કે ઉમેદવારોને રૂબરૂ બોલાવાયા ન હતા.જો કે ટીચર્સ યુનિવર્સિટીમાં નવા કુલપતિની પસંદગી માટે સર્ચ કમિટી દ્વારા ઈન્ટરવ્યુ એટલે કે ઈન્ટરેકશન સીસ્ટમ હાથ ધરાઈ હતી.જેમાં અરજી કરનારા ઉમેદવારોને રૂબરૂ બોલાવીને સ્ક્રિનિંગ કરવામા આવ્યુ હતું. જે ગુજરાત યુનિ.ના કેમ્પસમાં આવેલા બિલ્ડીંગમાં કરાયુ હતું.

ટીચર્સ યુનિ.માં કુલપતિ બનવા માટે ૫૫ જેટલા ઉમેદવારોએ અરજી કરી છે. સરકારી યુનિ.ઓમાં કુલપતિ બનવા માટે ઉમેદવારો તો અનેક છે અને અનેક અરજીઓ પણ થાય છે પરંતુ છેલ્લે કુલપતિ એ જ બને છે કે જેની પર સંઘના હાથ હોય.જીટીયુમાં પણ નવા કુલપતિ માટેની પસંદગી પ્રક્રિયામાં સર્ચ કમિટીને ૫૩ ઉમેદવારોની અરજી મળી છે.જે અગાઉ કરતા ઘણી વધારે છે.મહત્વનું છે કે થોડા વર્ષ પહેલા સૌપ્રથમવાર દક્ષિણ ગુજરાતની વીર નર્મદ સરકારી યુનિ.માં કુલપતિની પસંદગી માટે ઉમેદવારોને રૂબરૂ બોલાવાયા હતા.ત્યારબાદ હવે ટીચર્સ યુનિ. માટે હવે આ પ્રકારની રૂબરૂ સ્ક્રિનિંગ પ્રક્રિયા કરવામા આવી છે.

સાતમા માળેથી નીચે પટકાતાં ચાર વર્ષની બાળકીનું મૃત્યુ

અમદાવાદ, મંગળવાર

નવા વાડજ રામાપીર ટેકરા સેક્ટર-૩માં સાતમા માળેથી અકસ્માતે નીચે પટકાતાં ચાર વર્ષની બાળકીનું મૃત્યુ નિપજ્યું હતું. સવારે ૭-૫૦ વાગ્યાના અરસામાં સુનિલભાઈ મહરાની ચાર વર્ષની પુત્રી સ્ટીલના ટેબલને ગેલેરીમાં લઈ જઈ સાતમા માળની ગેલેરીમાંથી નીચે જોવા જતાં પગ લપસતાં નીચે પટકાઈ હતી. બાળકીનું મૃત્યુ નિપજતાં વાડજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દેશની બેંકોમાં ૬૭ હજાર કરોડ માટે કોઈએ દાવો નહીં કર્યો

ગુજરાતના ૭૮ લાખથી વધુ ખાતામાં ૨૮૩૬ કરોડની રકમ નધણિયાતી!

જૂનાગઢ, મંગળવાર

દેશભરની જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી બેંકોમાં મળીને કુલ ૬૭ હજાર કરોડથી વધુની થાપણ કોઈ દાવા વગરની પડી છે. સરકાર દ્વારા આ રકમ પરત કરવા માટે પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે તેમ છતાં હજુ સુધી તેને જોઈએ તેવો પ્રતિસાદ મળ્યો નથી. આ પૈકી ગુજરાતના ૭૮ લાખ જેટલા ખાતાઓમાં પણ ૨૮૩૬ કરોડની રકમ જમા છે. આ રકમ અંગે પણ કોઈએ દાવો કર્યો નથી ત્યારે સરકાર દ્વારા આ અભિયાન અને જિલ્લા કક્ષાએ શિબિરનું આયોજન કરવામાં આવે છે પરંતુ તેમાં લાંબી કાર્યવાહી થાય છે અને અરજદારોએ ધક્કા ખાવા પડે છે.

૧૦ વર્ષ સુધી ખાતામાં કોઈ લેવડ-દેવડ થાય તો બિનવારસુ થાપણ જાહેર કરીને RBIના ફંડમાં ટ્રાન્સફર થાય છે

બે વર્ષ સુધી કોઈ વ્યવહાર ન થાય તો ખાતું નિષ્ક્રીય ગણવામાં આવે છે અને ૧૦ વર્ષ સુધી કોઈ વ્યવહાર ન થાય તો ખાતા એવા છે જેમાં ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કોઈ વ્યવહાર થયા નથી. જાહેર ક્ષેત્રની બેંકોમાં ૫૮,૩૩૦ કરોડ અને ખાનગી ક્ષેત્રની બેંકમાં ૮૬૭૩ કરોડની રકમ જમા થયેલી છે જેનો કોઈ દાવેદાર નથી.

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના રિટેક્ટર એવા જૂનાગઢના અગ્રણી પ્રદિપ ખીમાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ૭૮ લાખ જેટલા બેંક ખાતાઓમાં ૨૮૩૬ કરોડ જેટલી રકમ જમા છે જેના પર પણ કોઈએ દાવો કર્યો નથી. તેમણે ઉમેર્યું કે, આ રકમ પરત મેળવવા માટે દાવેદારે બેંકની શાખા અથવા ઉદગમ પોર્ટલ પરથી બિનદાવા પાત્ર રકમની માહિતી મેળવી અરજી કરી શકે છે, જેમાં કેવાયસી અપડેટ કરવું પડે છે અને મૃત્યુના કિસ્સામાં વારસદારે મૃત્યુ પ્રમાણપત્ર અને કેવાયસી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. આ પ્રક્રિયા એકાદ સપ્તાહમાં થઈ શકે છે.

૧૦ વર્ષ સુધી ખાતામાં કોઈ લેવડ-દેવડ ન થાય તો તેને બિનવારસુ થાપણ જાહેર કરી આ રકમ આરબીઆઈના ડિપોઝીટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

૧૦ ખાનગી બેંકમાં જમા બિન અધિકૃત રકમ

બેંકનું નામ	રકમ(કરોડ)
આઈસીઆઈસીઆઈ	૨૦૬૩.૪૫
એચડીએફસી	૧૬૦૯.૫૬
એક્સીસ	૧૩૬૦.૧૬
કોટક મહિન્દ્રા	૫૫૮.૭૨
આઈડીબીઆઈ	૫૮૯.૭૭
જમ્મુ કશ્મીર બેંક	૩૬૩.૨૧
ફેડરલ બેંક	૩૪૭.૭૨
કર્ણાટક બેંક	૩૨૯.૮૩
સાઉથ ઈન્ડિયન બેંક	૨૮૩.૦૫
કરૂર વૈશ્ય બેંક	૨૫૮.૦૪

બિન દાવાકૃત ગણવામાં આવે છે. દેશની જાહેર અને ખાનગી ક્ષેત્રમાં બેંકોમાં લાખો

૨૦૨૪-૨૫ના અંતે જાહેર બેંકોમાં જમા બિન દાવાપાત્ર રકમ

બેંકનું નામ	રકમ(કરોડ)
ભારતીય સ્ટેટ બેંક	૧૯૬૨૧.૧૮
પંજાબ નેશનલ બેંક	૭૨૮૪.૬૮
કેનેરા બેંક	૬૬૧૯.૨૯
બેંક ઓફ બરોડા	૫૬૩૪.૭૪
યુનિયન બેંક	૫૩૦૯.૩૭
બેંક ઓફ ઈન્ડિયા	૪૧૯૧.૦૪
ઈન્ડિયન બેંક	૩૮૭૪.૫૨
ઈન્ડિયન ઓવરસીઝ બેંક	૫૦૦.૯૧
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા	૨૧૫૫.૧૮
યુકો બેંક	૧૪૦૦.૬૮
બેંક ઓફ મહારાષ્ટ્ર	૧૧૮૮.૪૫
પંજાબ એન્ડ સિંધ બેંક	૮૫૯.૬૭

કનકકલા એપાર્ટમેન્ટ-૧માં પોલીસની કાર્યવાહી

આનંદનગરના એપાર્ટમેન્ટમાં ૪૮૦ બોટલ કફ સિરપ સાથે બે ઝડપાયા

અમદાવાદ, મંગળવાર

પોશ આનંદનગરના કનકકલા એપાર્ટમેન્ટના પાર્કિંગમાં એક કારમાંથી કફસિરપની ૪૮૦ બોટલોના ચાર બોક્સ સાથે પોલીસે બે શખ્સોને ઝડપ્યા છે. કફસિરપ ક્યાં લાવ્યા, ક્યાં વેચવાનું હતું તેની તપાસ પોલીસે આરંભી છે.

નશાકારક સિરપની બોટલોના ચાર બોક્સ કારમાંથી મળ્યા? ક્યાં વેચવાની હતી તે અંગે તપાસ શરૂ

આનંદનગર પોલીસની ટીમે આનંદનગરમાં આવેલા સીમા હોલ પાસે આવેલા કનકકલા એપાર્ટમેન્ટ વિભાગ-૧ના પાર્કિંગમાં દરોડો પાડ્યો હતો. કનકકલા એપાર્ટમેન્ટમાં જ રહેતા પાવન ભરતભાઈ સોની અને વેજલપુરના રહીશ મહેબૂબ ઈબ્રાહીમભાઈ ખલીફાને સેન્ટ્રો કારમાં ચાર ખોખામાં ભરેલી કફ સિરપની ૪૮૦ બોટલો સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે ૪૮૦ બોટલમાં ૪૮ કિલો નશાકારક કોડીન ફોસ્ફેટની કિંમત ૫.૬૪ લાખ ગણી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે. બિનઅધિકૃત રીતે કફ સિરપનો જથ્થો રાખીને ગેરકાયદે વેચાણ કરવામાં આવે તે પહેલાં ઝડપી લેવાયો હતો. નશાકારક કફ સિરપ ક્યાંથી લવાયું અને ક્યાં વેચવાનું હતું તે અંગે આનંદનગર પોલીસે બન્ને આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે.

ગિરનાર પરિક્રમા પૂર્વે 'સૂડી વચ્ચે સોપારી' વનતંત્રનો ગુપ્ત કારસો

યાત્રિકોની રક્ષા માટે સિંહોને નજરકેદ કરવા કે પૂરવા 'ઓપરેશન સલામત'

જૂનાગઢ, મંગળવાર

ગિરનારની પાવનકારી લીલી પરિક્રમા શરૂ થવાને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે, ત્યારે ૧૫ લાખ જેટલા ભાવિકોની સુરક્ષા અને વન્યપ્રાણીઓના સંરક્ષણ વચ્ચે વનતંત્રની હાલત 'સૂડી વચ્ચે સોપારી' જેવી કફોડી બની છે. યાત્રિકોની સલામતીના બહાને વનવિભાગ દ્વારા જંગલના રાજા ગણાતા સિંહો અને દીપડાઓની કુદરતી દિનચર્યામાં ખલેલ પહોંચાડી, ગુપ્ત રીતે 'ઓપરેશન સલામત'ના નામે વન્યપ્રાણીઓને નજરકેદ અને સ્થળાંતર કરવાના કારસા રચવામાં આવ્યા હોવાનું સામે આવતાં વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એક તરફ ૬૦ સિંહ અને ૧૫૦ દીપડાનાં સંરક્ષણની, તો બીજી બાજુ લાખો યાત્રિકોની સુરક્ષાની એમ બેવડી જવાબદારી

વર્ષ ૨૦૨૫ની સિંહ વસ્તી ગણતરીના આંકડા મુજબ, હાલ ગિરનાર અભયારણ્યમાં ૬૦ જેટલા સિંહોનો વસવાટ છે, જ્યારે દીપડાઓની ગણતરી મુજબ અહીં અંદાજે ૧૫૦ જેટલા દીપડાઓ મુક્તપણે વિહરી રહ્યા છે. આમ, કુલ ૨૧૦ જેટલા હિંસક વન્યપ્રાણીઓના 'ઘર' એટલે કે ૩૬ કિલોમીટરના જંગલના રૂટ પર પરિક્રમા યોજાઈ રહી છે. થોડા સમય પહેલા પરિક્રમા દરમિયાન સૌપ્રથમવાર એક બાળકીને દીપડાએ શિકાર બનાવી હોવાની કરૂણ ઘટના બની હતી, જેના પગલે આ વર્ષે વનતંત્ર ફફડી ઉઠ્યું છે. પરિક્રમાના પાંચ દિવસ દરમિયાન કોઈ દુર્ઘટના ન બને તે માટે વનવિભાગે બિનસત્તાવાર રીતે કામગીરી હાથ ધરી છે. પરિક્રમાના રૂટ પર વસવાટ કરતા સિંહોને મારણની લાલચ આપી રૂટથી દૂર ખસેડવામાં આવ્યા છે અને ત્યાં જ મારણ આપીને સતત વોચ હેઠળ 'નજરકેદ' રાખવામાં આવ્યા છે. જે સિંહોના ગ્રુપ મારણ આરોગ્યા બાદ ફરી લટાર મારવાની ટેવ ધરાવે છે તેવા સિંહોને દૂર ખસેડી 'રીંગ પાંજરા'માં પૂરીને ખોરાક આપવાની ગેરકાયદેસર કામગીરી થઈ રહી હોવાની ચર્ચા છે.

કાયદાના રક્ષકો જ માનવીની આસ્થા માટે વન્યપ્રાણીઓની સ્વતંત્રતા છીનવી લે તે યોગ્ય છે? વન્યજીવપ્રેમીઓના સળગતા સવાલો

વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ મુજબ, કોઈપણ જાતના વાંક-ગુના વગર સિંહ, દીપડા કે અન્ય કોઈપણ વન્યપ્રાણીને તેમના કુદરતી નિવાસસ્થાનમાંથી ખસેડવા, નજરકેદ રાખવા કે પાંજરામાં પૂરવા એ ગંભીર કાયદાકીય ગુનો બને છે. આજે વનતંત્ર બેધારી તલવાર પર ચાલી રહ્યું છે. જો વન્યજીવોને દૂર ન ખસેડે અને ૩૬ કિમીના રૂટ પર માનવ-વન્યજીવ ઘર્ષણની કોઈ દુર્ઘટના બને તો વનતંત્રે પ્રજાના રોષનો ભોગ બનવું પડે તેમ છે. બીજી તરફ, જો વન્યજીવોને કેદ કરે તો તે ખુલ્લેઆમ કાયદાનો ભંગ છે. આ જ કારણોસર વનવિભાગ સિંહોને નજરકેદ કે રીંગ પાંજરામાં લેવાની વાતને સત્તાવાર રીતે સ્વીકારી શકતું નથી અને પડદા પાછળ ગુપ્ત ઓપરેશન ચલાવી રહ્યું છે. પર્યાવરણવિદો અને સિંહ પ્રેમીઓમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે, શું માનવીની આસ્થા અને સુવિધા માટે મૂંગા વન્યપ્રાણીઓની સ્વતંત્રતા છીનવી લેવી યોગ્ય છે ? વનતંત્ર પોતાના બચાવ માટે વન્યજીવ સંરક્ષણના કાયદાઓને નેવે મુકી રહ્યું છે જે અત્યંત નિંદનીય છે.

દંપતી વોકમાં નીકળ્યું ને મહિલાનું મંગળસુત્ર લૂંટાયું

અમદાવાદ, મંગળવાર

સોલામાં એસ.પી. રીંગ રોડ પાસે દંપતિ નાઈટ વોકમાં નીકળ્યું ત્યારે મહિલાનું મંગળસુત્ર લૂંટી બે શખ્સો પલાયન થયાં છે. શ્વેતાબહેન અને તેમના પતિ આકાશભાઈ પંચાલ નાઈટવોક કરવા સાથે પુજા માટે ફૂલ લેવા નીકળ્યા હતા. સોસાયટી અવધ હાઈલેન્ડના એ બ્લોક ગેટ પાસે પહોંચ્યા ત્યારે એક્ટિવા ઉપર બે શખ્સો આવ્યા હતા. પાછળ બેઠેલા શખ્સે શ્વેતાબહેને ૧.૨૦ લાખની કિંમતનું મંગળસુત્ર પહેર્યું હતું તે લૂંટી લીધું હતું. સોલા પોલીસે તપાસ હાથ ધરી છે.

હોર્ન માર્યું તો ગુસ્સામાં યુવકે એસ.ટી. બસનો કાચ ફોડ્યો

અમદાવાદ, મંગળવાર

ઈસ્કોન સર્કલ ઉપર હોર્ન માર્યું તો ગુસ્સામાં આવી યુવકે એસ.ટી. બસનો કાચ ફોડ્યો હતો. જયદેવભાઈ વાઘેલા એસ.ટી.ની કૃષ્ણનગર-બગસરા રૂટની બસ લઈને વહેલી સવારે ૫-૫૦ વાગ્યે ઈસ્કોન સર્કલ પહોંચ્યા હતા. પેસેન્જર લેવા બસ સાઈડમાં લેતી વખતે હોર્ન મારતાં એક શખ્સે ગાળો બોલી એસ.ટી. બસનો પાછળનો કાચ પથ્થર મારીને તોડ્યો હતો. સેટેલાઈટ પોલીસે ફતેવાડીમાં રહેતા સાહીલહુસેન શેખ (ઉ.વ. ૩૦)ને ઝડપી કાર્યવાહી કરી છે.



૧૫ ડિસેમ્બરથી કાર ઈન્શ્યોરન્સના નિયમોમાં ફેરફાર

કાર વીમા માટે યોગ્ય વિકલ્પ પસંદ નહીં કરો તો પરિવારના અન્ય સભ્યોને વીમા કવચ નહીં મળે!

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મંગળવાર

હવે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ તમામ પ્રાઈવેટ કાર અને ટુ-વ્હીલર માટે 'ફોર-લેયર'-ચાર ભાગમાં વહેંચાયેલી- એક જ કાર વીમા પોલિસી ફરજિયાત બનાવી છે. આ નવી સિસ્ટમમાં ગ્રાહકે ફોર્મમાં દરેક ભાગ માટે એટલે કે કવચ જોઈએ છે અથવા કવચ નથી જોઈતું પર અલગ અલગ ટિક કરવું પડશે. કાર વીમા પોલીસી લેનાર યોગ્ય વિકલ્પ પસંદ નહીં કરે તો અકસ્માતના સંજોગોમાં તેમના પરિવારના સભ્યોને વીમાનું વળતર મળશે જ નહીં.

પરિવારના સભ્યોને કાર એક્સિડન્ટમાં વીમા કવચ મળે તે માટે અલગથી વિગતો આપવી પડશે

પરિણામે કાર વીમો લેતી વખતે ન સમજાય તો ચાર વાર પૂછીને પોલીસીમાં ટીક માર્ક કરવાનું રહેશે. પૂછ્યા વિના પોલીસી ખરીદી લેવાની ઉતાવળ જોખમી સાબિત થઈ શકે છે. તમે ધારેલું વીમા કવચ ન મળે અને જરૂરિયાત ટાંકણે વીમા કવચ ન મળે તેવી પણ સંભાવના રહેલી છે.આ ફેરફાર પાછળ ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના સુપ્રીમ કોર્ટે 'નેશનલ ઈન્શ્યોરન્સ વિરુદ્ધ થુંગાલા ધન લક્ષ્મી' કેસમાં આપેલો ચુકાદો જવાબદાર છે. ત્રણ દાયકા જૂના આ કેસમાં કારના માલિક ટી.રામુ પોતાની જ કારમાં મુસાફર તરીકે બેસીને મુસાફરી કરી રહ્યા હતા ત્યારે એક અજાણી ટ્રકે ટક્કર મારતા તેમનું મૃત્યુ થયું હતું. કારનો 'કોમ્પ્રિહેન્સિવ વીમો' હોવા છતાં વીમા કંપનીએ એમ કહીને ક્લેમ નકારી કાઢ્યો હતો કે માલિકે પોતે મુસાફર તરીકે જોખમ આવરી લેવા માટે અલગથી પ્રીમિયમ ચૂક્વ્યું ન હતું. આ કેસમાં પહેલા તેલંગાણા હાઈકોર્ટે અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટે વીમા કંપનીની અપીલ ફગાવી દીધી હતી અને ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાને આદેશ આપ્યો હતો કે 'કોમ્પ્રિહેન્સિવ' પોલિસીમાં શું સામેલ છે અને શું નહીં તે અંગેની અસ્પષ્ટતા દૂર કરવા માટે ચાર સ્પષ્ટ ભાગમાં અલગ અલગ રજૂઆત સાથે સરળ શબ્દોમાં પોલીસીના નિયમો તૈયાર કરવા જણાવ્યું હતું.

નવી પોલિસી ૪ ભાગમાં આવશે

હવે દરેક પોલિસીમાં નીચે મુજબના ૪ સેક્શન હશે, જેમાંથી માત્ર સેક્શન-૧ અને સેક્શન-૩ મોટરકારના માલિક માટે જ ફરજિયાત છે, જ્યારે બાકીના વિકલ્પો ગ્રાહકની પસંદગી પર નિર્ભર રહેશે.

પરિવારના સભ્યો કેમ અસુરક્ષિત રહી શકે?

વીમા નિષ્ણાતોના મતે ગ્રાહકોએ સેક્શન-૨ અને સેક્શન-૩ વચ્ચેનો તફાવત સમજવો અત્યંત જરૂરી છે.

સેક્શન-૨ માં પરિવાર બાકાત છે : જો તમે કાર ચલાવતા હોવ અને અકસ્માતમાં તમારા માતા-પિતા, જીવનસાથી (પતિ-પત્નિ) કે બાળકોને ઈજા થાય કે મૃત્યુ થાય, તો સેક્શન-૨ હેઠળ નક્કી થતી લીગલ લાયેબિલિટી હેઠળ કોઈ વળતર મળશે નહીં, કારણ કે નિયમ મુજબ નજીકના પરિવારજનોને તેમાંથી બાકાત રખાયા છે. પરિવારના સભ્યોની સલામતી માટે સેક્શન-૩ હેઠળ 'ઓપ્શનલ પર્સનલ એક્સિડન્ટ કવર'નો વિકલ્પ અલગથી પસંદ કરવો પડશે. આ કવચ હેઠળ અકસ્માતમાં મૃત્યુ કે કાયમી અપંગતાનું વળતર અકસ્માતના ૬ મહિનાની અંદર પર કોઈ પણ કાનૂની દાવા વગર વીમાની રકમ ચૂકવવામાં આવે છે. તેથી હવે વાહન માલિકનું ફરજિયાત કવર માત્ર વાહન ચલાવતી વખતે જ નહીં, પરંતુ માલિક પોતાની કારમાં મુસાફર તરીકે બેઠો હોય કે વાહનમાં ચડતો-ઉતરતો હોય ત્યારે પણ લાગુ પડશે. જો માલિક પાસે માન્ય ડ્રાઈવિંગ લાઈસન્સ હોય અને વાહન વ્યક્તિગત નામે હોય.

આ ફેરફારથી કુલ પ્રીમિયમમાં મોટો ઘટાડો થવાની શક્યતા નથી કારણ કે જૂના કવચને જ નવા સ્વરૂપમાં રજૂ કરાયા છે.

ટિકિટ બારીઓ, સીસીટીવી, વેઈટિંગ એરિયા સહિતની સુવિધા

ઉધના સ્ટેશન પર ૧૫ હજાર યાત્રીની ક્ષમતા વાળુ સુવિધા કેન્દ્ર કાયમી શરૂ

અમદાવાદ, મંગળવાર

સુરત ઉધના રેલવે સ્ટેશન પર તહેવારો દરમિયાન વધતી મુસાફરોની ભીડને નિયંત્રિત કરવા માટે રેલવે દ્વારા કાયમી સુવિધા ઉભી કરવામાં આવી છે. આશરે ૧૦,૨૨૪ ચોરસ મીટરમાં બનાવાયેલા ઉભના યાત્રી સુવિધા કેન્દ્રમાં એકસાથે ૧૫ હજાર મુસાફરો રોકાઈ શકશે. ૩૧ ઓક્ટોબરથી શરૂ થયેલા આ કેન્દ્રમાં ૧૦ ટિકિટ કાઉન્ટર, બેઠક વ્યવસ્થા, શૌચાલય, પીવાનું પાણી અને બાળકોને ફિડિંગ માટે અલગ રૂમ બનાવાયો છે. આ ઉપરાંત ૩૨ મોટા પંખાઓ, ઈલેક્ટ્રિક ટ્રેન ડિસ્પ્લે અને જાહેરાત માટે ૧૪૬ સ્પીકર તેમજ મુસાફરોની અવરજવર પર નજર રાખવા ૫૫ સીસીટીવી કેમેરા લગાવાયા છે. દિવાળીથી છઠ્ઠના તહેવારો દરમિયાન આશરે ૭ લાખ મુસાફરોએ આ સ્ટેશન પરથી કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો સામનો કર્યા વિના ટ્રેનમાં મુસાફરી કરી હતી. આ સુવિધા હવે કાયમી કરવા નક્કી કરવામાં આવતા સુરતના ઉધના સ્ટેશન પરની ભીડ ઘટાડવા અને મુસાફરોને વ્યવસ્થિત રીતે ટ્રેન સુધી પહોંચાડવામાં મદદ મળશે તેવો રેલવે તંત્રનો દાવો છે.

ગુજરાત યુનિ.માં કોપર વાયરોની ચોરી : એસ્ટેટ વિભાગ નિષ્ક્રિય

અમદાવાદ,મંગળવાર

ગુજરાત યુનિવર્સિટીમાં ફરી એકવાર કોપરના વાયરની ચોરી થઈ છે. યુનિ.માં આવેલા બેડમિન્ટન હૉલમાં સેન્ટ્રલ એસી સીસ્ટમ છે ત્યારે સીસ્ટમના કંટ્રોલરૂમની બહારની બાજુએ લાગેલા કોપરના વાયર કાપની ચોરી લેવાયા છે.મળતી માહિતી મુજબ અંદાજે કોપરનો ૨૦થી૨૫ મીટર વાયર કાપીને અજાણ્યા લોકો ચોરી ગયા છે.આમ ફરી એકવાર એસ્ટેટ અધિકારી અને એસ્ટેટ વિભાગ નિષ્ક્રિય સાબીત થયા છે.યુનિ.ના કેમ્પસમાં અગાઉ પણ ૧૮ એસી ચોરાયા હતા અને હજારો રૂપિયાનો કોપર વાયર ચોરાઈ ગયો હતો.અનેકવાર ચોરીની ઘટના બને છે છતાં એસ્ટેટના અધિકારી બેદરકાર રહે છે.બીજી બાજુ સિક્યુરિટી એજન્સીની કામગીરીને લઈને પણ સવાલો ઉઠ્યા છે.યુનિ.કેમ્પસમાં હજુ પણ અજાણી વ્યક્તિઓ ઘુસી જાય છે અને અનેકવાર ઘટનાઓ બને છે.જેથી હવે નવા કુલપતિએ કેમ્પસ સિક્યુરિટી અને એસ્ટેટની કામગીરી પર વધુ ફોકસ કરવુ પડે તેમ છે.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

વાત વાતમાં

નેતાઓની 'ફળ-દાયી' ગિફ્ટો !

દિવાળીના દસ દિવસ પછી પણ ગિફ્ટમાં આવેલાં પેલાં ડ્રાય ફ્રુટ્સનાં બોક્સ હજી એમ ને એમ જ પડ્યાં છે ને ? તો ગિફ્ટનો મિનિંગ જ ના રહ્યો ને !

એટલે અમને વિચાર આવ્યો કે અમુક નેતાઓએ ગિફ્ટમાં મિનિંગ ફૂલ ફ્રુટ્સ મોકલવાં જોઈએ ! જેમકે...

* * *



કોઠું :

આખા દેશમાં ભાજપના કાર્યકરો જાણે છે કે મોદીજી કોઈને કોઠું પણ નથી આપતા ! એમાંય, હાલમાં ગુજરાતના કાર્યકરો તો ખરેખર અકળાયેલા છે !

આ હિસાબે મોદીજીએ સૌને દિવાળી ગિફ્ટમાં એક એક 'કોઠું' આપવા જેવું હતું !

* * *

કોળું :

આખે આખાં કોળાં શાકમાં જાય છે, ભૈશાબ ! ૪૮ કરોડમાં ભંગાર પૂલ બને છે, પછી એને તોડવા માટે બાવન કરોડ ખર્ચવા પડે છે ! એક્સપ્રેસ હાઈવે પર ૧૨૦ની સ્પીડે કાર ચલાવવાની છૂટ આપે છે, પણ એ જ રોડ પર મોટાં મોટાં ગાબડાં પડી જાય છે !

અરે છોટાઉદેપુર જિલ્લામાં તો મનરેગાનો આખેઆખો રોડ (એટલે કોળું) પેપરમાં બની ગયો ! આ હિસાબે ગડકરીજીએ સૌ વાહન ચાલકોને ગિફ્ટમાં એક-એક કોળું (૧૦૦ ટકા ઈથોનોલથી ભરેલું) આપવા જેવું હતું !

* * *

મરચાં :

રાહુલજી કંઈપણ બોલે તો ભાજપીઓને મરચાં લાગે જ છે ! તો એમને રાહુલજી તરફથી 'મુહોબ્બત કી મિર્ચી'નાં પેકેટો ગિફ્ટમાં આપ્યાં હોત તો સારું જ લાગત ને ?

* * *

એપલ :

નાણાં મંત્રી નિર્મલાજીએ દિવાળી ગિફ્ટમાં ડો. મનમોહનસિંહને ૩૬૫ એપલ મોકલવાં જોઈતાં હતાં ! કેમકે 'એન એપલ અ ડે, કીપ્સ ધ ડોક્ટર અવે !'

* * *

કેરી (આમ) :

પંજાબમાં ચૂંટણીઓ આવી રહી છે. પોતાની આમ આદમી પાર્ટીના કાર્યકરોને વાસ્તવિકતાનું ભાન કરાવવા માટે કેજરીવાલ એમને કેરી (આમ)... ખાસ તો 'લંગડો આમ' હજી પણ મોકલી શકે છે !

* * *

ગાજર :

દરેક નેતા દેશની પ્રજાને બારે મહિના જેટલાં 'ગાજર' બતાડે છે, એમાંથી એકેય આપ્યાં ખરાં ? બોલો.

- મન્નુ શેખચલ્લી

સિવિલ ખાતે આવેલી કેન્સર હોસ્પિટલમાં

HIV ગ્રસ્ત ૧૫૪૨ મહિલામાંથી ૩૧૯નો HPV ટેસ્ટ પોઝિટિવ

અમદાવાદ,મંગળવાર

એચઆઈવી સાથે જીવતી મહિલાઓ માટે ગર્ભાશયના મુખનું કેન્સર એક ગંભીર આરોગ્ય પડકાર બની રહ્યું છે. અમદાવાદની સિવિલ મેડિસિટીમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં એચઆઈવી સાથે જીવતી ૧૫૪૨ મહિલાઓનું એચપીવી ડીએનએ ટેસ્ટિંગ સ્ક્રીનિંગ કરાયું અને તેમાંથી ૩૧૯ મહિલાનો એચપીવી ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

એચપીવી સંક્રમણ લાંબા સમય સુધી રહેવાથી ગર્ભાશયના મુખનું કેન્સર થવાનું જોખમ વધી જાય છે

એચઆઈવી સાથે જીવતી મહિલાઓમાં હાઈ-રિસ્ક હ્યુમન પેપિલોમા વાયરસ (એચપીવી)નું સંક્રમણ લાંબા સમય સુધી રહેવાનું અને તેના કારણે સર્વાઈકલ કેન્સર થવાનું જોખમ વધુ હોય છે. ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા એચઆઈવી પોઝિટિવ મહિલાઓની નિયમિત સારવાર સાથે સર્વાઈકલ કેન્સરનું સ્ક્રીનિંગ પણ જોડવાની પહેલ હાથ ધરવામાં આવી છે. આ પહેલ હેઠળ અત્યારસુધીમાં ૧,૫૪૨ મહિલાઓના એચપીવી ડીએનએ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૧૯ મહિલાઓમાં એચપીવીનું સંક્રમણ જોવા મળ્યું છે. જ્યારે ૯૪ મહિલાઓમાં કેન્સર પહેલાંની સ્થિતિ અને એક મહિલામાં સર્વાઈકલ કેન્સરનું પ્રારંભિક તબક્કે નિદાન થયું છે.

સ્ક્રીનિંગ બાદ વધુ તપાસ માટે ૧૫૦ મહિલાની કોલોપોસ્કોપી કરાઈ હતી. ગર્ભાશયના મુખ પર કેન્સર પૂર્વેની સ્થિતિ ધરાવતા ૯૪ કિસ્સા મળી આવ્યા હતા. આમ, મહિલાઓના આ સમૂહમાં એચપીવી પોઝિટિવિટીનો દર ૨૦.૬૯% નોંધાયો હતો, જે ગુજરાતની શહેરી સામાન્ય વસ્તીમાં નોંધાયેલા ૪.૮૨% અને ગ્રામ્ય સામાન્ય વસ્તીમાં નોંધાયેલા ૫.૨૨% દર કરતાં નોંધપાત્ર રીતે ઊંચો છે. આ આંકડા દર્શાવે છે કે, એચઆઈવી સાથે જીવતી મહિલાઓ માટે આવું લક્ષિત સ્ક્રીનિંગ કેટલું મહત્ત્વપુર્ણ છે.

અનેક ઉમેદવારોએ વર્ગ ૨ અને ૩માં સફળતા મેળવી

એમ જે લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા 'પ્રજ્ઞાચક્ષુ' ઉમેદવારો

અમદાવાદ, મંગળવાર

સામાન્ય રીતે આપણે એવું માનતા હોઈએ છીએ કે લોકો લાઈબ્રેરીમાં વાંચવા માટે જાય છે. વાંચન માટે આંખો જરૂરી છે. પરંતુ અમદાવાદની ઐતિહાસિક એમ.જે. લાઈબ્રેરીમાં પ્રજ્ઞાચક્ષુઓ પણ આવે છે. આંખેથી જોઈ ન શકતા લોકો લાઈબ્રેરીમાં આવીને શું કરતા હશે? આવા સભ્યો માટે અહીં પુસ્તકો સાંભળવાની વ્યવસ્થા કરાઈ છે! તેનાથી વધારે આશ્ચર્યની બાબત એ છે કે મોટાભાગના પ્રજ્ઞાચક્ષુ સભ્યો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે અને તેમાંથી અનેક ઉમેદવારોએ વર્ગ ૨ અને ૩ની પરીક્ષાઓમાં સફળતા પણ મેળવી છે.

દર વર્ષે ૧૪૦૦થી વધારે પ્રજ્ઞાચક્ષુઓ અહીં જનરલ નોલેજ અને વિષયવસ્તુના પુસ્તકો સાંભળવા આવે છે!

૧૯૩૮માં સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરાયેલી અમદાવાદના એલિસ બ્રિજ પાસે આવેલી એમ.જે. લાઈબ્રેરીમાં આજે ૮ લાખથી વધુ પુસ્તકોનો વિશાળ સંગ્રહ છે. લાઈબ્રેરીના ૨૬,૮૮૪થી વધારે સભ્યો નોંધાયેલા છે. આ ઐતિહાસિક લાઈબ્રેરીમાં વર્ષ ૨૦૧૩થી પંડિત સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ શ્રાવ્ય વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. એટલે કે પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો પણ આ લાઈબ્રેરીનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે! લાઈબ્રેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૧૬૦૩ પ્રજ્ઞાચક્ષુ લાભાર્થીઓ આવ્યા હતા. દરરોજ સરેરાશ ૧૦થી ૧૨ પ્રજ્ઞાચક્ષુઓ લાઈબ્રેરીમાં પુસ્તકો સાંભળવા માટે આવે છે. આ વ્યવસ્થા સંપૂર્ણ વિનામુલ્યે છે. સૂત્રો વધુમાં જણાવે છે કે, કુલ સભ્યોમાંથી આશરે ૯૦ જેટલા સભ્યો ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના આશયથી આવે છે. અંદાજ અનુસાર વર્ષે ૧૪૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓ લાઈબ્રેરીમાં આવીને સરકારી વિભાગો, બેન્ક, એલઆઈસી, ટેલિકોમ કંપનીઓ, વીમા કંપનીઓ વગેરેની પરીક્ષાઓની તૈયારીઓ કરે છે. અહીં આવતા સભ્યો પૈકી અનેક પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો વર્ગ ૨ અને ૩ની સરકારી નોકરી સુધી પહોંચી ગયા છે.

પરીક્ષાની તૈયારી માટે ૩૫૦૦થી વધુ ઓડિયો સીડી તૈયાર કરાઈ

પ્રજ્ઞાચક્ષુઓની માંગ મુજબ પુસ્તકની સીડી તૈયાર કરાય છે

એમ.જે. લાઈબ્રેરીના ગ્રંથપાલના જણાવ્યા અનુસાર જે સાહિત્ય હાજર હોય એટલું જ પ્રજ્ઞાચક્ષુઓને આપવામાં આવે છે એવું નથી, પરંતુ પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારો ઈચ્છા વ્યક્ત કરે એ મુજબ પુસ્તકોની ઓડિયો સીડી પણ તૈયાર કરી આપવામાં આવે છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાથી લઈને સાહિત્ય સુધીના પુસ્તકોનો સમાવેશ થાય છે.

પુસ્તકો રૂપે ૪૫૧૨ ઓડિયો સીડી અને અદ્યતન ઉપકરણો

પ્રજ્ઞાચક્ષુ સભ્યો માટે એમ.જે. લાઈબ્રેરીમાં ૪૫૧૨ ઓડિયો સીડી તૈયાર કરાઈ છે. જેમાંથી ૧૨૨૭ સીડી વેબસાઈટ પર અપલોડ કરાઈ છે. વાંચકો માટે અહીં સીડી પ્લેયર, હેડફોન, એન્જલ ડિવાઈસ અને કમ્પ્યુટરની સુવિધા ઉભી કરવામાં આવી છે.

રેલવેની રિઝર્વેશન સિસ્ટમને આખરે અપગ્રેડ કરાઈ

ગુજરાત સહિત દેશની ૨,૨૦૦થી વધુ ટ્રેનો નવી રિઝર્વેશન સિસ્ટમ સાથે જોડાઈ

અમદાવાદ, મંગળવાર

ભારતીય રેલવે દ્વારા ટિકિટ બુકિંગની પ્રક્રિયાને વધુ ઝડપી અને સરળ બનાવવા માટે જૂની રિઝર્વેશન સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવી રહી છે. આ અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાત સહિત દેશની ૨,૨૦૦થી વધુ ટ્રેનોને નવી પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ સાથે જોડવામાં આવી છે.

૪૦ વર્ષ જૂની સિસ્ટમને તબક્કાવાર બદલાશે, એક મિનિટમાં ૧.૫૦ લાખ ટિકિટ બુકિંગની ક્ષમતા

ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ થયેલી આ કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. જૂની પીઆરએસ સિસ્ટમ આશરે ૪૦ વર્ષ જૂની ટેકનોલોજી પર આધારિત હતી અને તેની એક મિનિટમાં ૨૫ હજાર ટિકિટ બુકિંગ કરવાની ક્ષમતા હતી. જેની સામે નવી સિસ્ટમ એક મિનિટમાં ૧.૫૦ લાખ ટિકિટ બુકિંગ કરવાની ક્ષમતા ધરાવે છે. નવી સિસ્ટમના અમલથી ટિકિટ બુકિંગની પ્રક્રિયા વધુ ઝડપી બનવાની સાથે એકસાથે મોટી સંખ્યામાં બુકિંગનો ટ્રાફિક સંભાળવામાં મદદરૂપ બનશે. ખાસ કરીને તહેવારો અને વેકેશન દરમિયાન ટિકિટ બુકિંગ માટે વધતા ધસારાને પહોંચી વળવામાં આ સિસ્ટમ ઉપયોગી બનશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન-૩)ના તાલુકા ગાંધીનગરના ગામ મોજે રતનપુરની સીમના રી-સર્વે અનુસાર સર્વે નંબર-૨૭ (જુના સર્વે નંબર-૧૧) ની કુલ ૧૪૦૨૬ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલ ૨૨૯૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જૂની શરતની ખેતીની જમીન (૧) જયંતિજી બબાજી (૨) ઉમેદજી બબાજી (૩) સુરેશજી સતિષભાઈ (૪) સેજલબેન સતિષભાઈ (૫) શાંતાબેન તે જીવણજીની વિધવા ઔરત (૬) સોમીબેન જીવણજી તથા (૭) અલ્કેશ જીવણજીએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૩૬

તારીખ-૧૮/૧૧/૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ મહેસાણાના સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકા કડીના ગામ મોજે થોળની સીમનાં રી-સર્વે અનુસારનાં નવા સર્વે નંબર-૧૮૨૮ (જુના સર્વે નંબર-૨૨૦/૧) ની હે-આરે-ચોમી ૦-૩૯-૧૫ યાને કે ૩૯૧૫ ચોરસમીટરની આકાર રૂા.૧-૦૫ પૈસાવાળી ખાતા નંબર-૪૩૧૧ ધરાવતી જુની શરતની ખેતીની જમીન હર્ષદભાઈ આત્મારામ પટેલ રહેવાસી-પ્લોટ-૧૪, અંબિકાનગર, રાંધેજા, તાલુકો તથા જીલ્લો ગાંધીનગરનાંએ તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

તારીખ : ૧૭-૧૧-૨૦૨૬

વિનોદ સી. દરજી
એડવોકેટ

૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

જાહેર નોટિસ

મોજે- હાથીજણ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) વટવા તાલુકાના મોજે - હાથીજણ ગામની સીમના સર્વે નં. ૬૭૪ ની હે.આરે.ચો.મી. ૦-૦૪-૦૫ ની જમીનને ટી.પી. સ્કીમ નં. ૪૧૭/બ (હાથીજણ - ગેરતનગર) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટનં. ૯૨ ની ચો.મી. ૩૦૦ ની ખેતીની જમીન કરીમમીયાં રસુલમીયાંની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૮-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES

ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.

મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખોડાભાઈ વશરામભાઈ પટેલ(માથોલીયા), રહેવાસી-સુરેન્દ્રનગરનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે માણકોલની સીમના સર્વે/બ્લોક નંબર-૧૯૬૩/૧/૨૩/૯ ની ૨૮૩૩ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ જમીન અંગે ઉપરોકત જમીનમાલિકે તારીખ ૧૩-૦૪-૨૦૨૩ તથા તારીખ ૨૧-૦૬-૨૦૨૩ ના રોજ સબરજીસ્ટ્રારશ્રી સાણંદની કચેરીમાં અનુક્રમ નંબર-૧૪૯૩૩ થી નોંધાયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ AUR- OUS REALTY VENTURES LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલ છે.ઉપરોકત જમીનમાલિકે સદરહુ જમીન ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સહિતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કોસહિત સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૭-૧૧- ૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.

ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખોડાભાઈ વશરામભાઈ પટેલ, રહેવાસી-સુરેન્દ્રનગરનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમ

Hero

ખુશીઓની સફર

Splendor+

FILL IT. SHUT IT. FORGET IT.

મેળવો સોનામાં સિક્કા અને બધું બધું મુનાફાનો બોનસ*

ઓન-રોડ ડિસ્કાઉન્ટ
₹10 000* સુધીનું

card
pine labs

બમ્પર ફાઇનેન્સ ઓફર
₹6 999* થી શરૂ

ફ્રિમિયમ એસેસરીઝ બમ્પર
₹2 200* સુધી

Hero GoodLife

Also Available on:
Flipkart amazon.in

TOLL FREE
1800 266 0018

જથ્થાબંધ/સંસ્થાકીય પૂછપરછ માટે, અમને આ સરનામે લખો: institutionalsales@heromotocorp.com | CSRનાં ઉપક્રમો

Authorised Dealers: Ahmedabad: Ambawadi: Shradha Hero - Ph: 6359002562, Bopal: Raj Hero - Ph: 6359210436, CTM: Rajdeep Hero - Ph: 6359002511, Gota: Shradha Hero - Ph: 6359002556, Lambha: Shradha Hero - Ph: 6359002556, Memnagar (Karnavati): Rajdeep Hero - Ph: 6359002511, Narol: Rajdeep Hero - Ph: 6359002511, Navrangpura: Bikes Hero - Ph: 6359002553, Nikol: Mann Hero - Ph: 9879088001, RTO Circle: Chiranjiv Hero - Ph: 6359002507, Sanand: Bikes Hero - Ph: 6359002565, Sarkhej: Raj Hero - Ph: 6359002435, Anand: Chikhodra Road: Prakash Hero - Ph: 6359002537, Lambhvel Road: Legacy Hero - Ph: 6359002538, Anjar: Shiv Shakti Hero - Ph: 9601726782, Ankleshwar: Arya Hero - Ph: 6359002541, Asnabi: Nanmil Hero - Ph: 6359002554, Bardoli: Vankaria Hero - Ph: 6359002536, Bharuch: Vimala Hero - Ph: 6359002529, Bhavnagar: Chitra: Patel Hero - Ph: 6359002512, Crescent Circle: Capital Hero - Ph: 6359002508, Bhuj: S. D. Hero - Ph: 6359002480, Botad: Patel Hero - Ph: 6359002551, Chhatral: Sugnaraj Hero - Ph: 6359002542, Dahod: Shree Laxminarayan Hero - Ph: 6359002543, Gandhidham: Quality Hero - Ph: 6359002549, Gandhinagar: Nanda Hero - Ph: 6359002528, Godhra: Century Hero - Ph: 6359002550, Gondal: Everest Hero - Ph: 6359002554, Halvad: Shivaji Hero - Ph: 6359002541, Himmatnagar: Harsidha Motors - Ph: 6359002531, Jamnagar: Saru Section Road: Karan Hero - Ph: 6359002570, Hapa: Gokul Hero - Ph: 6359002561, Jamkandorna: Ashok Hero - Ph: 6359002512, Junagadh: Jagdish Hero - Ph: 6359002558, Mahuva: Bagadiya: Umiya Hero - Ph: 6359002544, Radhanpur Road: Umiya Hero - Ph: 6359002548, Kalol: Shakti Hero - Ph: 6359002560, Kamrej: Shubham Hero - Ph: 6359002570, Mahesana: Vinay Hero - Ph: 6359002525, Modasa: Pavan Hero - Ph: 6359002529, Morbi: Jai Ganesh Hero - Ph: 6359002547, Navsari: Metro Hero - Ph: 6359002555, Nadiad: Hariom Hero - Ph: 6359002547, Porbandar: Patanjali: Barkhi Hero - Ph: 6359002510, Sihor: Hero - Ph: 6359002543, Rahej: Sunny Hero - Ph: 6359002525, Porbandar: Jayshree Hero - Ph: 6359002549, Rajkot: Dumbai Road: Jay Kay Hero - Ph: 6359002515, Vanch: Perfect Hero - Ph: 6359002535, 150 Ft. Ring Road: Jai Ganesh Hero - Ph: 6359002567, Rajkot: Kuvadva Road: Gogiwadi Motority - Ph: 7600001012, Shivpar: Anil Motors - Ph: 6359002529, Surat: Adajan Road: Jalaram Hero - Ph: 6359002527, Surat: Tapi Motors - Ph: 7698758000, Kosamper: Sadguru Hero - Ph: 6359002562, Pune-Kumbharia Road: Shivaat Hero - Ph: 6359002753, Udhna: Sadguru Hero - Ph: 6359002559, Ring Road: Ok Hero - Ph: 6359002512, Vallabhipur: Rajdeep Hero - Ph: 9601726782, Surendranagar: Jai Ganesh Hero - Ph: 6359002544, Vallabhipur: Pandya Bridge: Century Hero - Ph: 6359002512, Rajampore: Century Hero - Ph: 6359002513, Sultanpore: Century Hero - Ph: 6359002512, Bahumandji Road: Kavadiyagh: Kumar Hero - Ph: 6359002538, Dandia Bazar: Kumar Hero - Ph: 6359002559, S P Road: Kumar Hero - Ph: 6359002552, Sumi: Kumar Hero - Ph: 6359002552, Mahesana: Jaydeep Hero - Ph: 6359002539, Vapi: Meera Hero - Ph: 6359002551, Shanti Hero - Ph: 6359002530, Visnagar: Auto World Hero - Ph: 6359002555, Valsad: Jagdish Hero - Ph: 6359002555, Valsad: Shanti Hero - Ph: 6359002524, Dhar: Bindhaseswary Hero - Ph: 6359002536, Ujjain: Wheel Hero - Ph: 6359002732.

ફેફસાંની સમસ્યા ધરાવતા દર્દીઓમાં સતત વધારો

વધતાં જતાં પ્રદૂષણથી હવા ઝેરી બની : ફેફસાંથી કેન્સરનું જોખમ

અમદાવાદ, મંગળવાર

હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધે એટલે સામાન્ય રીતે આંખોમાં બળતરા, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ કે એલર્જી જેવી સમસ્યાઓની ચિંતા થતી હોય છે, પરંતુ હકીકતમાં પ્રદૂષિત હવાની અસર આટલી મર્યાદિત નથી. હવાની ગુણવત્તા દર્શાવતો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) કથળે ત્યારે તેની સીધી અસર માનવ શરીરના સૌથી મહત્ત્વના અંગોમાંના એક ફેફસાં પર પડે છે. ખાસ કરીને શિયાળાની તુમાં અનેક શહેરોમાં વધતા વાયુપ્રદૂષણ વચ્ચે હવે ફેફસાંના રોગો ઉપરાંત કેન્સરના જોખમની પણ સંભાવના વધી જાય છે.

વાહનોનો ધુમાડો, બાંધકામની ધૂળ, ઔદ્યોગિક ઉત્સર્જન, કચરો બળવાથી ભળતા સૂક્ષ્મ રજકણો શ્વાસ માટે જોખમી

૧૮ નવેમ્બરનો દિવસે ભૅંધ ડે એટલે કે ક્રોનિક ઓબ્સ્ટ્રેક્ટિવ પલ્મનરી ડિસીઝ દિવસ તરીકે ઓળખાય છે ત્યારે ફેફસાંના આ રોગ અંગે જાગૃતિ લાવવા માટે દુનિયાભરમાં પ્રયાસો થઈ રહ્યાં છે. એક સમયે સીઓપીડીને મુખ્યત્વે ધુમ્રપાન કરનારાઓનો રોગ માનવામાં આવતો હતો પરંતુ હવે હવાનું પ્રદૂષણ, વાહનોનો ધુમાડો, બાંધકામની ધૂળ, ઔદ્યોગિક પ્રદૂષણ અને ઘરની અંદર થતા ધુમાડાના લાંબા ગાળાના સંપર્કને પણ તેના મહત્વના કારણ તરીકે જોવામાં આવે છે. ભારતમાં અંદાજે ૫ કરોડ લોકો શ્વાસ સંબંધિત લાંબા ગાળાની સમસ્યાઓથી પીડાય છે. તેમાંથી ૧૦ ટકા જેટલા એટલે કે ૫૦ લાખ લોકો સીઓપીડી એટલે કે ફેફસાંના રોગથી પીડાતા હોવાનો અંદાજ છે.

સિવિલ હોસ્પિટલનાં સુપ્રિન્ટેન્ડન્ટ ડો રાકેશ જોશીએ જણાવ્યું કે,' સિવિલમાં પલ્મોનોજી વિભાગની ઓપીડીમાં મે મહિનાથી લઈને ૧૧ નવેમ્બર સુધીમાં ૨૫,૬૩૫ દર્દીઓ શ્વાસ સંબંધિત સમસ્યાઓ લઈને આવ્યા હતાં. જ્યારે દાખલ થયેલા દર્દીઓનો આંકડો ૨૬૪૨ જેટલો થવા જાય છે. આ ઉપરાંત આ માટે થતા સ્પાયરોમેટરી ટેસ્ટની સંખ્યાની વાત કરીએ તો ઓક્ટોબરમાં ૧૮૧૭ જ્યારે નવેમ્બરમાં અત્યાર સુધીમાં ૪૧૨ ટેસ્ટ કરાયા છે.'

ગુજરાતમાં ૧૦૮ ઈમરજન્સી સેવાના આંકડા મુજબ ૨૦૨૫માં શ્વાસ સંબંધિત તકલીફોના ૧.૨૯ લાખથી વધુ ઈમરજન્સી કોલ નોંધાયા હતાં. તેમાંથી અમદાવાદમાં સૌથી વધુ ૩૧,૧૬૨ કોલ હતાં. જો કે આ આંકડા શ્વાસ સંબંધિત તમામ ઈમરજન્સીના છે. માત્ર સીઓપીડી દર્દીઓના નથી તેમ છતાં તે શહેરમાં શ્વસન સંબંધિત આરોગ્ય સમસ્યાની ગંભીરતા દર્શાવે છે.

પ્રદૂષિત હવા કઈ રીતે ફેફસાંને નુકસાન પહોંચાડે છે?

પ્રદૂષિત હવામાં રહેલા સૂક્ષ્મ રજકણો અને હાનિકારક રસાયણો શરીરમાં ઓક્સિડેટિવ સ્ટ્રેસ પેદા કરી શકે છે. તેના કારણે ફેફસાંના કોષોમાં લાંબા સમય સુધી સોજો રહેવાની સાથે તેમના ડીએનએને નુકસાન પહોંચી શકે છે. સમય જતાં કોષોમાં થતા ફેરફારો કેન્સર થવાની સંભાવના વધારી શકે છે.

જો જય શાહ

(છેલ્લા પાનાનું ચાલુ)

નોંધનીય છે કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં પણ ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી અનાર પટેલનું નામ ચર્ચામાં હતું, પરંતુ અંતિમ સમયે અમિત શાહ જ આડખીલી બન્યા હતાં અને અલ્પેશ ઠાકોરને ટિકિટ આપી દેવાઈ હતી પરિણામે આનંદીબેનનું સપનું રોળાયું હતું. હવે ફરી એકવાર બે દિગ્ગજ નેતાઓના સમર્થકો વચ્ચેની આ ખેંચતાણથી ગુજરાતનું રાજકારણ ગરમાયું છે.હાલ તો આ તમામ બાબતો રાજકીય ગલિયારાઓમાં ચાલતી અટકળો અને ચર્ચાઓ પૂરતી સીમિત છે, પરંતુ જો આ ખેંચતાણ વધુ તીવ્ર બનશે તો આગામી દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી કયો વચલો રસ્તો કાઢે છે તેના પર સૌની નજર રહેશે.

૧૧ વર્ષ બાદ

(છેલ્લા પાનાનું ચાલુ)

આંદોલનકારીઓની રાજનીતિ હોઈ શકે છે. વડાપ્રધાન મોદીની મુલાકાત બાદ ભૂપેન્દ્ર પટેલના સ્થાને કયા પટેલને મુખ્યમંત્રી બનાવવા તેની કવાયત તેજ બની છે. સાથે સાથે હર્ષ સંઘવીનું નામ પણ નક્કી છે. આ રાજકીય સમીકરણોને જોતાં અનામત આંદોલનના કારણે આનંદીબેનને મુખ્યમંત્રીની ખુરશી છોડવી પડી તે મુદ્દો ચગાવી પાટીદારોની સહાનુભૂતિ જીતવા ગોઠવણ પાડવામાં આવી છે.

આનંદીબેનના બહાને પાટીદાર યુવા નેતાઓ હાઈકમાન્ડને આડકતરો સંદેશ આપવા માંગે છેકે, મુખ્યમંત્રીપદે પટેલને બરકરાર રાખો. આ આખીય સોચીસમજી રણનીતિનો ભાગ છે. વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે આનંદીબેન જૂથ સક્રિય થયુ છે. એટલુ જ નહીં, ફરી એકવાર પાટીદાર યુવાનો પર ગોળીબાર કરનાર કોણ છે એ મુદ્દો ચગાવવામાં આવ્યો છે. આ જોતાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આનંદીબેન જૂથના નિશાને પર છે.

ટૂંકમાં, ભાજપાની આંતરિક જૂથબંધી ચરમસિમાએ છે. એટલે જ કોળી બાદ પાટીદારો મેદાને પડ્યાં છે.

ટેકનિકલ શિક્ષણમાં ચાલતો અંધેર વહીવટ

સરકારી ઈજનેરી અધ્યાપકોને Ph.D માં પ્રવેશ લીધાના ૧થી૨ વર્ષે સરકારનું NOC

અમદાવાદ,મંગળવાર

ટેકનિકલ શિક્ષણના અધ્યાપકોની પીએચડી ડિગ્રીને લઈને અનેકવાર ફરિયાદો ઉઠી ચુકી છે અને વિવાદો સામે આવી ચુક્યા છે ત્યારે રાજ્યની સરકારી ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી કોલેજોના ૧૮૯ અધ્યાપકોએ પીએચડીમાં પ્રવેશ લઈ લીધો અને એકથીબે વર્ષ થવા આવ્યા ત્યારે હવે સરકારે એકસ્ટર્લનમાં પીએચડી અભ્યાસ માટે મંજૂરી-એનઓસી આપી છે.મહત્વની વાત તો એ છે કે ૧૮૯માંથી ૧૭૦થી વધુ અધ્યાપકોએ તો જીટીયુને બદલે ખાનગી યુનિ.ઓ અને તેમાં પણ કેટલીક વિવાદીત યુનિ.ઓમાં પ્રવેશ લીધો છે.

ડિગ્રી-ડિપ્લોમાના ૧૮૯ શિક્ષકોમાંથી ૧૭૦થી વધુએ જીટીયુને બદલે ખાનગી યુનિ.ઓમાં જ પ્રવેશ લીધો છે

ઉચ્ચતર પગાર ધોરણથી માંડી બઢતી અને સીનિયોરિટી સહિતના લાભો માટે ટેકનિકલ શિક્ષણના અને ખાસ કરીને સરકારી ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી,ફાર્મસી કોલેજોના અધ્યાપકોએ પીએચડીની ડિગ્રી મેળવવી ફરજીયાત હોય છે ઉપરાંત આચાર્ય તરીકે નિમણૂંક માટે પણ પીએચડી ફરજીયાત છે.જેથી રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતા અનેક અધ્યાપકો વિદ્યાર્થીઓને ભણાવવા સાથે એક્સટર્નલમાં પીએચડી કરતા હોય છે. તાજેતરમાં સરકારના ટેકનિકલ શિક્ષણ કમિશનર કચેરીએ ડિપ્લોમાની સરકારી-ગ્રાન્ટેડ કોલેજોના ૧૧૭ અધ્યાપકોને પીએચડી અભ્યાસ માટે મંજૂરી-એનઓસી(નો એબ્જેક્શન સર્ટિફિકેટ) આપી છે. જ્યારે ડિગ્રી ઈજનેરી સરકારી કોલેજોના ૭૨ અધ્યાપકોને પણ પીએચડી અભ્યાસ માટે મંજૂરી-એનઓસી સરકારે આપી છે.

મહત્વની અને આશ્ચર્યની વાત એ છે કે આ ૧૮૯ અધ્યાપકોમાંથી ઘણા અધ્યાપકોનું પીએચડી પ્રવેશનું વર્ષ ૨૦૨૪ છે તો કેટલાક અધ્યાપકોનું પીએચડી પ્રવેશનું વર્ષ ૨૦૨૫ છે.આમ પીએચડીમાં પ્રવેશ લઈ લીધાના એકથીબે વર્ષે સરકારે એનસીઓ આપી છે.જો સરકારને પીએચડી અભ્યાસ સામે વાંધો પણ હોય તો કઈ રીતે ના પાડી શકે કારણકે પ્રવેશ તો લઈ લીધા છે. સરકારી ઈજનેરી કોલેજોના આ અધ્યાપકો જે યુનિ.ઓમાંથી પીએચડી કરે છે તે યુનિ.ઓમાં ગણપત,મોનાર્ક, આર.કે.,દર્શન, ઈન્ડસ,યુપીએલ, ગાંધીનગર, કિરણ ગ્લોબલ,મારવાડી, ગોકુલ ગ્લોબલ, સુભાષ યુનિ. અને સ્વર્ણિમ યુનિ.સહિતની ઘણી યુનિ.ઓ છે.

ડીઈઓ દ્વારા રિપોર્ટ રજૂ કરાયા બાદ પણ

ગેરરીતિઓમાં સ્કૂલોની માન્યતા રદ કરવા બાબતે બોર્ડ-સરકાર ઉદાસીન

અમદાવાદ,મંગળવાર

સ્કૂલોની ગેરરીતિ મુદ્દે તપાસ બાદ ડીઈઓ દ્વારા બોર્ડ-પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને માન્યતા રદ કરવાની ભલામણ સાથેનો રિપોર્ટ આપ્યા બાદ નિયામક કચેરી-બોર્ડ દ્વારા નિર્ણય લેવાતો હોય છે.

સ્કૂલોની માન્યતા રદની ભલામણો બાદ પણ નિર્ણય ન લેવાતા વિદ્યાર્થીઓ-વાલીઓ મુંઝવણમાં રહે છે

જેમાં શિક્ષણ વિભાગમાંથી મંજૂરીઓ પણ આવતી હોય છે પરંતુ ગેરરીતિઓ મુદ્દે સ્કૂલોની માન્યતા રદ કરવા મુદ્દે બોર્ડ અને સરકારના શિક્ષણ વિભાગનું તંત્ર ઉદાસીન હોવાની ફરિયાદો ઉઠી છે.કારણકે અમદાવાદ શહેરની નટરાજ,જ્ઞાનોદય સહિતની ચારથી પાંચ સ્કૂલોની માન્યતા રદના કેસમાં ત્વરીત નિર્ણય જ લેવાતો નથી.જેથી વિદ્યાર્થીઓ-વાલીઓ પણ મુંઝવણમાં રહે છે.

અમદાવાદના મણિનગરમાં આવેલી એજ્યુનોવા સ્કૂલમાં ગેરરીતિને લઈને અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા જુલાઈ ૨૦૨૫માં માન્યતા રદની ભલામણ સાથેનો રિપોર્ટ બોર્ડને મોકલી દેવાયો હતો.પરંતુ માન્યત રદ કરવાનો નિર્ણય ખૂબ જ મોડા લેવાતા ગત ૩૧ ઓગસ્ટે ગુજરાત બોર્ડે માન્યતા રદ કરવાનો પત્ર કર્યો હતો.આ ઉપરાંત અમદાવાદના પૂર્વમાં ઓઢવ ખાતે આવેલી નટરાજ હાઈસ્કૂલમાં પણ વિદ્યાર્થીઓની હાજરી, સીપીએફ, ઉચ્ચતર પગાર ધોરણ સહિતના મુદ્દે ગેરરીતિઓ બાદ શહેર ડીઈઓએ બોર્ડને માન્યતા રદ કરવાની ભલામણ કરી હતી.જેને પણ ઘણા મહિના થઈ ગયા છે પરંતુ હજુ સુધી બોર્ડ દ્વારા કોઈ નિર્ણય લેવાયો નથી. જ્યારે જમાલપુરથી વસ્ત્રાલમાં ખસેડાયેલી જ્ઞાનોદય હાઈસ્કૂલની માન્યતા રદ કરવા માટે પણ ડીઈઓ દ્વારા બોર્ડને ભલામણ કરાઈ હતી.આ ઉપરાંત વિરાટનગરની આદર્શ સ્કૂલમાં પણ હજુ સુધી બોર્ડ-સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવાયો નથી.

જાહેર નોટિસ

મોજે - રખીયાલ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૭ (ઓઢવ) મણીનગર તાલુકાના મોજે - રખીયાલ ગામની સીમના ટી.પી.સ્કીમ નં.૧૨ ના ફાઈનલ પ્લોટ નં.૧૯૦ પૈકીની કુલ ચો.મી.૭૪૫૭પૈકીચો.મી.૩૫૭૭ની બિનખેતીની જમીન યોગેશભાઈ લાલભાઈ પટેલની માલીકીની આવેલી છે. તેવી જમીન તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૮-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર,
એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે જુવાલની સીમના નવા બ્લોક નંબર-૨૬૫(જુનો બ્લોક નંબર-૧૯ પૈકી)ની કુલ ૧૬૪૪૭ ચોરસમીટર ખેતીની જમીન ધુડીબેન તે હરીભાઈ વાઘા ભાઈ મકવાણાની વિધવા, કૈલાશબેન હરીભાઈ મકવાણા,પ્રેમીબેન હરીભાઈ મકવાણા તથા રણજીતભાઈ હરીભાઈ મકવાણાએ તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૧૮/૧૧/૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈરફાન આઈ.બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકે વેજલપુરના મોજે ગામ વેજલપુરની સીમના સર્વે નં.૬૩૦+૬૩૧+૬૩૨+૬૩૩ પૈકી ની જમીન ઉપર આવેલ . ધી કુરેશનગર કો.ઓ.હા.સોસા. લિ. માં આવેલ યુનિટ / બંગલા નં.૩૬/એ પૈકીની બંગલા નં૩૬/એ/૧ની ૧૨૫.૪૧ ચો.મી. પ્લોટ એરીયા તથા તેમાં આવેલ ૨૦૪ ચો.મી.ના ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરના બાંધકામ સાથેની મીલકત સમીના આદમભાઈ મંડલી, ઠે. અમદાવાદનાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ મિલકત તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ મિલકત સોસાયટીના રેકર્ડમાં તેઓના નામે ચાલે છે. સદરહુ મીલકતમાં સદરહું મીલકતના માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક હીસ્સો નથી તથા મજકુર મીલકત અંગે સદરહુ મીલકતના માલીકે કોઈને કોઈ લખાણ કરી આપેલ નથી કે અન્ય રીતે મીલકત તબદીલ કરેલ નથી કે મજકુર મીલકત ઉપર કોઈ વ્યકિત, સંસ્થા કે બેંકનું તારણ નથી તેમ જણાવી મજકુર મીલકતના રાઈટસ ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની મજકુર મીલકતના માલીકે અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર મીલકતમાં અન્ય કોઈ વ્યકિતનો કોઈ પણ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે કોઈ પણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશુ અને અમારા અસીલ સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની આગળની કાર્યવાહી કરશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ તા.૧૭-૧૧-૨૬

ઈદરીશ એમ.બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc., LL.B. એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા દેત્રોજ રામપુરાના ગામ મોજે ગુંજાલાની સીમના નવા સર્વે નંબર-૮૩૩(જુના સર્વે નંબર-૩૦૭/૧પૈકી)ની કુલ ૬૩૫૩ ચોરસમીટર પૈકી ૩૧૭૬ ચોરસમીટર ખેતીની જમીન અનુભા જયંતુભા ઝાલાએ તેઓની સંપુર્ણપણે સ્વતંત્ર,માલિકી,કબજા,ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૧૮/૧૧/૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૬૯ ની ૧-૬૩-૯૦ હે.આરે.ચો.મી., આકાર રૂા.૨.૮૧ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન દિપસિંહ ફતાભાઈ, લખમણસિંહ જીવાભાઈ, શાન્તીબેન ધુળાજી, શાન્તાબેન અમરાજી, ચંદુભાઈ અમરાજી, ભુપતભાઈ અમરાજી, મોહનજી મગાજી, ઝાલા બાપુસિંહ નાનાજી, ઝાલા રમણભાઈ ગલાજી, ઝાલા જેણાજી ઉર્ફે જેસીંગભાઈ ભુરાજી, ઝાલા અલ્પેશભાઈ રતાજી, ઝાલા ઉર્મીલાબેન રતાજી, સ.ઝાલા લક્ષ્મીબેન રતાજીના વાલી રેવાબેન, રંગુબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, ચંદ્રસિંહ શીવાભાઈ ઝાલા, પર્વતસિંહ શીવાભાઈ ઝાલા, અમરતબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, મહેન્દ્રભાઈ અભાજી ઝાલા, કેશાભાઈ અભાજી ઝાલા, જશીબેન જુવાનસિંહ ચતુરજી ઝાલાની વિધવા, રાકેશભાઈ જુવાનસિંહ ઝાલા, તખતભાઈ જુવાનસિંહ ઝાલા, વિનાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, લીલાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કાશીબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, સવિતાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, ઈચ્છાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કૈલાશબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની વિધવા, અશોકભાઈ ભલાભાઈ ઝાલા, સુમિત્રાબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની દિકરી, મેલાભાઈ રાયભણભાઈ, હિરાભાઈ નાનાભાઈ રાઠોડ, શારદાબેન તે રમણભાઈ ઝાલાની પત્ની, ભાવનાબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, ઈન્દુબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, પોપટસિંહ રમણભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમકરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦

જાહેર નોટિસ

મોજે- થલતેજ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૯ (બોપલ) ઘાટલોડીયા તાલુકાના મોજે - થલતેજ ગામની સીમના સર્વે ન.૪૮૭/૨, ૫૧૫/૨/૧ તથા ૫૧૭/૨/૧ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં. ૨૧૪ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૫૩, ૮૨ તથા ૮૪/૨ ની બિનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે 'ટાઈમ્સ સ્કવેર ગ્રાન્ડ' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ સેવન્થ ફ્લોરનો (એ) ઓફીસ નં.૭૦૨ ની ચો.મી.૮૧૩.૮૭ (કાર્પેટ એરીયા) બાંધકામવાળી મીલકત તથા સમગ્ર બિલ્ડીંગની જમીનમાં વરાડે વણ વહેંચાયેલ કુલ ચો.મી. ૧૪૩.૮૩ ના હકક સહિતની મીલકત તથા બેઝમેન્ટ-૩ લેવલે એલોટેડ પાર્કિંગ નંગ - ૧૫ (સીરીયલ નં. ૩૦૦ થી ૩૦૮ અને ૩૧૧ થી ૩૧૫) ના સ્વતંત્ર હક્કો સહિત તેમજ (બી)–ઓફીસ નં.૭૦૩ ની ચો.મી.૬૮૩.૪૭ (કાર્પેટ એરીયા) બાંધકામવાળી મીલકત તથા સમગ્ર બિલ્ડીંગની જમીનમાં વરાડે વણ વહેંચાયેલ કુલ ચો.મી. ૧૨૦.૮૦ના હકક સહિતની મીલકત તથા બેઝમેન્ટ-૩ લેવલે એલોટેડ પાર્કિંગ નંગ - ૧૦ (સીરીયલ નં. ૨૯૪ થી ૨૯૯ અને ૩૧૬ થી ૩૧૯) ના સ્વતંત્ર હક્કો સહિત મીલકત SHAFALYA INFRA LLP - એ નામની લીમીટેડ લાયાબીલીટી ભાગીદારી પેઢી ની માલીકીની આવેલી છે અને ભાડાપટ્ટાથી યશ બેંક લીમીટેડને આપેલ છે. તેવી મીલકત તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનું સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૮-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર,
એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર ચેતવણી

અમારા અસીલ શ્રી દિનેશભાઈ કેશવલાલ પટેલ ની સૂચનાથી અને ફરમાઈશ થી જાહેર જનતા ને જણાવવાનું કે, મોજે ગામ ચાંદલોડિયા તાલુકો સાબરમતી જિલ્લો અમદાવાદ, ની સીમ માં આવેલ (1) બ્લોક/સર્વે ન. 233/4/1 (2)બ્લોક/સર્વે ન.343/1 (3) બ્લોક/સર્વે ન. 278/2/1 (4) 81/2 વારસાઈ હક્ક પ્રાપ્ત થયેલ છે તેમજ પ્રત્યક્ષ શાંત કબ્જો ધારણકર્તા છે. આ જમીનો પૈકી (1) બ્લોક/સર્વે ન. 233/4/1 તારીખ 10/09/2026 ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ કરી ને વેચાણ આપેલ છે તેમજ જગ્યા નો શાંત અને પ્રત્યક્ષ કબ

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY. THIS IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.
Initial public offer of equity shares on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").

(Please scan this QR code to view this Red Herring Prospectus)

CRYSTAL
Inspiring Growth

CRYSTAL CROP PROTECTION LIMITED

(TO BE LISTED ON THE MAIN BOARD OF BSE AND NSE)

Our Company was originally incorporated as "Jai Bharat Crop Chemicals Private Limited" at New Delhi as a private limited company under the provisions of the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated July 15, 1994, issued by the Registrar of Companies, National Capital Territory ("RoC") of Delhi and Haryana at New Delhi. Subsequently, the name of our Company was changed to "Crystal Crop Protection Private Limited" pursuant to a fresh certificate dated September 1, 2010 and a special resolution passed by our Shareholders in the annual general meeting dated September 30, 2010, to reflect a better image and profile of the Company and to reflect the main objects of the Company and a fresh certificate of incorporation was issued by the Registrar of Companies, NCT of Delhi and Haryana at New Delhi on November 4, 2010. Upon the conversion of our Company from a private limited company to a public limited company, pursuant to a board resolution dated November 22, 2017 and a special resolution passed by our Shareholders in the extra ordinary general meeting dated December 12, 2017, the name of our Company was changed to "Crystal Crop Protection Limited", and a fresh certificate of incorporation dated January 2, 2018 was issued by the Registrar of Companies, Gujarat at Ahmedabad. For details of changes in the registered office of our Company, see "History and Certain Other Corporate Matters - Changes in Registered Office" on page 282 of the Red Herring Prospectus dated November 12, 2025 ("RHP").

Corporate Identity Number: U74120DL1994PLC061533

Registered Office: 306, 3rd Floor, Town Trade Centre Opp. Rishabh, Sarkhej Highway, New Park Char Rasta, Ashram Road, Bhadraraj, Ahmedabad 380 009, Gujarat, India
Corporate Office: B-40, Mayfair Industrial Area, New Delhi 110 062, Delhi, India; **Contact Person:** Vikram Singh, Company Secretary and Compliance Officer; **Tel:** +91 11 4605 7100; **E-mail:** investor@crystalcrop.com; **Website:** www.crystalcropprotection.com

PROMOTERS OF OUR COMPANY: NAND KISHORE AGGARWAL, ANKUR AGGARWAL, KOMAL AGGARWAL AND ANKUR AGGARWAL HUF FAMILY TRUST

INITIAL PUBLIC OFFERING OF [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH ("EQUITY SHARES") OF CRYSTAL CROP PROTECTION LIMITED (OUR "COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹[●] PER EQUITY SHARE INCLUDING A SECURITIES PREMIUM OF ₹[●] PER EQUITY SHARE (THE "OFFER PRICE") AGGREGATING UP TO ₹[●] MILLION (THE "OFFER"). THE OFFER COMPRISES A FRESH ISSUE OF [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10 BY OUR COMPANY AGGREGATING UP TO ₹5,000.00 MILLION (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 12,750,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING TO ₹[●] MILLION BY NAND KISHORE AGGARWAL ("PROMOTER SELLING SHAREHOLDER") ("OFFER FOR SALE").

THE OFFER INCLUDES A RESERVATION OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10, AGGREGATING UP TO ₹25.00 MILLION CONSTITUTING UP TO [●]% OF THE POST OFFER PAID-UP EQUITY SHARE CAPITAL FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES ("EMPLOYEE RESERVATION PORTION"). THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". OUR COMPANY, IN CONSULTATION WITH THE SELLING HAS OFFERED A DISCOUNT OF ₹20 PER EQUITY SHARE TO ELIGIBLE EMPLOYEES BIDDING IN THE EMPLOYEE RESERVATION PORTION ("EMPLOYEE DISCOUNT"). THE OFFER AND THE NET OFFER SHALL CONSTITUTE [●]% AND [●]% OF THE POST OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY, RESPECTIVELY.

DETAILS OF THE OFFER FOR SALE			
NAME OF SELLING SHAREHOLDER	TYPE	NUMBER OF EQUITY SHARES OFFERED/ AMOUNT (IN ₹ MILLION)	WEIGHTED AVERAGE COST OF ACQUISITION PER EQUITY SHARE (IN ₹) *
Ankur Aggarwal	Promoter Selling Shareholder	Up to 1,710,000 Equity Shares of face value of ₹10 each aggregating up to ₹[●] million	21.01

*As certified by Bansal & Co LLP, Chartered Accountants, bearing firm registration number 001743N/N500078, by way of their certificate dated November 12, 2025

PRICE BAND: ₹359 TO ₹373 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹10 EACH.
THE FLOOR PRICE IS 25.90 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES AND THE CAP PRICE IS 27.20 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES.
BIDS CAN BE MADE FOR A MINIMUM OF 35 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AND IN MULTIPLES OF 35 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH THEREAFTER.
A DISCOUNT OF ₹20 PER EQUITY SHARE IS BEING OFFERED TO ELIGIBLE EMPLOYEES BIDDING IN THE EMPLOYEE RESERVATION PORTION
THE PRICE TO EARNINGS RATIO ("P/E") BASED ON DILUTED EPS FOR FISCAL 2025 FOR OUR COMPANY AT THE LOWER END OF THE PRICE BAND (I.E. FLOOR PRICE) IS 23.42 TIMES AND AT THE UPPER END OF THE PRICE BAND (I.E. CAP PRICE) IS 24.59 TIMES AS COMPARED TO THE AVERAGE INDUSTRY PEER GROUP P/E RATIO OF 28.87 TIMES.
WEIGHTED AVERAGE RETURN ON NET WORTH FOR LAST THREE FINANCIAL YEARS IS 7.36%.

The details of the Fresh Issue, Offer for Sale, Total Offer Size and the post Offer market capitalization of the Company, each at the Floor Price and the Cap Price, are given below:

Particulars	At Floor Price of ₹359		At Cap Price of ₹373	
	Up to No. of Equity Shares of face value of ₹10 each	Up to Amount (₹ in Million)	Up to No. of Equity Shares of face value of ₹10 each	Up to Amount (₹ in Million)
Fresh Issue	13,714,857	4,924.23	13,404,847	5,000.00
Offer for Sale	3,772,004	854.00	3,772,004	1,407.13
Total Offer Size	17,419,668	6,254.23	16,760,077	6,307.13
Post-Offer market capitalization of the Company	183,833,661	42,430.26	183,177,980	44,961.77

*Offer size has been calculated considering the employee discount of ₹20 per Equity Share at Floor price and Cap price

BID/ OFFER PERIOD

BID/ OFFER OPENS TODAY
BID/ OFFER CLOSES ON* FRIDAY, NOVEMBER 28, 2025

*UPI mandate end time and date shall be at 5:00 pm on the Bid/Offer Closing Date.

We are a crop solutions company with agrochemicals and seeds at the core of our offerings. Our diversified portfolio includes (i) products for crop protection such as herbicides, fungicides, insecticides and natural crop solutions such as bio-stimulants, bio-protectants, plant growth regulators, liquid fertilizers and micro nutrients; and (ii) seeds such as for field crops, vegetable crops and flowers

THE OFFER IS BEING MADE THROUGH THE BOOK BUILDING PROCESS IN ACCORDANCE WITH REGULATION 6(1) OF THE SEBI ICDR REGULATIONS.
THE EQUITY SHARES OF THE COMPANY WILL GET LISTED ON THE MAIN BOARDS OF BSE AND NSE.
NSE SHALL BE THE DESIGNATED STOCK EXCHANGE.
• QIB PORTION: NOT MORE THAN 50% OF THE NET OFFER • NON-INSTITUTIONAL PORTION: NOT LESS THAN 15% OF THE NET OFFER • RETAIL PORTION: NOT LESS THAN 35% OF THE NET OFFER
EMPLOYEE RESERVATION PORTION OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹10, AGGREGATING UP TO ₹25.00 MILLION

IN MAKING AN INVESTMENT DECISION, PROSPECTIVE INVESTORS MUST ONLY RELY ON THE INFORMATION INCLUDED IN THE RHP AND THE TERMS OF THE OFFER, INCLUDING THE RISKS INVOLVED AND NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCES OF INFORMATION ABOUT THE OFFER AVAILABLE IN ANY MANNER. IN RELATION TO PRICE BAND, POTENTIAL INVESTORS SHOULD ONLY REFER TO THIS PRICE BAND ADVERTISEMENT FOR THE OFFER AND SHOULD NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCES OF INFORMATION AVAILABLE IN ANY MANNER INCLUDING ANY MEDIA ARTICLES/REPORTS REGARDING THE VALUATION OF THE COMPANY AS THESE ARE NOT ENDORSED, PUBLISHED OR CONFIRMED EITHER BY THE COMPANY OR THE BOOK RUNNING LEAD MANAGERS ("BRLMs").

In accordance with the recommendation of the Committee of Independent Directors of our Company, pursuant to their resolution dated November 12, 2025, the above provided Price Band is justified based on quantitative factors/ Key performance indicators disclosed in the "Basis for Offer Price" section on page 183 of the RHP vis a vis the weighted average cost of acquisition ("WACA") of primary and secondary transaction(s), as applicable, disclosed in the "Basis for Offer Price" section beginning on page 183 of the RHP and provided below in this advertisement.

IIFL Capital Services Limited 24th Floor, One Lodha Place, Senapati Bapat Marg, Lower Parel (W), Mumbai 400 013, Maharashtra, India Telephone: +91 22 4093 4728 E-mail: investorgrievance@iiflcap.com Website: www.iiflcap.com Contact Person: Jeevan Prakash Pawan Kumar Jain Investor grievance email: ig.ib@iiflcap.com SEBI registration no.: INM000010940	DAM Capital Advisors Limited (Merchant Banking Division) Hiranandani Knowledge Park, Powai, Mumbai 400 076, Maharashtra, India Tel: +91 22 4202 2500 E-mail: investorgrievance@demcapital.in Website: www.demcapital.in Contact Person: Aanchal Wagle Puneet Agnihotri Investor grievance e-mail: complaints@demcapital.in SEBI Registration No.: MB/INM000011336	Motilal Oswal Investment Advisors Limited Motilal Oswal Tower, Rahimtullah Sayani Road, Opposite Parel ST Depot, Prabhadevi, Mumbai 400 025, Maharashtra, India Tel: +91 22 7193 4380 E-mail: investorgrievance@motilaloswal.com Website: www.motilaloswal.com Contact Person: Kunal Thakkar/ Shashank Patil Investor grievance e-mail: mosl.investorgrievance@motilaloswal.com SEBI Registration No.: INM000011005	MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) C 101, 247 Park, L.B.S. Marg, Vikhroli (West), Mumbai 400 083, Maharashtra, India Tel: +91 8108 114 949 E-mail: cygnushsc.ipo@in.mpms.mufg.com Investor Grievance E-mail: cygnushsc.ipo@in.mpms.mufg.com Website: www.in.mpms.mufg.com Contact Person: Shanti Gopalkrishnan SEBI Registration No.: INR000004058	Vikram Singh B-49, Mainpuri Industrial Area New Delhi 110 033 India Tel: +91 11 4605 0100 E-mail: investors@cryptoniq.com Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Offer, in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer related queries and for redressal of complaints, investors may also write to the BRLMs.

AVAILABILITY OF THE RHP: Investors should note that investment in Equity Shares involves a high degree of risk and are advised to refer to the RHP and the "Risk Factors" beginning on page 29 of the RHP before applying in the Offer. A copy of the RHP will be made available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the BRLMs, IIFL Capital Services Limited at www.iiflcap.com, DAM Capital Advisors Limited at www.demcapital.in and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com and at the website of the Company, CRYSTAL CROP PROTECTION LIMITED at www.crystalcropprotection.com and the websites of the Stock Exchanges, for BSE Limited at www.bseindia.com and for National Stock Exchange of India Limited at www.nseindia.com.

AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS: A copy of the Abridged Prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at www.crystalcropprotection.com, www.iiflcap.com, www.demcapital.in, www.motilaloswal.com and www.in.mpms.mufg.com, respectively.

AVAILABILITY OF BID CUM APPLICATION FORM: Bid cum Application Form can be obtained from the Registered Office of our Company, CRYSTAL CROP PROTECTION LIMITED, Tel: +91 11 4002 7100; BRLMs: IIFL Capital Services Limited, Tel: +91 22 4646 4728, DAM Capital Advisors Limited, Tel: +91 22 4202 2500 and Motilal Oswal Investment Advisors Limited, Tel: +91 22 7193 4380 and Syndicate Members: Shareknow Limited, Telephone Number: +91 22 6750 2600, Motilal Oswal Financial Services Limited, Telephone Number: +91 22 7193 4380 and its Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of the SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and the SCSBs.

SUB-SYNDICATE MEMBERS: Spread Capital Limited, Alankit Imagications Limited, Almondz Global Securities Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Ashiana Capital Markets Limited, Asit C. Mehta Investment Intermediates Limited, Axis Capital Limited, Centrum Financial Limited, Dalal & Broacha Stock Broking Private Limited, Eureka Stock & Share Broking Services Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, IDBI Capital Markets & Securities Limited, JM Financial Services Limited, Kambat Chhaganlal Securities Pvt. Limited, Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Nirmal Bang Securities Limited, Nuvama Wealth and Investments Limited, Nuvama Wealth Management Ltd, Prabhudas Lilladher Private Limited, Pravin Ratilal Shares And Stock Brokers Limited, Religare Broking Limited, RR Equity Brokers Private Limited, SBI CAP Securities Limited, SMC Global Securities Limited, YES Corporate Securities Limited, Sumit Financial Services Private Limited, Systematix Shares and Stocks (India) Ltd, Travelebiz Securities (P) Limited, Upstox Securities Private Limited, VSS Securities (India) Limited.

PUBLIC OFFER ACCOUNT BANK: Axis Bank Limited

REFUND BANK: HDFC Bank Limited

SPONSOR BANKS: Axis Bank Limited and HDFC Bank Limited

UPI: UPI Bidders can also Bid through UPI Mechanism.

All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as described to them in the RHP.

For CRYSTAL CROP PROTECTION LIMITED
On behalf of the Board of Directors
Sd/-
Vikram Singh
Company Secretary and Compliance Officer

Place: New Delhi
Date: November 17, 2025

CRYSTAL CROP PROTECTION LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offer of its Equity Shares and has filed the RHP dated November 12, 2025 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs, i.e., IIFL Capital Services Limited at www.iiflcap.com, DAM Capital Advisors Limited at www.demcapital.in and Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com, the website of the NSE at www.nseindia.com and the website of the Company at www.crystalcropprotection.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and should refer to the RHP, including the section titled "Risk Factors" beginning on page 29 of the RHP. Potential investors should not rely on this DRHP for making any investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in, and in reliance on, Regulation S under the U.S. Securities Act and applicable laws of the jurisdictions where such offers and sales occur. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the issuer or the selling security holders and that will contain detailed information about the company and management, as well as financial statements. No public offering or sale of securities in the United States is contemplated. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be issued or sold except in compliance with the applicable laws of such jurisdiction.

ધોનીએ

(પહેલા પાનાનું ચાલુ)

ધોનીએ થોડા મહિના અગાઉ જ તેમને સંકેત આપ્યો હતો કે આગામી IPL સિઝનમાં રમવા અંગે તેઓ નિશ્ચિત નથી. જોકે નિવૃત્તિનો આખરી નિર્ણય તેમણે ૧૪ નવેમ્બરના રોજ યોજાયેલી એક વીડિયો મીટિંગમાં સંભળાવ્યો હતો. આ મીટિંગમાં CSKના આગામી સિઝન માટેના ખેલાડીઓની પસંદગી, હરાજીની રણનીતિ અને કયા ખેલાડીઓને રિલીઝ કરવા તે અંગે ચર્ચા ચાલી રહી હતી. ટીમના મેનેજિંગ ડિરેક્ટર કાશી વિશ્વનાથન રિલીઝ કરવામાં આવનારા ખેલાડીઓનાં નામ વાંચી રહ્યા હતા. એ વખતે ધોનીએ એકદમ શાંતિથી કહ્યું, 'Maybe you should add my name in it.' એટલે કે, કદાચ રિલીઝ થનારા ખેલાડીઓની યાદીમાં મારું નામ પણ ઉમેરી દો!

ધોનીના આ શબ્દો સાંભળીને મીટિંગમાં હાજર સૌ કોઈ આશ્ચર્યમાં પડી ગયા. રૂપા ગુરુનાથે જણાવ્યું કે ધોનીએ આ વાત કરી એ જ ક્ષણે વીડિયો કોલ અચાનક ડિસ્કનેક્ટ થઈ ગયો. કાશી વિશ્વનાથે ફરીથી ફોન જોડ્યો અને ધોનીને રમૂજી અંદાજમાં કહ્યું, 'તમે આગામી સિઝનમાં નહીં રમો એ વાત ઈન્ટરનેટ પણ સહન કરી શક્યું નહીં!'

રુપાએ પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે 'ધોનીને પીળી જર્સીમાં મેદાન પર રમતા નહીં જોઈ શકવાની કલ્પના પણ મુશ્કેલ છે. તેમના વીજળીવેગી સ્ટમ્પિંગ, હેલિકોપ્ટર શોટ અને મેદાનમાં માત્ર એક આંગળીના ઈશારાથી ફિલ્ડિંગમાં ફેરફાર કરીને મેચનું પરિણામ બદલી નાખવાની તેમની ક્ષમતા હવે મેદાન પર જોવા નહીં મળે. આ વાત સ્વીકારવી તેમના માટે અત્યંત મુશ્કેલ છે.'

ધોનીને મેન્ટોર તરીકેની ભૂમિકા માટે સમજાવ્યા અને તેઓ સંમત થયા હતા.

એકલી એનવિડિયાની માર્કેટ કેપમાં જ છેલ્લા એક મહિનામાં એક લાખ કરોડ ડોલરથી વધુ રકમ સાફ થઈ ગઈ

વૈશ્વિક અર્થતંત્ર

(પહેલા પાનાનું ચાલુ)

હાલમાં વિશ્વભરના અર્થતંત્રો જાણે એઆઈના સહારે ઊભા હોય તેવી સ્થિતિ છે, જ્યારે સામાન્ય સંજોગોમાં આવું ન હોય. શરીરનો બધો જ ભાર એક જ પગ પર તો હોય તો શું સ્થિતિ થાય. બસ આવી જ સ્થિતિ હાલમાં વૈશ્વિક અર્થતંત્રોની છે. બધા એક જ લાકડીના આધારે ટકેલા છે. હવે આ ટેકણ લાકડી નબળી પડે તો નાણાકીય અસ્થિરતા સર્જાઈ શકે છે.

તેમણે વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું હતું કે, અર્થતંત્ર જાણે અત્યારે 'એઆઈના એક જ પગ' પર ઊભું છે.

તેમનો સંકેત એ હતો કે વૈશ્વિક આર્થિક વૃદ્ધિમાં એઆઈ ક્ષેત્રનું યોગદાન અને તેના પરની નિર્ભરતા સતત વધી રહી છે. જો આ ક્ષેત્રમાં મંદી આવે અથવા રોકાણકારોનો વિશ્વાસ ડગે તો તેની અસર સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર પર પડી શકે છે.

આઈએમએફના અંદાજ પ્રમાણે એઆઈ કંપનીઓ વચ્ચેનું સર્ક્યુલર ફાઇનાન્સિંગ વધીને ૧ ટ્રિલિયન ડોલરથી થોડું વધારે થઈ ગયું છે. આ વ્યવસ્થામાં એક એઆઈ કંપનીમાં રોકાણ કરવામાં આવેલા નાણાં આખરે ઓર્ડર અથવા ખરીદીના સ્વરૂપમાં ફરી રોકાણકાર સુધી પહોંચે છે. એટલે કે, રોકાણ અને ખરીદી એકબીજા સાથે જોડાઈને નાણાંનું એક ચક્ર બનાવે છે.

તેમણે એઆઈ કંપનીઓ વચ્ચે વધતા સર્ક્યુલર ફાઇનાન્સિંગને લઈને પણ ચિંતા વ્યક્ત કરી. આ વ્યવસ્થામાં એક કંપનીમાં કરવામાં આવેલું રોકાણ છેવટે ઓર્ડર કે ખરીદીના માધ્યમથી રોકાણકારની પાસે પરત પહોંચે છે. આઈએમએફના અનુમાન મુજબ એઆઈ કંપનીઓમાં આ પ્રકારના સરક્યુલર ફાઇનાન્સિંગનો આકાર એક લાખ કરોડ ડોલરથી પણ વધારે થઈ ચૂક્યો છે.

તેમા લગભગ બે તૃતિયાંશ હિસ્સો તો દેવાનો જ છે.

હાલમાં તો તેનું કદ મોટું નથી, પરંતુ આ પ્રકારનું સરક્યુલર ફાઇનાન્સિંગ જે રીતે વધી રહ્યું છે તે બાબત ચિંતાજનક છે. એઆઈ સેક્ટરમાં સરક્યુલર ફાઇનાન્સિંગની ચર્ચામાં ચિપ ઉત્પાદક કેન્દ્ર એનવિડિયા પણ છે. છેલ્લા એક મહિનામાં કંપનીના માર્કેટ કેપમાં એક લાખ કરોડ ડોલરથી પણ વધુનો કડાકો બોલ્યો છે.

આઈએમએફ પ્રમુખની ચેતવણી એવા સમયે આવી છે જ્યારે એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વૈશ્વિક આર્થિક વૃદ્ધિ માટે મહત્ત્વનો આધાર બની ગયું છે. ઉર્જાસંકટ અને ભૂરાજકીય તનાવના લીધે કેટલીય વૈશ્વિક વ્યવસ્થાઓની વૃદ્ધિ પર અસર પડી છે, પરંતુ એઆઈ સાથે જોડાયેલા વેપાર અને રોકાણે આર્થિક પ્રવૃત્તિઓને સમર્થન આપ્યું છે.

જ્યોર્જિવાનું કહેવું છે કે એઆઈમાં રોકાણકારોનો ઉત્સાહ કેટલાક કિસ્સામાં આ ટેકનોલોજીની વાસ્તવિક સિદ્ધિઓથી ઘણો આગળ નીકળી ગયો છે. તેમનું માનવું છે કે જો એઆઈ લોકોની અપેક્ષા પર ખરું ન ઉતર્યું તો એકલા અમેરિકન બજારોમાં જ ૨૦ ટકાનો ઘટાડો આવી શકે છે. જ્યારે ૨૦૨૮ સુધીમાં વૈશ્વિક આર્થિક ઉત્પાદન ૧.૧ ટકા સુધી ઘટી શકે છે. છેલ્લા કેટલાક સપ્તાહમાં અમેરિકન એઆઈ ચિપ કંપનીઓ સહિતની વિશ્વની કેટલીય ચિપ કંપનીઓમાં વેચવાલી જોવા મળી છે.

અમેરિકાની

(પહેલા પાનાનું ચાલુ)

આર્ટર્સના વિશિષ્ટ પ્રતિભાશાળી લોકો માટેની શેંજુલ એ છૂટછાટ પણ દૂર કરવાની દરખાસ્ત છે. હવે તેમને પણ અમેરિકન શ્રમબજારની કસોટીમાંથી પસાર થવું પડી શકે છે. આ નિયમો હજી અંતિમ બન્યા નથી. ૧૭ નવેમ્બરથી દરખાસ્ત પર ૬૦ દિવસ સુધી જાહેર અભિપ્રાયો મંગાવવામાં આવ્યા છે. અમલ થયા પછી વિદેશી કર્મચારીઓને ગ્રીન કાર્ડ અપાવવાની પ્રક્રિયા વધુ મુશ્કેલ બની શકે છે.

CLASSIFIEDS ક્લાસિફાઈડ્સ
પ્રાઈમ પ્રોપર્ટી
ગુજરાત સમાચાર
લગ્ન વિષયક
CLASSIFIEDS ક્લાસિફાઈડ્સ Call : 8799236001/2/3

ઈરાન-અમેરિકા યુદ્ધથી શેર બજારમાં પડેલું ગાબડું પૂર્ણ પૂરાઈ ગયું

બેંકિંગ શેરોની આગેવાનીએ તેજી : સેન્સેક્સ ૪૨૭ પોઈન્ટ ઉછળી ૮૨૫૩૨ નવ માસની ઊંચાઈએ

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

ભારતના બેંકિંગ ક્ષેત્રે કોન્સોલિડેશનનો તબક્કો શરૂ થયો હોઈ અને બેંકોની એનપીએમાં ઘટાડા સાથે નફાશક્તિ વધી રહી હોઈ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝ દ્વારા આજે બેંકિંગ શેરોની આગેવાનીએ અવિરત ખરીદી ચાલુ રાખી શેર બજારને નવ મહિનાની ક્લોઝિંગ નવી ઊંચાઈએ મૂકી દીધું હતું. ક્વોડ મીટિંગમાં દેશો વચ્ચે સમજૂતીની અપેક્ષા સાથે આગામી દિવસોમાં ચાઈના, અમેરિકા, રશિયા મહાસત્તાઓ વચ્ચે મોટી ડિલની અપેક્ષા છતાં યુરોપ-એશિયાના અન્ય દેશોનું સંકટ આ મીટિંગથી વધી શકે એવા અહેવાલો વચ્ચે વૈશ્વિક બજારોમાં યુરોપના બજારોમાં નરમાઈ રહી હતી. પરંતુ ભારત માટે પોઝિટીવ પરિબળો રચાઈ રહ્યા હોઈ અમેરિકા ડોલર સામે રૂપિયો આજે વધુ ૪૬ પૈસા મજબૂત થઈ ૯૩.૪૩ થઈ જવો અને ક્રુડ ઓઈલના ભાવ એકંદર સ્થિર જળવાઈ રહેતાં ફંડોનું શેરોમાં આકર્ષણ વધતું જોવાયું હતું. બેંકિંગ-ફાઈનાન્સ શેરો સાથે ઓટોમોબાઈલ, ઓઈલ-ગેસ શેરોમાં ફંડો લેવાલ રહ્યા હતા. જો કે કેપિટલ ગુડ્ઝ, આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં વેચવાલી રહી હતી. સેન્સેક્સ ઉપરમાં ૮૨૯૭.૪૯ સુધી પહોંચી અંતે ૪૨૭.૪૦ પોઈન્ટ વધીને ૮૨૫૩૨.૧૯ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ઈન્ટ્રા-ડે ૨૫૫૦૦ની સપાટી કુદાવી ઉપરમાં ૨૫૫૦૧.૩૫ સુધી જઈ અંતે ૯૬.૩૦ પોઈન્ટ વધીને ૨૫૩૮૭.૪૦ની નવ મહિનાની ઊંચાઈએ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં ફંડોનું વેલ્યુબાઈંગ : એક્સાઈડ, ટાટા મોટર્સ કમર્શિયલ, આઈશર, હ્યુન્ડાઈ, મહિન્દ્રા વધ્યા

ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં પણ ફંડોનું આજે વેલ્યુબાઈંગ થયું હતું. એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૪.૬૦ વધીને રૂ.૩૮૦.૧૦, ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૧૬.૭૦ વધીને રૂ.૪૪૫.૫૦, ઉનો મિન્ડા રૂ.૪૪.૯૦ વધીને રૂ.૧૩૮૬.૧૦, આઈશર મોટર્સ રૂ.૨૧૫.૯૦ વધીને રૂ.૭૭૯૦, હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા રૂ.૪૭.૭૦ વધીને રૂ.૨૧૨૦.૦૫, બાલક્રિષ્ન ઈન્ડસ્ટ્રીઝ રૂ.૩૭.૯૦ વધીને રૂ.૨૩૨૬.૯૦, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૫૦ વધીને રૂ.૩૪૦૦, ટીવીએસ મોટર રૂ.૫૮.૨૦ વધીને રૂ.૪૪૮૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૫૮૧.૫૯ પોઈન્ટ વધીને ૬૨૨૩.૪૬ બંધ રહ્યો હતો.

કેપિટલ ગુડ્ઝ શેરોમાં કાર્બોરેન્ડમ રૂ.૪૬, અપાર રૂ.૬૪૭, કમિન્સ રૂ.૧૭૬, કેઈન્સ રૂ.૧૧૫ તૂટ્યા

કેપિટલ ગુડ્ઝ-પાવર શેરોમાં ફંડોએ સતત વેચવાલી કરતાં નવા ગાબડાં પડ્યા હતા. અપાર ઈન્ડસ્ટ્રીઝ રૂ.૬૪૬.૭૦ તૂટીને રૂ.૧૪,૧૭૪.૫૫, કાર્બોરેન્ડમ યુનિવર્સલ રૂ.૪૫.૯૦ ઘટીને રૂ.૧૦૧૫.૦૫, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૭૬.૧૫ ઘટીને રૂ.૪૦૫૧.૮૫, કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૬૧.૯૦ ઘટીને રૂ.૩૮૫૩.૧૦, કેઈન્સ રૂ.૧૧૫.૧૦ ઘટીને રૂ.૨૮૫૬.૯૦, જયોતી સીએનસી રૂ.૩૨.૧૦ ઘટીને રૂ.૧૦૩૬.૬૦, પોલીકેબ રૂ.૨૩૫ ઘટીને રૂ.૭૭૧૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સ ૮૨૩.૭૯ પોઈન્ટ ઘટીને ૭૦૮૩૯.૪૮ બંધ રહ્યો હતો.

બેંકેક્સની ૮૨૦ પોઈન્ટની છલાંગ : પીએનબી, આઈડીએફસી બેંક, એયુ બેંક, એક્સિસ, સ્ટેટ બેંક વધ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ આજે આક્રમક ખરીદી કરી હતી. પીએનબી રૂ.૫.૬૦ વધીને રૂ.૧૧૫૦, આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૨.૩૯ વધીને રૂ.૮૩.૪૯, એયુ બેંક રૂ.૨૬ વધીને રૂ.૯૯૫, એક્સિસ બેંક રૂ.૨૭.૬૫ વધીને રૂ.૧૩૬૭.૬૫, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૧૮ વધીને રૂ.૯૩૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૯ વધીને રૂ.૧૧૦૯, બેંક ઓફ બરોડા રૂ.૪.૩૫ વધીને રૂ.૨૭૪.૫૦ રહ્યા હતા. ફાઈનાન્સ અને અન્ય બેંકિંગ શેરોમાં એપ્ટસ રૂ.૧૨.૯૫ વધીને રૂ.૧૮૮.૬૫, ટાટા ઈન્વેસ્ટમેન્ટ રૂ.૩૩.૦૫ વધીને રૂ.૬૦૯.૭૦, ડેમ કેપિટલ રૂ.૭.૦૫ વધીને રૂ.૧૪૮, ટર્ટલ મિન્ટ રૂ.૩.૩૮ વધીને રૂ.૭૧.૦૪, ઉગ્રો કેપિટલ રૂ.૩.૬૭ વધીને રૂ.૭૩.૩૯ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૮૧૯.૮૯ પોઈન્ટ ઉછળીને ૭૦૧૧૬.૭૩ બંધ રહ્યો હતો.

આઈટી શેરોમાં વેચવાલી : ઓનવર્ડ, બિરલા સોફ્ટ, પ્રોટિઅન, જેનેસીસ ઘટ્યા : ૬૩ મૂન્સ, ટીસીએસ વધ્યા

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે ટીસીએસ સિવાય અન્ય ફન્ટલાઈન, મિડ સાઈઝ કંપનીઓના શેરોમાં વેચવાલી થઈ હતી. ઓનવર્ડ ટેકનોલોજી રૂ.૧૩.૨૫ ઘટીને રૂ.૩૪૪.૫૫, બિરલા સોફ્ટ રૂ.૯.૮૫ ઘટીને રૂ.૩૦૪.૩૦, પ્રોટિઅન રૂ.૧૭.૦૫ ઘટીને રૂ.૬૭૨.૨૦, જેનેસીસ ઈન્ટરનેશનલ રૂ.૪.૨૫ ઘટીને રૂ.૧૭૬.૫૫, ઝેનસાર ટેકનોલોજી રૂ.૧૧.૬૦ ઘટીને રૂ.૫૨૭.૮૦, એચસીએલ ટેકનોલોજી રૂ.૨૬.૯૦ ઘટીને રૂ.૧૩૫૫.૫૦ રહ્યા હતા. ૬૩ મૂન્સ ટેકનોલોજી રૂ.૪૬.૫૦ વધીને રૂ.૯૬૦.૬૦, ઈમુદ્રા રૂ.૭.૩૦ વધીને રૂ.૩૫૯.૯૫, સાસ્કેન રૂ.૫૧.૩૫ વધીને રૂ.૧૮૩૬.૭૫, ટીસીએસ રૂ.૪૦ વધીને રૂ.૨૪૪૧, નેલ્કો રૂ.૧૩.૫૦ વધીને રૂ.૮૦૮.૭૦ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૧૬૦.૨૦ પોઈન્ટ ઘટીને ૩૦૦૨૪.૨૬ બંધ રહ્યો હતો.

મેટલ શેરોમાં એપીએલ અપોલો રૂ.૬૬ ઘટ્યો : અદાણી એન્ટરપ્રાઈસ, જિન્દાલ સ્ટેનલેસ, સેઈલમાં આકર્ષણ

મેટલ-માઈનીંગ શેરોમાં આજે અદાણી એન્ટરપ્રાઈસીઝ રૂ.૮૩ વધીને રૂ.૨૭૪૩, જિન્દાલ સ્ટેનલેસ રૂ.૧૧.૯૦ વધીને રૂ.૭૩૧.૮૫, સેઈલ રૂ.૨.૨૦ વધીને રૂ.૧૭૧.૨૦, એનએમડીસી રૂ.૬૯.૫૦ રહ્યા હતા. જ્યારે એપીએલ અપોલો રૂ.૬૫.૬૫ ઘટીને રૂ.૨૧૮૯, ટાટા સ્ટીલ રૂ.૧૮૧.૫૫ રહ્યા હતા.

સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાં ઘટાડે આકર્ષણ વધ્યું છતાં માર્કેટબ્રેડથ સતત નેગેટીવ : ૨૩૪૩ શેરો નેગેટીવ બંધ

સેન્સેક્સ, નિફ્ટી બેઝ્ડ ફંડોની આક્રમક તેજીએ નવ મહિનાની ટોચે પહોંચ્યા સાથે હવે સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં આજે ખરીદીનો સળવળાટ વધતો જોવાતાં વધનાર શેરોની સંખ્યા ગઈકાલની તુલનાએ વધી હતી, અલબત ઘટનાર શેરોની સંખ્યા વધુ રહેતાં માર્કેટબ્રેડથ સતત નેગેટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૬૪ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૫૦૦થી વધીને ૨૧૦૩ અને ઘટનારની સંખ્યા ૩૦૬૬થી ઘટીને ૨૩૪૩ રહી હતી.

FPIs/FIIની કેશમાં રૂ.૪૧૯૫ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની રૂ.૧૯૭ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે મંગળવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૪૧૯૫.૩૮ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૯,૯૩૦.૯૮ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૫,૭૩૫.૬૦ કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૧૯૬.૯૩ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી. કુલ રૂ.૧૪,૯૦૩.૮૦ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૪,૭૦૬.૮૭ કરોડની વેચવાલી કરી હતી.

શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૧.૩૬ લાખ કરોડ વધીને રૂ.૫૧૦.૫૬ લાખ કરોડ

સેન્સેક્સ, નિફ્ટી બેઝ્ડ સતત તેજી સાથે સ્મોલ, મિડ, એ ગ્રુપના ઘણા શેરોમાં ફંડોની ખરીદી આજે વધતાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૧.૩૬ લાખ કરોડ વધીને રૂ.૫૧૦.૫૬ લાખ કરોડ રહ્યું હતું.

નિફ્ટી સ્પોટ ૯૬ પોઈન્ટ વધીને ૨૫૩૮૭ : ઓટો, મેટલ શેરોમાં તેજી

FPIs/FIIની કેશમાં રૂ.૪૧૯૫ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી

કેશ એન્ડ ફ્યુચર

ઓપ્શન સ્ટ્રેટેજીસ

ફ્યુચર માર્કેટ

- સીટી યુનિયન બેન્ક : (૨૩૩)નો નવેમ્બર માસનો ફ્યુચર ૨૩૩ ઉપર ૨૨૫નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૩૯, ટાર્ગેટ -૨ ૨૪૩ સુધી સુધારાની શક્યતા છે.
- કેઈન્સ ટેકનોલોજી : (૨૮૩૪)નો નવેમ્બર માસનો ફ્યુચર ૨૮૩૪ નીચે ૨૯૭૫ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૭૫૦, ટાર્ગેટ -૨ ૨૭૦૦ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- બીએલએસ ઈન્ટરનેશનલ સર્વિસીસ : (૨૨૮) ૨૨૮ ઉપર ૨૨૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૩૫, ટાર્ગેટ -૨ ૨૩૮ સુધી સુધારાની શક્યતા છે.
- RPG લાઈફ સાયન્સ : (૨૫૪૮) ૨૫૪૮ નીચે ૨૬૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૫૦૦, ટાર્ગેટ -૨ ૨૪૭૫ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી	૧૬૯૧૭૧
મુંબઈ સોનું (૯૯.૫)	૧૩૩૬૬૪
મુંબઈ સોનું (૯૯.૯)	૧૩૪૨૦૧
અમ. ચાંદી	૧૭૩૦૦૦
અમ. સોનું (૯૯.૯)	૧૩૯૦૦૦
અમ. સોનું (૯૯.૫)	૧૩૮૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો	૩૨૦૦
અમ. કપાસિયા નવો	૨૬૩૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ	
ચાંદી ચોરસા	૧૭૦૦૦૦-૧૭૩૦૦૦
ચાંદી રૂપુ	૧૬૯૮૦૦-૧૭૨૮૦૦
ચાંદી સિક્કા જુના	૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯)	૧૩૭૫૦૦-૧૩૮૦૦૦
સોનું (૯૯.૫)	૧૩૭૨૦૦-૧૩૮૭૦૦
હોલમાર્ક	૧૩૬૨૨૦

મુંબઈ	
ચાંદી	૧૬૯૧૭૧
સોનું (૯૯.૫)	૧૩૩૬૬૪
સોનું (૯૯.૯)	૧૩૪૨૦૧

રાજકોટ	
ચાંદી	૧૭૧૫૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ	૧૪૧૦૦૦
સીક્કા (૧ ગ્રામ)	૧૪૧૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ	૧૨૫૪૦૦

દિવેલ	૨૮૦૦
પામોલીન જુનો ડબો	૨૧૫૦
પામોલીન નવો ડબો	૨૩૦૦
કોપરેલ	૪૩૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું	૨૯૫૦
તીખું સરસીયું	૩૨૦૦
સનફલાવર	૨૬૫૦
મકાઈ તેલ	૨૩૫૦

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૯૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૩૦
રાઈસ બ્રાન્ડ (૧૫કિલો)	૨૫૦૦
સોયાબીન નવો ડબો	૨૫૦૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ	૧૮૨૫
રાજકોટ મગફળી	૧૮૭૦-૧૮૮૦
સોનુ ૨૪ કેરેટ	૧૪૧૦૦૦
૧ કિલો ચાંદી	૧૭૧૫૦૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૯૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૩૦
રાઈસ બ્રાન્ડ (૧૫કિલો)	૨૫૦૦
સોયાબીન નવો ડબો	૨૫૦૦
દિવેલ	૨૮૦૦
પામોલીન જુનો ડબો	૨૧૫૦
પામોલીન નવો ડબો	૨૩૦૦
કોપરેલ	૪૩૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું	૨૯૫૦
તીખું સરસીયું	૩૨૦૦
સનફલાવર	૨૬૫૦
મકાઈ તેલ	૨૩૫૦

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
એક્સિસ બેંક	૧૩૬૭.૬૫	૨.૦૬
રિલાયન્સ	૧૩૬૮.૯૫	૨.૦૧
SBI	૧૧૦૬.૦૦	૧.૭૪
TCS	૨૪૪૧.૦૦	૧.૬૭
અદાણી પોર્ટ	૧૮૨૧.૬૦	૧.૫૬
મહિન્દ્રા	૩૪૦૦.૦૦	૧.૪૬
એ. પેઈન્ટ	૨૬૧૬.૪૦	૧.૪૬
ઈન્ડિગો	૫૬૧૦.૦૦	૧.૩૪
બજાજ ફીન	૧૮૬૬.૪૦	૧.૧૭
ઈટરનલ	૩૭૪.૬૦	૧.૦૬
ICICI બેંક	૧૫૬૬.૦૦	૦.૬૬
બજાજ ફાય	૧૧૨૦.૩૫	૦.૬૩

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
અદાણી એન્ટર	૨૭૪૫.૧૦	૩.૨૪
આઈશર મોટર્સ	૭૮૨૮.૦૦	૩.૦૧
મેક્સ હેલ્થ	૧૦૩૦.૬૦	૨.૦૮
એ. પેઈન્ટ	૨૬૨૫.૦૦	૨.૦૨
એક્સિસ બેંક	૧૩૬૬.૦૦	૧.૬૮
મહિન્દ્રા	૩૩૬૬.૦૦	૧.૮૦
SBI	૧૧૦૮.૬૦	૧.૬૬
રિલાયન્સ	૧૩૬૭.૦૦	૧.૬૫
જીયો ફીન	૨૨૮.૬૬	૧.૩૧
અદાણી પોર્ટ	૧૮૧૭.૦૦	૧.૨૭
બજાજ ફીન	૧૮૭૬.૮૦	૧.૨૨
ઈન્ડિગો	૫૬૧૧.૦૦	૧.૨૧

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી	૧૦૦-૧૬૦
બટાકા ડીસા	૧૪૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર	૮૦૦-૧૦૦૬૦
ડુંગળી એમપી	૬૦૦-૬૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ	૧૦૦
ટગર	૨૦૦-૩૦૦
ડમરો	૧૦-૧૫
લીલી	૧૦-૧૨
હજારી ગલ	૮૦૦-૧૦૦૦

ખાતર સબસિડી બજેટ અંદાજ કરતાં રૂ. ૬૦,૦૦૦ કરોડ વધવાની શક્યતા

અમદાવાદ, તા. ૧૭

ચાલુ નાણાકીય વર્ષમાં સરકારનો ખાતર સબસિડી ખર્ચ રૂ. ૧.૪૬ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે, જે સમગ્ર વર્ષના રૂ. ૧.૭૧ લાખ કરોડના બજેટ અંદાજના ૮૫% છે. તૈયાર ખાતરો અને યુરિયા માટેના મુખ્ય કાચા માલ એવા લિક્વિફાઈડ નેચરલ ગેસના ઊંચા વૈશ્વિક ભાવોને કારણે ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે.

LNGના ઊંચા વૈશ્વિક ભાવોને કારણે ખર્ચમાં વધારો

જોકે તાજેતરના મહિનાઓમાં આ ઉત્પાદનોના આંતરરાષ્ટ્રીય ભાવોમાં ઘટાડો થયો છે, તેમ છતાં સબસિડીનું બિલ બજેટ અંદાજ કરતાં ઓછામાં ઓછું રૂ. ૬૦,૦૦૦ કરોડ વધી શકે છે. જોકે, સરકાર માટે આ એક સાપેક્ષ રાહત ગણાશે, કારણ કે ખાસ કરીને એપ્રિલ-જૂન દરમિયાન ફૂડ ઓઈલ અને તેના ડેરિવેટિવ્ઝ (જેમાં એલએનજી અને યુરિયાનો સમાવેશ થાય છે)ના ભાવમાં તીવ્ર ઉછાળાને કારણે એવી આશંકા ઊભી થઈ હતી કે ખાતર સબસિડીનું બિલ બજેટ સ્તર કરતાં બમણું થઈ શકે છે.

ખાતર મંત્રાલયનો ચાલુ વર્ષ માટે સબસિડીની જરૂરિયાતનો વર્તમાન અંદાજ રૂ. ૧.૮૪ લાખ કરોડ છે. જોકે, આ એક પરંપરાગત અંદાજ છે જે એવી ધારણા પર આધારિત છે કે વર્ષના બાકીના સમયગાળા માટે ખર્ચ બજેટ સ્તરે જ રહેશે, જે શક્ય જણાતું નથી. તેથી, આ અંદાજમાં હજુ ઉપરની તરફ સુધારો થવાની શક્યતા છે.

જોકે વૈશ્વિક યુરિયાના ભાવ મે મહિનાની ટોચ પરથી તીવ્ર રીતે ઘટ્યા છે, તેમ છતાં પશ્ચિમ એશિયામાંથી ખાતરો મેળવવા એ હજુ પણ એક પડકાર છે. આ ઉપરાંત, સરકારે તાજેતરમાં રવિ ૨૦૨૬-૨૭ સીઝન માટે પોષક તત્વો આધારિત સબસિડી યોજના હેઠળ ફોસ્ફેટિક અને પોટાશિક ખાતરો માટેની સબસિડીમાં વાર્ષિક ધોરણે ૬૪%નો વધારો કરીને રૂ. ૬૩,૩૭૦ કરોડ કરી છે.

ક્રિસ્ટલ ક્રોપ પ્રોટેક્શનનો IPO

પાકસંરક્ષણ સાથે સંકળાયેલી ક્રિસ્ટલ ક્રોપ પ્રોટેક્શન કંપની જેના મુખ્ય ઉત્પાદનોમાં કૃષિ-રસાયણો અને બિયારણોનો સમાવેશ થાય છે. આ કંપની આજે તારીખ ૧૮ નવેમ્બરે આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે. કંપનીએ રૂ.૧૦ ની મૂળ કિંમત ધરાવતા શેર માટે શેર દીઠ રૂ. ૨૫૬ થી ૨૭૨ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીનો આઈપીઓ તા. ૨૦ નવેમ્બરના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૫૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૫૫ના ગુણાંકમાં શેર માટે અરજી કરી શકે છે.

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
HCL ટેક	૧૩૫૫.૫૦	૧.૯૫
પાવરગ્રીડ	૨૫૮.૦૦	૧.૫૩
ટેક મહિન્દ્રા	૧૭૫૮.૦૦	૧.૪૩
ઈન્ફોસીસ	૧૧૩૦.૦૦	૧.૨૦
ITC	૨૯૩.૦૦	૦.૬૧

ખાદ્યતેલોમાં બેતરફી વધઘટ: વિશ્વ બજારમાં પામતેલ તથા સોયાતેલ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલના ભાવ વધ્યા હતા જ્યારે કપાસિયા તેલના ભાવ ઘટયા હતા. પામતેલ તથા સનફલાવર તેલ અને કોપરેલના ભાવ નરમ હતા. જો કે મસ્ટર્ડ-સરસવ તેલના ભાવમાં તેજી આગળ વધી હતી. દરમિયાન, દિવેલ તથા હાજર એરંડાના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો.

મલેશિયામાં પામતેલના ભાવ ઝડપી ઘટતાં ત્યાંથી નિકાસ કરાતા પામતેલ પરનો નિકાસ ટેક્સ હવે દૂર થવાની વધેલી શક્યતા

વિશ્વ બજારમાં મલેશિયા ખાતે પામતેલ વાયદાના ભાવ આજે ૧૧૩ પોઈન્ટ તૂટ્યા હતા. ક્રૂડના ભાવ વિશ્વ બજારમાં ઘટતાં તેની અસર પણ વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર દેખાઈ હતી. દરમિયાન, મુંબઈ બજારમાં આજે દિવેલના હાજર ભાવ ૧૦ કિલોના વધુ રૂ.૮ ઘટતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના વધુ રૂ.૪૦ તૂટ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં આજે ટનના ભાવ જો કે એરંડા ખોળના રૂ.૧૦૦ વધ્યા હતા જ્યારે સોયાખોળના ભાવ રૂ.૧૫૦૦ વધ્યા હતા સામે સિંગખોળના ભાવ ટનના રૂ.૨૦૦૦ ઉછળ્યા હતા જ્યારે સનફલાવર ખોળના ભાવવ ટનના રૂ.૫૦૦ પ્લસમાં રહ્યા હતા.

દરમિયાન, મુંદ્રા-હઝીરા ખાતે આયાતી પામતેલના ભાવ ડિસેમ્બરના રૂ.૧૩૧૫થી ૧૩૩૦ તથા સોયાખોળના ભાવ ડિસેમ્બરના રૂ.૧૪૨૦થી ૧૪૩૫ અને સનફલાવરના ભાવ ડિસેમ્બરના રૂ.૧૬૫૦થી ૧૬૬૫ રહ્યા હતા. મલેશિયાથી નિકાસ થતા પામતેલ પરનો નિકાસ ટેક્સ દૂર કરવા વિચારણા થઈ રહી છે અને આ દિશામાં હવે ત્યાં સરકાર દ્વારા જાહેરાત ક્યારે થાય છે તેના પર વિશ્વ બજારની નજર રહી છે.

દરમિયાન, ચીનના બજારોમાં આજે પામતેલ તથા સોયાતેલના ભાવ ઘટાડા પર રહ્યા હતા. ખોપોલી ખાતે સનફલાવરના ભાવ રૂ.૧૬૧૫ જ્યારે કંડલા ખાતે સોયાતેલના ભાવ રૂ.૧૪૨૫ રહ્યા હતા. અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીન, સોયાતેલના ભાવ તૂટ્યા હતા જ્યારે ત્યાં સોયાખોળના ભાવ ઉંચકાયા હતા.

દરમિયાન,મુંબઈ હાજર બજારમાં આજે સિંગતેલના ભાવ રૂ.૧૮૬૫ તથા કપાસિયા તેલના ભાવ રૂ.૧૪૫૦ બોલાતા હતા. જ્યારે પામતેલના ભાવ રૂ.૧૩૪૫, સોયાતેલના ભાવ રૂ.૧૪૫૦ તથા સનફલાવરના ભાવ રૂ.૧૫૨૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૨૫ અને મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ રૂ.૧૯૩૦ તથા રિફાઈન્ડના રૂ.૧૯૬૦ રહ્યા હતા.

BSE સૌથી વધુ ઘટ્યા

કંપની	બંધ ભાવ	ઘટાડો (ટકામાં)
HCL ટેક	૧૩૫૫.૫૦	૧.૯૫
પાવરગ્રીડ	૨૫૮.૦૦	૧.૫૩
ટેક મહિન્દ્રા	૧૭૫૮.૦૦	૧.૪૩
ઈન્ફોસીસ	૧૧૩૦.૦૦	૧.૨૦
ITC	૨૯૩.૦૦	૦.૬૧

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદ મોજે મોડાસરની સીમના ખાતા નં.૪૯૫ ના સર્વે/બ્લોક નં. ૩૩૬/૬ ની ક્ષેત્રફળ ૮૦૦ ચો.મી. પૈકીની પૂર્વ દિશા તરફની ૪૦૦ ચો.મી. બીનખેતીની ઔદ્યોગીક હેતુની જમીન તથા ૩૩૬/૭ ની ક્ષેત્રફળ ૧૦૧૨ ચો.મી. બીનખેતીની ઔદ્યોગીક હેતુની જમીન એમ કુલ મળીને ૧૪૧૨ ચો.મી. ક્ષેત્રફળવાળી બીનખેતીની ઔદ્યોગીક હેતુની જમીન/મિલકત ''વિરભદ્રસિંહ ઉર્ફે વજેસંગ બચુભાઈ અને ખુમાનસંગ બચુભાઈ'' ની સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની આવેલ અને તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી, તેઓએ સદરહું મિલકત અંગેના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકત ઉપર જે કોઈનો હકક, દાવો, અલાખો, લાગભાગ, લીયન, બોજો, ચાર્જ, બાનાખતના હકક કે અન્ય કોઈપણ પ્રકારનો, હકક, હીસ્સો કે હીત સંબંધ વિગેરે કાંઈપણ હોયતો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ (સાત) માં અમોને દસ્તાવેજી લેખીત પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક,હીસ્સો, હીત સંબધ, બોજો, ચાર્જ નથી, અને હોય તો તેમણે પોતાનો હકક જતો [Waive] કરેલ છે, તેમ સમજીને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૮-૧૧-૨૦૨૬

સ્થળ: અમદાવાદ

આર સાવલિયા એન્ડ કંપની
આર ડી. સાવલિયા (એડવોકેટ)

ઓફીસ : રોહિત એસ્ટેટ, ઉજાલા બ્રિજની સામે, એસ.જી. હાઈવે, સરખેજ, અમદાવાદ - ૩૮૨૨૧૦.
મો.: ૯૮૯૮૦૦૧૭૮૧, ૯૮૯૮૦૧૧૭૮૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જીલ્લો અમદાવાદ, તાલુકા સાણંદ ના મોજે ગામ લોદરીયાળ ની સીમમાં આવેલ સર્વે/બ્લોક નં. ૧૮૪ પૈકી કે જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-

ભારતીય શેરબજારોની તંદુરસ્તી માટે જોખમી બનેલી એમટીએફ બુક

માર્જિન ટ્રેડિંગ ફેસેલિટી પર અંકુશોની તૈયારી

૯થી ૧૮ ટકા સુધી વ્યાજ વસૂલી ફંડિંગ પૂરું પાડતા બ્રોકરો : રોકાણકારો ઉધારીમાં રમવાની લાલચમાં દેવાજાળમાં ફસાઈ રહ્યા છે : એમટીએફ બુક વધી રૂ.૧.૫૩ લાખ કરોડ પહોંચી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૧૭

શેર બજારોમાં દેવું કરીને ઘી પીવાની આદત ઘણા ઈન્વેસ્ટરો, ટ્રેડરો માટે તબિયત બગાડનારી એટલે કે દેવા જાળમાં ફસાવી દેનારી પૂરવાર થવા લાગી હોઈ માર્જિન ટ્રેડિંગ ફેસેલિટી (એમટીએફ)ના નામે ચાલી રહેલા આ ડેટ ટ્રેપના ખેલને કારણે એમટીએફ બુક પણ જોખમી લેવલે પહોંચી જતાં બજારની તંદુરસ્તી માટે ઘાતક બનવાની ચેતવણીએ મૂડી બજાર નિયામક તંત્ર સફાળું જાગ્યું છે.



મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) આ જોખમને ધ્યાનમાં લઈ આગામી દિવસોમાં એમટીએફ લિમિટ-અંકુશો લાદવાની તૈયારી કરી રહ્યાના અહેવાલોએ આજે બ્રોકિંગ-સ્ટોક એક્સચેન્જ કંપનીઓના શેરોમાં ધોવાણ થયું હતું. એમટીએફ દ્વારા શેર ખરીદવાના વધતા વલણને ધ્યાનમાં રાખીને બજાર નિયામક તંત્ર સેબી હવે લિવરેજ ટ્રેડિંગ પર નિયંત્રણો લાદવાની વિચારણા કરી રહ્યું છે. બજારમાં અચાનક ઘટાડો આવે તો ઊંચા દેવા સાથે શેર ખરીદનારા રિટેલ રોકાણકારોને મોટું નુકશાન થઈ શકે છે. આ જોખમને ઘટાડવા માટે સેબી નવા નિયમો ઘડવા અંગે ચર્ચા કરી રહ્યું હોવાના અહેવાલ વહેતાં થયા છે.

ઉલ્લેખનીય છે કે, બ્રોકરો દ્વારા આપવામાં આવતી માર્જિન ટ્રેડિંગ સુવિધા હેઠળ રોકાણકારો પોતાની મૂડી કરતાં વધુ રકમના શેર ઉધારના નાણાંથી ખરીદી શકે છે. સામાન્ય રીતે બ્રોકરો રોકાણકારની મૂડી સામે ચાર ગણા સુધીનું લિવરેજ આપે છે. આ સુવિધા માટે ૯થી ૧૮ ટકા સુધીનું વ્યાજ વસૂલવામાં આવે છે. આ પ્રકારના માર્જિન ફંડેડ સોદાનું કુલ પ્રમાણ વધીને રૂ.૧.૫૩ લાખ કરોડ એટલે કે લગભગ ૧૬.૪ અબજ ડોલર જેટલું પહોંચી ગયું છે. જેમાં વાર્ષિક દોરણે ૨૯ટકાનો વધારો થયોછે, જ્યારે ડિસેમ્બર ૨૦૨૪ના અંતની સરખામણીમાં આ આંક લગભગ બમણો થયો છે.

અત્રે નોંધનીય છે કે, આ લિવરેજનો અંદાજે બે તૃતીયાંશ હિસ્સો સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરોમાં છે. આ સેગ્મેન્ટમાં બજારની અસ્થિરતા વધુ હોવાથી રોકાણકારો માટે જોખમ વધી શકે છે. સૂત્રોનું કહેવું છે કે, સેબી એવી વ્યવસ્થા પર વિચાર કરી રહ્યું છે કે, કોઈ કંપનીના કુલ ફ્રી ફ્લોટના ચોક્કસ પ્રમાણથી વધુ શેર એમટીએફ મારફતે ખરીદવામાં આવ્યા હોય તો તે શેરમાં નવા માર્જિન ફંડેડ સોદા પર રોક લગાવી શકાય. ચર્ચા હેઠળના સંભવિત માપદંડ મુજબ, જો કોઈ કંપનીના ફ્રી ફ્લોટના પથી ૧૦ ટકા જેટલા શેર માર્જિન ફંડિંગ દ્વારા ખરીદાયેલા હોય, તો તે શેરમાં નવા એમટીએફ પોઝિશન લેવાની મંજૂરી રોકી શકાય છે. અલબત, આ મર્યાદા અને તેની ચોક્કસ ટકાવારી અંગે હજુ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

એક્સચેન્જના ડેટા મુજબ, ઓછામાં ઓછા ૩૬ શેરો-સ્ક્રિપોમાં એમટીએફ ફંડેડ પોઝિશન કંપનીના ફ્રી ફ્લોટના ૧૦ટકાથી વધુ છે, જ્યારે ૨૨૦થી વધુ શેરોમાં આ પ્રમાણ પાંચ ટકાથી વધારે છે. જેમાં મુખ્યત્વે સ્મોલ-કેપ અને મિડ-કેપ શેરોનો સમાવેશ થાય છે. જો કે, કેટલીક મોટી અને રોકાણકારોમાં લોકપ્રિય કંપનીઓમાં પણ માર્જિન ફંડિંગનું પ્રમાણ નોંધપાત્ર છે. આ કંપનીઓમાં તાજેતરમાં લિસ્ટ થયેલી જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ, નઝારા ટેકનોલોજીસ અને ઝી એન્ટરટેન્મેન્ટ એન્ટરપ્રાઈસીઝનો સમાવેશ છે.

વિશ્વના અન્ય બજારોમાં પણ લિવરેજ ટ્રેડિંગને કારણે અસ્થિરતા જોવા મળી છે. દક્ષિણ કોરિયામાં આ વર્ષે શેરના ભાવમાં ઘટાડા બાદ, માર્જિન કોલ્સમાં વધારો થયો હતો, જેના કારણે રોકાણકારો પર દબાણ વધ્યું હતું. સેબી દ્વારા આ અંગે નવા પ્રસ્તાવો તૈયાર કરવામાં આવશે અને અંતિમ નિયમો લાગુ કરતાં પહેલા તેને જાહેર ચર્ચા માટે રજૂ કરવામાં આવશે. સ્ટોક એક્સચેન્જો, બ્રોકર્સ કંપનીઓના શેરોમાં આજે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) રૂ.૮.૨૦ ઘટીને રૂ.૨૦૬૧.૮૫, બોમ્બે સ્ટોક એક્સચેન્જ-બીએસઈ લિમિટેડ રૂ.૨૨.૫૦ ઘટીને રૂ.૩૮૬૪.૯૦ રહ્યા હતા.

બ્રોકર્સ, સ્ટોક એક્સચેન્જ કંપનીઓના શેરોમાં ઝડપી ઘટાડો નોંધાયો

શેરબજારમાં કરેકશનને પરિણામે

પ્રમોટર શેર પ્લેજિંગ ૬૫ ટકા વધી રૂપિયા ૭.૯૦ લાખ કરોડ પહોંચ્યું

મુંબઈ, તા. ૧૭

ભારતીય ઈક્વિટીસ માર્કેટમાં તાજેતરમાં આવેલા કરેકશનને પરિણામે લિસ્ટેડ કંપનીઓના પ્રમોટરોએ લોન પેટે કોલેટરલ તરીકે વધુ શેરો ગીરવે મૂકવાની ફરજ પડી હોવાનું જણાઈ રહ્યું છે.

ભારતની ટોચની ૧૦૦૦ લિસ્ટેડ કંપનીઓના પ્રમોટરો દ્વારા કોલેટરલ તરીકે ગીરવે મુકાયેલા શેરોનું બજાર મૂલ્ય છ ત્રિમાસિક ગાળામાં ૬૫ ટકા જેટલુ વધી રૂપિયા ૭.૯૯ લાખ કરોડ પહોંચી ગયાનું એક રિપોર્ટમાં જણાવાયુ હતું.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)ની તાજેતરમાં ભારતીય બજારમાં ફરી નીકળેલી લેવાલીથી ઈક્વિટીમાં રિકવરી જોવા મળી રહી છે, જેને પરિણામે પ્રમોટરોને રાહત થવાની શકયતા જોવાઈ રહી છે.

ગીરવે મુકાયેલા શેરોનું એકંદર બજાર મૂલ્ય માર્ચ, ૨૦૨૫ના અંતે જે રૂપિયા ૪.૭૭ લાખ કરોડ રહ્યુ હતું તે સપ્ટેમ્બર, ૨૦૨૬ના અંતે વ ધી રૂપિયા ૭.૯૯ લાખ કરોડ પહોંચી ગયુ હતું.

પ્રમોટર હોલ્ડિંગ ગીરવે મુકાયા હોય તેવી કંપનીઓની સંખ્યા ૧૮૧ થી વધી સદર સમયગાળામાં ૨૧૧ પહોંચી ગઈ હતી.

એપ્રિલ ૨૦૨૫થી સપ્ટેમ્બર, ૨૦૨૬ના ગાળામાં બેન્ચમાર્ક સેન્સેકસમાં સાત ટકા જેટલુ કરેકશન આવ્યુ હતું. કરેકશન દરમિયાન શેરોના મૂલ્યમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો જેને પગલે ધિરાણદારોએ કંપનીઓના પ્રમોટરો પાસેથી કોલેટરલ તરીકે વધુ શેરોની માગણી કરી હતી.



એફપીઆઈની જંગી વેચવાલને કારણે શેરબજારમાં કરેકશન જોવા મળ્યુ હતું, જે હાલમાં અટકયુ છે અને નોંધપાત્ર રિકવરી જોવા મળી છે.

ગીરવે મુકાયેલ પ્રમોટર હોલ્ડિંગ સાથેની ૨૧૧ કંપનીઓમાંથી ૧૪૧ કંપનીઓના ગીરવે મુકાયેલા શેરોના ભાવમાં માર્ચ, ૨૦૨૫ની સરખામણીએ વધારો થયો છે જ્યારે ૪૬ કંપનીના શેરભાવ ઘટયા છે. ૨૪ કંપનીઓના શેરભાવમાં સ્થિરતા જોવા મળી છે.

અગાઉથી જ ગીરવે મુકાયેલ પ્રમોટર હોલ્ડિંગ સાથેની કંપનીના લિસ્ટિંગને કારણે પણ ગીરવે મુકાયેલા શેરોનું બજાર મૂલ્ય ઊંચે ગયાનું માનવામાં આવે છે.

શેરના ભાવમાં ઝડપી ઘટાડાની સ્થિતિમાં પ્રમોટરોએ વધુ શેરો ગીરવે મૂકવાની ફરજ પડે છે

RBI વ્યાજ દરોમાં વધુ ૫૦થી ૭૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરશે

અમદાવાદ, તા. ૧૭

ઓક્ટોબરમાં રિટેલ ફુગાવાએ બે વર્ષમાં પ્રથમ વખત સેન્ટ્રલ બેંકની ૬ ટકાની ઉપલી સહનશીલતા મર્યાદા વટાવી દીધી હોવાથી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રેપો રેટમાં વધુ ૫૦-૭૫ બેસિસ પોઈન્ટ્સ (bps)નો વધારો કરે તેવી શક્યતા છે, જેનાથી વર્તમાન સાયકલમાં ટર્મિનલ રેટ ૬-૬.૨૫ ટકા થઈ જશે તેવું અર્થશાસ્ત્રીઓનું માનવું છે. છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીની બેઠક ૨થી ૪ ડિસેમ્બર દરમિયાન મળવાની છે.

ફુગાવાને અસર કરતી અલ નીનો પરિસ્થિતિની શક્યતાને કારણે આગામી સમયનું ચિત્ર ધૂંધળું



કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ દ્વારા માપવામાં આવતો રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં ૫.૫૪ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૬.૦૯ ટકા થયો છે, જે મુખ્યત્વે ખાદ્ય પદાર્થોના ભાવમાં તીવ્ર વધારાને કારણે છે. આ જ સમયગાળા દરમિયાન ખાદ્ય ફુગાવો ૭.૭૪ ટકાથી વધીને ૮.૬૪ ટકા થયો છે. ૨૦૨૪ને બેઝ યર તરીકે રાખીને નવી કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ શ્રેણીની શરૂઆત થઈ ત્યારથી ઓક્ટોબરનો આ આંકડો સૌથી વધુ છે.

જ્યારે અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે ફુગાવો મોટે ભાગે ટોચ પર પહોંચી ગયો છે અને આગામી મહિનાઓમાં તેમાં ઘટાડો થશે, ત્યારે તેઓ માને છે કે ભાવનું દબાણ ઊંચું રહેશે, જેના કારણે વધુ નાણાકીય કડકાઈ જરૂરી બનશે. ખાદ્ય અને ઊર્જાના ઊંચા ભાવ, પ્રતિકૂળ બેઝ ઇફેક્ટ અને કૃષિ ઉત્પાદન અને ખાદ્ય ફુગાવાને અસર કરતી લાંબી અલ નીનો પરિસ્થિતિની શક્યતાને કારણે આગામી સમયનું ચિત્ર ધૂંધળું છે.

ઓક્ટોબરમાં, મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કરીને ૫.૫૦ ટકા કર્યો હતો અને તેનું વલણ તટસ્થથી બદલીને કેલિબ્રેટેડ ટાઈટનિંગ કર્યું હતું. મોનેટરી પોલિસી કમિટીએ અપૂરતા ચોમાસા, ચાલુ અલ નીનોની સ્થિતિ અને ઊર્જા અને કોમોડિટીના ઊંચા ભાવોને કારણે ફુગાવાના પુરવઠા-પક્ષના જોખમો તરફ ઈશારો કર્યો હતો. તેણે સંકેત આપ્યો હતો કે દર વધારાની સાયકલનો વ્યાપ અને સમયગાળો અંતર્ગત ભાવ દબાણના વિસ્તરણ અને પુરવઠાના આંચકાઓથી થતી બીજા તબક્કાની અસરો પર નિર્ભર રહેશે.

સપ્ટેમ્બર ત્રિમાસિકનો જીડીપી દર મંદ પડી ૭.૫૦ ટકા રહેવા ધારણા

મુંબઈ, તા. ૧૭

વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ભારતનો આર્થિક વિકાસ દર ધીમો પડી ૭.૫૦ ટકા સાથે પાંચ ત્રિમાસિક ગાળાની નીચી સપાટીએ રહેવા ઈકા દ્વારા ધારણાં મૂકવામાં આવી છે.

અલ નિનોના કારણે કૃષિ ઉત્પાદન પર પ્રતિકૂળ અસર જોવા મળી

જૂન ત્રિમાસિકમાં આર્થિક વિકાસ દર ૭.૮૦ ટકા રહ્યો હતો. અલ નિનોની અસરને પરિણામે સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાનો વિકાસ દર નબળો પડયાનું જણાઈ રહ્યું છે.નીચા કૃષિ ઉત્પાદન તથા સરકારી ખર્ચમાં ઘટાડાને કારણે દેશમાં ઔદ્યોગિક તથા સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં સ્થિતિસ્થાપકતા ઓફસેટ થઈ ગઈ છે.

સપ્ટેમ્બર ત્રિમાસિક માટે રિઝર્વ બેન્કે વિકાસ દરની ધારણાં ૭.૨૦ ટકા મૂકી છે.

બહારી પડકારો છતાં ઔદ્યોગિક તથા સેવા પ્રવૃત્તિઓ તંદૂરસ્ત રહી હોવાનું હાઈ ફ્રિકવન્સી ઈન્ડીકેટર્સ સૂચવે છે, પરંતુ ચોમાસામાં વરસાદની ખાધે કૃષિ ઉત્પાદન પર અસર કરી હોવાનું એજન્સીના રિપોર્ટમાં જણાવાયુ હતું.

અલ નિનોની અસરને કારણે ખરીફ ઉત્પાદન પર પ્રતિકૂળ અસર પડવાની શકયતા જોવાઈ રહી છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં કૃષિ ક્ષેત્રમાં ગ્રોસ વેલ્યુ એડેડ (જીવીએ) વૃદ્ધિ જે ૩.૬૦ ટકા રહી હતી તે નબળી પડી સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૦.૨૦ ટકા રહેવા ધારણાં મૂકવામાં આવી છે.

વિદ્યુતીકરણથી અશ્મિભૂત ઈંધણની આયાતમાં મોટો ઘટાડો થવાની શક્યતા

અમદાવાદ, તા. ૧૭

ક્લાઈમેટ કમ્પેટિબલ ફ્યુચર્સના એક નવા અહેવાલ મુજબ, જો ભારત ગ્રીન હાઈડ્રોજન અને બાયોએનર્જીના સમર્થન સાથે પરિવહન, ઉદ્યોગ અને ઘરોમાં વિદ્યુતીકરણને વેગ આપે, તો તે વર્તમાન ગતિની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૦૩૫ (FY૩૫) સુધીમાં અશ્મિભૂત ઈંધણ (ફોસિલ ફ્યુઅલ)ની આયાત પર વાર્ષિક રૂ. ૯.૬ લાખ કરોડની બચત કરી શકે છે.

અભ્યાસનો અંદાજ છે કે સામાન્ય પરિસ્થિતિ (બિઝનેસ-એઝ-યુઝ્યુઅલ) હેઠળ રૂ. ૧૭ લાખ કરોડના અંદાજ સામે દેશનું વાર્ષિક આયાત બિલ ઘટીને રૂ. ૭.૪ લાખ કરોડ થઈ શકે છે.

અહેવાલમાં જણાવાયું છે કે ઝડપી વિદ્યુતીકરણથી નાણાકીય વર્ષ ૨૦૨૫ (FY૨૦૨૫)ના રૂ. ૧૨.૫ લાખ કરોડના સ્તરથી વાર્ષિક અશ્મિભૂત ઈંધણ આયાત ખર્ચમાં ૪૦%થી વધુનો ઘટાડો થઈ શકે છે.

૧૮ નવેમ્બર, ૨૦૨૦ના જારી કરાયેલા SGBનું પ્રતિ ગ્રામ રૂપિયા ૧૩૪૯૯ના ભાવે રિડમ્પશન

મુંબઈ, તા. ૧૭

૧૮ નવેમ્બર, ૨૦૨૦ના જારી કરાયેલા નાણાં વર્ષ ૨૦૨૦-૨૧ની આઠમી શ્રેણીના સોવેરિન ગોલ્ડ બોન્ડ (એસજીબી)નું ૧૮મી નવેમ્બર, ૨૦૨૬ના મુદત પૂર્વે રિડમ્પશન કરવાનું જાહેર કરાયુ છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલી યાદી પ્રમાણે આ એસજીબીનો રિડમ્પશન ભાવ પ્રતિ એક ગ્રામના રૂપિયા ૧૩૪૯૯ નિશ્ચિત કરાયો છે.

સદર એસજીબી પ્રતિ ગ્રામ રૂપિયા ૫૧૭૩ના ભાવે આઠ વર્ષ માટે જારી કરવામાં આવ્યા હતા. જો કે રિઝર્વ બેન્કના નિયમ પ્રમાણે એસજીબીનું તે જારી થયાની તારીખથી પાંચ વર્ષ બાદ મુદત પૂર્વે રિડમ્પશન કરી શકાય છે.

બેટરી સ્ક્રેપ નિકાસ પર પ્રતિબંધ સ્થાનિક રિફાઈનરોની કસોટી કરશે

અમદાવાદ, તા. ૧૭

લિથિયમ-આયન બેટરીના બ્લેક માસની નિકાસ પર ભારતના પ્રતિબંધથી સ્થાનિક ક્રિટિકલ મિનરલ રિફાઈનિંગને વેગ મળી શકે છે, પરંતુ બેટરી-ગ્રેડ રિકવરીની મર્યાદિત ક્ષમતા અને સ્ક્રેપના ઘટતા ભાવની ચિંતા મુખ્ય પડકારો બની રહ્યા છે.

બેટરી-ગ્રેડ રિકવરીની મર્યાદિત ક્ષમતા અને સ્ક્રેપના ઘટતા ભાવની ચિંતા મુખ્ય પડકારો બની રહેશે



દેશ પાસે આ મટિરિયલને સમાવવા માટે પૂરતી રિફાઈનિંગ ક્ષમતા હોવા છતાં, ઉદ્યોગના સુત્રો અને વિશ્લેષકોનું કહેવું છે કે તાત્કાલિક કસોટી એ વાતની છે કે સ્થાનિક પ્રોસેસરો બેટરી કલેક્શનના અર્થશાસ્ત્રને અસર કર્યા વિના ઉચ્ચ-શુદ્ધતા ધરાવતું લિથિયમ, કોબાલ્ટ અને નિકલ રિકવર કરી શકે છે કે કેમ.

ઈન્સ્ટિટ્યૂટ ફોર એનર્જી ઈકોનોમિક્સ એન્ડ ફાઈનાન્શિયલ એનાલિસિસ દ્વારા ટાંકવામાં આવેલા સરકાર અને નીતિ આયોગના ડેટા અનુસાર, ભારત પાસે વાર્ષિક આશરે ૭૫,૫૦૦ ટન બ્લેક માસ રિફાઈનિંગ ક્ષમતા છે, જે ૨૦૨૫માં આયુષ્ય પૂર્ણ કરનાર ૩૬,૦૦૦ ટન લિથિયમ-આયન બેટરી કરતા લગભગ બમણી છે. જોકે, ૨૦૨૫માં રિસાયકલ કરાયેલા બ્લેક માસમાંથી રિકવર કરાયેલા માત્ર ૧૦% સોલ્ટ્સ જ બેટરી ઉત્પાદન માટે પૂરતા શુદ્ધ હતા. બાકીના મોટાભાગના મટિરિયલની નીચા-ગ્રેડના ઔદ્યોગિક સોલ્ટ્સ તરીકે નિકાસ કરવામાં આવી હતી.

મટિરિયલને સ્થાનિક સ્તરે પ્રોસેસ કરવાની ભારતની ક્ષમતા અંગે એનર્જી ફાઈનાન્સ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, જથ્થાની દ્રષ્ટિએ, હા. ગુણવત્તાની દ્રષ્ટિએ, હજુ સુધી નહીં. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ એ ૧૦ નવેમ્બરના જાહેરનામા દ્વારા, આગામી આદેશો સુધી તાત્કાલિક અસરથી લિથિયમ-આયન બેટરી બ્લેક માસનું નિકાસ વર્ગીકરણ ફ્રી (મુક્ત)થી બદલીને પ્રોહિબિટેડ (પ્રતિબંધિત) કરી દીધું છે. વપરાયેલી બેટરીઓના ટુકડા કરીને મેળવવામાં આવતા આ પાવડર જેવા મટિરિયલમાં રિકવર કરી શકાય તેવા લિથિયમ, કોબાલ્ટ, નિકલ અને મેંગેનીઝ હોય છે.

જાણકારો એ જણાવ્યું હતું કે, પ્રોસેસિંગ ક્ષમતાના અભાવે મટિરિયલ ભારતની બહાર જઈ રહ્યું નથી. ચીન અને કોરિયાના રિફાઈનરો એટલા મોટા પાયે કામ કરે છે કે તેઓ ભારતીય પ્રોસેસરો કરતા ઊંચી બોલી લગાવી શકે છે, જેના કારણે કાચો માલ (ફીડસ્ટોક) સ્થાનિક સુવિધાઓથી દૂર ખેંચાઈ જાય છે.

રિસાયકલકરો ક્રિટિકલ મિનરલ્સ રિકવર કરવા માટે વાર્ષિક ૧૦,૦૦૦ ટનની હાઈડ્રોમેટલર્જિકલ ક્ષમતા ધરાવે છે. આયુષ્ય પૂર્ણ કરનાર બેટરીનો જથ્થો ૨૦૨૩માં આશરે ૧૯,૦૦૦ ટન હતો, જે ૨૦૩૫ સુધીમાં વધીને ૨.૩ લાખ ટનથી વધુ થવાની ધારણા છે.

રૂપિયો એકધારી તેજી વચ્ચે સાત માસની ટોચેઃ ડોલર નીચામાં રૂ.૯૩.૩૯ ઉતર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઘટાડો ઝડપથી આગળ વધતાં રૂપિયો વધુ ઉછળી ૭ મહિનાની ટોચે પહોંચી ગયો હતો. શેરબજારમાં તેજી તથા વિશ્વ બજારમાં ફૂડના ભાવમાં પીછેહટ વચ્ચે કરન્સી બજારમાં રૂપિયો તાજેતરમાં ટૂંકાગાળામાં ઝડપી ઉછળતો જોવા મળ્યો છે.

રૂપિયા સામે પાઉન્ડ તથા યુરોના ભાવ પણ વધુ ગબડ્યો

ફોરેક્સ ભાવ	
ડોલર	રૂા. ૯૩.૪૭
પાઉન્ડ	રૂા. ૧૨૩.૩૬
યુરો	રૂા. ૧૦૨.૮૪
યેન	રૂા. ૦.૫૯
બ્રેન્ટ ક્રૂડ	૯૩.૨૫ ડોલર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૩.૯૩ વાળા સવારે રૂ.૯૩.૭૨ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૩.૭૫ તથા નીચામાં ભાવ રૂ.૯૩.૩૯થઈ રૂ.૯૩.૪૭ના મથાળે બંધ રહ્યા હતા. રૂપિયા સામે આજે ડોલરના ભાવ વધુ ૪૬ પૈસા ઘટતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૪૯ ટકા ઉછળ્યો હતો. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૩.૭૦ થયા પછી ઘટી નીચામાં ૧૦૩.૪૩ થઈ ૧૦૩.૪૭ રહ્યાના નિર્દેશો હતા.

આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ વધુ ૫૩ પૈસા ઘટી ૧૨૩.૩૬ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ આજે વધુ ૫૯ પૈસા ગબડી રૂ.૧૦૨.૮૪ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૨૪ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૫૧ ટકા માઈનસમાં રહી હોવાનું કરન્સી બજારના સૂત્રોએ જણાવ્યું હતું. શેરબજાર વધતાં દેશમાં ડોલરનો ઈન્ફ્લો વધ્યાની ચર્ચા હતી.

સોના-ચાંદીમાં સતત ઘટાડોઃ જો કે ગોલ્ડ ઈટીએફમાં ઈન્ફ્લો શરૂ થયાના સંકેતો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. તૂટતા ભાવોએ નવી માગ ધીમી હતી. ગ્રાહકો ભાવ હજી વધુ નીચા ઉતરશે એવી આશાએ નવી ખરીદીમાં વિલંબ કરી રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. આ ઉપરાંત ઘરઆંગણે કરન્સી બજારમાં ભાવ દબાણ હેઠળ રહ્યા હતા.

ફૂડમાં પીછેહટ તથા સપ્લાય સરપ્લસ વચ્ચે અમેરિકામાં ભાવ ઘટી આઠ મહિનાના તળિયેઃ ઘટાડે ચીનની ખરીદી

વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ઉંચામાં ૩૮૮૬ તથા નીચામાં ૩૮૪૩ ડોલર રહી ૩૮૬૮થી ૩૮૬૯ ડોલર રહ્યાના સમાચાર હતા. ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ તૂટી ૯૯૫ના ભાવ રૂ.૧૩૮૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૩૯૦૦૦ બોલાયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૭૩૦૦૦ બોલાતા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ઉંચામાં ૪૮.૦૧ તથા નીચામાં ૪૬.૮૩ ડોલર થઈ ૪૭.૬૫થી ૪૭.૬૬ ડોલર રહ્યા હતા.

દરમિયાન, વૈશ્વિક સ્તરે ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ ઈટીએફમાં આઉટ ફ્લોને બ્રેક વાગતાં તાજેતરમાં હવે ઈન્ફ્લો ફરી વધવાની શરૂઆત થયાના સમાચાર મળ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધુ રૂ.૮૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૩૩૬૬૪ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૩૪૨૦૧ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર આજે વધુ રૂ.૧૧૦૦ તૂટી રૂ.૧૬૯૧૭૧ રહ્યા હતા. વિશ્વ બજારમાં ફૂડના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૯૪.૪૪ વાળા ૯૧.૨૬ થઈ ૯૨.૮૫ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૮૭.૬૯ વાળા ૮૪.૬૮ થઈ ૮૬.૨૧ ડોલર રહ્યા હતા. ફૂડમાં વિશ્વ બજારમાં ઘટયા મથાળે ચીનની માગ ફરી વધ્યાના સંકેતો પણ મળ્યા હતા.

દરમિયાન, મુંબઈ બજારમાં આજે પ્લેટીનમના ભાવમાં બેતરફી મોટી અફડાતફડી દેખાઈ હતી. પ્લેટીનમના ભાવ આરંભમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૫૪૭ વાળા રૂ.૪૯૮૬૯ ખુલ્યા હતા પરંતુ ત્યારબાદ ભાવ ફરી ઉછળી રૂ.૫૩૧૦૭ બંધ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ઉંચામાં ૧૪૮૨ તથા નીચામાં ભાવ ૧૪૪૩ થઈ ૧૪૫૪થી ૧૪૫૫ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઔંસના ઉંચામાં ૯૯૬ તથા નીચામાં ૯૬૬ થઈ ૯૯૪થી ૯૯૫ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ ૦.૩૪ ટકા માઈનસમાં રહ્યા હતા.

માઈક્રોસોફ્ટમાં આઉટેજને પરિણામે ભારતના આઈટી સેવા ક્ષેત્રને ૨૦ કરોડ ડોલરનો ફટકો

મુંબઈ, તા. ૧૭

ગયા સપ્તાહમાં માઈક્રોસોફ્ટ માં સર્જાયેલા આઉટેજને પરિણામે ૩૧૫ અબજ ડોલરના ભારતના ઈનફરમેશન ટેકનોલોજી (આઈટી) સેવા ક્ષેત્રને ૨૦ કરોડ ડોલરનો ફટકો પડયો હોવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.

આઉટેજને કારણે કનેકટિવિટી કપાઈ જતા આઈટી સેવા કંપનીઓએ બિલિંગ કરી શકાય એવા કલાકો ગુમાવવાની ફરજ પડી હતી એટલું જ નહીં પ્રોજેકટ પૂરા કરવામાં ઢીલ પડી હતી અને ડિલિવરી સમયસર પાર પાડી નહીં શકવાને કારણે વધારાનો ખર્ચ ભોગવવો પડયો હતો એમ એક રિપોર્ટમાં જણાવાયુ હતું.



આ ખલેલને કારણે ભારતના આઈટી સેવા ઉદ્યોગને ૨૦ કરોડ ડોલરનું નુકસાન ગયાનો અંદાજ હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યુ છે.

વૈશ્વિક સ્તરે ટાઈમ એન્ડ મટિરિઅલ પ્રોજેકટસના સરેરાશ ચાર બિલિંગ કલાકો વેડફાઈ ગયા હતા. કેટલાક કામો તો સંપૂર્ણ દિવસ સુધી ખોરવાયેલા રહ્યા હતા.

કેટલાક પ્રોજેકટસની કામગીરીમાં થોડોક સમય ખલેલ પડી હતી તો કેટલાકમાં આખા દિવસનું કામકાજ ખોરવાઈ ગયુ હતું.

૧૨મી નવેમ્બરે આઉટેજ સર્જાયુ હતું અને આઉટલુક, ટીમ્સ તથા કામના સ્થળના અન્ય અપ્લિકેશનો સહિત માઈક્રોસોફ્ટ ૩૬૫ સર્વિસીઝ ૨૪ કલાક કરતા વધુ સમય સુધી ખોરવાઈ ગયા હતા.

વિશ્વના મોટાભાગના દેશોમાં વેપાર કામકાજ પર અસર પડી હતી અને દૈનિક કામગીરી પાર પાડવા વપરાતા ટુલ્સનું જોડાણ કરવામાં કર્મચારીઓને સમશ્યા ઊભી થઈ હતી.

જે પ્રોજેકટસમાં કલાયન્ટસને કલાકો પ્રમાણે બિલિંગ કરવામાં આવે છે, તેવા કલાકો ભરપાઈ થઈ શકે એમ નથી, જે નુકસાનીમાં જ ગયા છે.

અગાઉથી નિશ્ચિત કરેલી પ્રાઈસ સાથેના પ્રોજેકટસ પૂરા કરવા માટે કંપનીઓએ વધારાની મહેનત કરવી પડશે જેથી ઢીલમાં પડેલા કામકાજ સમયસર પૂરા કરી શકાય એમ રિપોર્ટમાં વધુમાં જણાવાયુ હતું.

તાત્કાલિક નાણાકીય નુકસાનીમાં પ્રોડકટિવ કલાકોની બરબાદી, નિર્ણયોમાં ઢીલ તથા વધુ સમય ફાળવવા પાછળના ખર્ચનો સમાવેશ થાય છે. કેટલીક કંપનીઓમાં ઈમેલ મારફતના કામકાજ અટકી પ

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

ટીપ્પણી પછી બીનરાજકીય વ્યક્તિઓએ પણ સરમાની ટીપ્પણીની આકરી ટીકા કરી હતી.

'લોકો હેરાન છે અને વડાપ્રધાન રાજકારણમાં વ્યસ્ત છે'

કોંગ્રેસનો આરોપ છે કે સરકારની આર્થિક નિતિ અને લોકો વિરોધી નીતિઓને કારણે મોંઘવારી બેકાબુ થઈ ગઈ છે. પક્ષે કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અસંવેદનશીલતા અને અભિમાનને કારણે પરિસ્થિતિ બદતર બની છે. સંકટ વચ્ચે પણ વડાપ્રધાનને રાજકારણની ચિંતા છે. કોંગ્રેસના મહામંત્રી અને પ્રભારી જયરામ રમેશએ સોશ્યલ મીડિયા એક્સ પર એક મીડિયા રીપોર્ટ મૂકીને ટીપ્પણી કરી હતી. આ રીપોર્ટ પ્રમાણે દર ૧૦માંથી ૬ કુટુંબ એક વર્ષ પહેલાની સરખામણીએ ઘરેલુ સામાન પર ૨૦ ટકા વધુ ખર્ચ કરી રહ્યા છે. જયરામ રમેશએ લખ્યું છે કે, 'મોંઘવારીને કારણે લોકો હેરાન છે અને કામધંધા બંધ હોવાથી મજબૂર છે. સરકારની નીતિને કારણે સામાન્ય લોકો અને વેપારીઓની કમર તૂટી રહી છે. ૬૧ ટકા કુટુંબોનો માસિક ખર્ચ ૨૦ ટકા વધી ગયો છે.'

સીજેપીએ સંગઠનનું વિસ્તરણ કર્યું

કોકરોચ જનતા પાર્ટી છેલ્લા ઘણા સમયથી શાંત થઈ ગઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું માગવા માટે દેખાવો કર્યા પછી સીજેપીના હોદ્દેદારો એકાએક નેપથ્યમાં ચાલ્યા ગયા છે. હવે સીજેપીએ નવા સંગઠનના સભ્યોની જાહેરાત કરી છે. કોકરોચ જનતા પાર્ટીએ સોશ્યલ મીડિયા પર આ બાબતે જાણકારી આપી છે. સીજેપીએ બે નવા ઝોનલ ઈન્ચાર્જ અને ઉત્તર ઝોન માટે બે સંકલન સમીતીના સભ્યો અને ઉત્તર પૂર્વ ઝોન માટે ૧૪ સંકલન સમીતીના સભ્યો જાહેર કર્યા છે. સાથે ૯ રાજ્યો માટેની રાજ્ય સ્તરની સંકલન સમીતીની જાહેરાત પણ કરવામાં આવી છે. સીજેપીએ સોશ્યલ મીડિયા પર લખ્યું છે કે, 'કોકરોચ જનતા પાર્ટીની ટીમના નવા સભ્યોને મળો. અમે આખા દેશમાં એક મજબૂત અને વધુ સક્રિય સંગઠન બનાવી રહ્યા છીએ.'

વિરોધ પક્ષના નેતાઓએ જ્ઞાનેશ કુમારને કયા સવાલો પૂછવા છે?

રાહુલ ગાંધી સહિત વિરોધપક્ષના નેતાઓએ સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ રજુ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરોને સવાલ પૂછવાની મંજૂરી માંગી છે. નેતાઓએ ૪૮ સવાલો તૈયાર કર્યા છે. કેટલાક સવાલો આ પ્રકારે છે. સીઈસી અને અન્ય કમિશનરોએ જવાબી સોગંદનામા માટે કેવી રીતે મંજૂરી આપી? શું આ મંજૂરી ઈલેક્ટ્રોનિક માધ્યમથી લેવામાં આવી હતી? શું એસઆઈઆર સંબંધીત કોઈ નિર્ણય પર ચૂંટણી પંચમાં બહુમતિના આધારે નિર્ણય લેવામાં આવ્યો હતો? શું અત્યાર સુધી કોઈ ખાનગી કોન્ટ્રાક્ટરને મતદાર યાદીના ડેટાબેઝમાં ડેટા લખવાનો કે બદલવાનો અધિકાર આપવામાં આવ્યો હતો? ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ કેટલીવાર લેખીતમાં વાંધો નોંધાવ્યો હતો? સમગ્ર દેશમાં એસઆઈઆર શરૂ કરવાનો નિર્ણય ચૂંટણી પંચે કઈ તારીખે લીધો હતો?

ઉત્તરાખંડમાં ડીજીટલ સ્વ-વસ્તીગણતરીની શરૂઆત

વસ્તીગણતરી ૨૦૨૭ સંદર્ભે ઉત્તરાખંડમાં પહેલી રિસેમ્બરથી ઘરે ઘરે જઈને વસ્તીગણતરીની પ્રક્રિયા શરૂ થશે. જોકે એ પહેલા ૧૬મી નવેમ્બરથી ઉત્તરાખંડમાં ડીજીટલ સ્વ-ગણનાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મતલબ કે ૩૦મી નવેમ્બર સુધી લોકો પોતે જ પોતાની ગણતરી કરી શકે છે. ત્યાર પછી ઘરે ઘરે જઈને વસ્તીગણતરીની પ્રક્રિયા શરૂ થશે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના કહેવા પ્રમાણે વસ્તીગણતરીથી મળેલી માહિતીને કારણે ભવિષ્યની વિકાસ યોજનાઓ તૈયાર કરવાની જાણકારી મળશે. ઉત્તરાખંડની અસમાન ભૌગોલિક પરિસ્થિતિવાળા રાજ્યમાં વસ્તીગણતરીના સાચા આંકડાનું ખાસ મહત્વ છે. પર્વતિય વિસ્તારોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, રસ્તાઓ કે પાણી જેવી મૂળભૂત સગવડો માટે ક્ષેત્રદીઠ વસ્તી જાણવી અગત્યની છે. વસ્તી ગણતરીના સાચા આંકડા ઉપલબ્ધ થાય તો વિકાસ છેવટની વ્યક્તિ સુધી પહોંચી શકે.

૧૧ લાખ જવાનો સાથે અળખામણો વ્યવહાર શા માટે

કેન્દ્રીય અર્ધ સૈનિક દળો 'સીએપીએફ'ના રીટાયર્ડ કર્મચારીઓને લશ્કરની માફક 'પૂર્વ સૈનિક'નો દરજ્જો આપવા માટે કોઈ રાજ્ય તૈયાર નથી. ગૃહમંત્રાલય દ્વારા ૧૪ વર્ષ પહેલા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસીત પ્રદેશોને કહેવામાં આવ્યું હતું કે અર્ધ સૈનિક દળોના રીટાયર્ડ કર્મચારીઓને 'એક્સ સીએપીએફ પર્સનલ'નો દરજ્જો આપવામાં આવે. એલાયન્સ ઓફ ઓલ એક્સ પેરામીલીટરી ફોર્સીસ વેલફેર એસોસીએશનના જણાવ્યા પ્રમાણે ત્યાર પછી ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૩, ૨૯ જૂન ૨૦૧૩ અને ૨૩ માર્ચ ૨૦૧૪એ ગૃહમંત્રાલય તરફથી દરેક રાજ્યને પત્રો લખીને એક્સ સીએપીએફ પર્સનને એક્સ સર્વિસમેનના ધોરણે તમામ લાભ આપવા કહેવામાં આવ્યું હતું. જોકે દેશના એક પણ રાજ્યએ સીએપીએફના જવાનોને એક્સ સર્વિસમેનનો દરજ્જો આપ્યો નથી. રાજ્યો ગૃહમંત્રાલયની વાત કેમ માની રહ્યા નથી એની જાણ કોઈને નથી.

'માફી દીલથી માંગો, દિમાગથી નહીં'

ન્યાયતંત્ર વિરૂદ્ધ કરેલી ટીપ્પણી માટે સુપ્રિમ કોર્ટે શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ સંજય રાઉતને સલાહ આપી છે. ફોજદારી અવમાનનાની કાર્યવાહીની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું છે કે માફી દિલથી માંગવી જોઈએ. દિમાગથી નહીં. કોર્ટે રાઉતને અનુભવી નેતા અને સાંસદ ગણાવીને સાર્વજનિક નિવેદન બાબતે સંયમ રાખવાની સલાહ આપી હતી. સુપ્રિમ કોર્ટ બાર એસોસીએશન (એસસીબીએ)એ પત્રકાર નિખિલ વાઘલે અને સંજય રાઉત સામે ફોજદારી અવમાનનાની અરજી કરી છે. બંને સામે ન્યાયતંત્ર વિરૂદ્ધ ટીપ્પણી કરવાનો આરોપ છે. જસ્ટીસ અરવિંદ કુમાર અને જસ્ટીસ વીપુલ પાંચોલીની બેંચ આ કેસની સુનાવણી કરી રહી હતી. કોર્ટે કહ્યું હતું કે, કોર્ટ સંજય રાઉતના ભાષણ પહેલેથી સાંભળે છે. રાઉત પોતે પત્રકારીતા સાથે પણ જોડાયેલા છે. એમણે વધુ જવાબદારીથી વર્તવુ જોઈએ.

હોર્મુઝમાં ટેન્કરો પર હુમલા વધ્યા, પનામાના ઝંડાવાળા ટેન્કર પર હુમલા સમયે ૨૪ ભારતીયો સહિત ૨૫ સ્ક્રૂ સવાર હતા

હોર્મુઝમાં

(પહેલા પાનાનું ચાલુ)

શિકાર બન્યું હોવાનો ઈરાને દાવો કર્યો છે.

બીજી તરફ બે મહિનાની શાંતિ બાદ ઈરાને સમગ્ર ફારસ ખાડી પર બોમ્બમારો કર્યો હતો, જેમાં બહેરીનમાં અમેરિકાની રડારનો નાશ વાળી દેવામાં આવ્યો હતો. શુક્રવારે પણ અમેરિકાની ચેતવણી આપતી રડારનો નાશ કર્યો હતો, રવિવારે પણ અમેરિકન હેલિકોપ્ટર બેઝ પર હુમલો કર્યો હતો. અમેરિકા દ્વારા ઈરાનના કોમ્યુનિકેશન ટાવરો પર હુમલા કરવામાં આવ્યા હતા, જેના જવાબમાં ઈરાન દ્વારા હવે પોતાના પાડોશી દેશોમાં અમેરિકાના વિવિધ સૈન્ય મથકોને નિશાન બનાવાઈ રહ્યા છે. ઈરાની સૈન્યએ એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે અમેરિકાના તમામ પ્રયાસો, હુમલાનો આક્રામકતાથી જવાબ આપવામાં આવશે.

ઈરાન સમર્થક હુથીઓના પ્રવક્તા અનીસ અલ અસબહીએ કહ્યું હતું કે હોદેઈડામાં સ્પોન્જ ફેક્ટરી પર હુમલામાં સાત લોકો માર્યા ગયા હતા જ્યારે ૧૦ લોકો ઘવાયા હતા. સાદામાં એક ફેક્ટરી પર હુમલામાં બે લોકો માર્યા ગયા હતા. આ વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકાએ ઈરાનની એક સ્કૂલ પર હુમલો કર્યો હતો જેમાં ૧૬૮ બાળકોના મોત નિપજ્યા હતા, એવામાં દક્ષિણ આફ્રિકા સ્થિત ઈરાનની એમ્બેસીએ એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે બાળકોનો ભોગ લેનારા આ હુમલા પાછળ અમેરિકાના જવાબદાર અધિકારીઓની ઓળખ કરી લેવામાં આવી છે, મિનાબની શાળા પર હુમલો કરનારા આ બન્ને અધિકારીઓની તસવીરો અને નામ પણ ઈરાને જાહેર કર્યા છે અને જ્યાં પણ હશે ત્યાં બન્ને પર હુમલા કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપી છે.

હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં કોઈની મનમાની નહીં ચલાવી લેવાય, સરહદોમાં એકતરફી ફેરફાર સાંખી લેવામા આવશે નહીંઃ ક્વાડ

ક્વાડની

(પહેલા પાનાનું ચાલુ)

ભાગીદારી છે. દરિયાઈ સુરક્ષાથી લઈને સપ્લાય ચેઈન સુધી, નવી ટેકનોલોજીથી લઈને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સુધી, હંમેશા અમારો પ્રયત્ન રહ્યો છે કે ક્વાડ વિશ્વસનીય સમાધાન પૂરુ પાડે. તેમણે પોતાના સંબોધનમાં દરિયાઈ સુરક્ષા, મજબૂત સપ્લાય ચેઈન, નવી ટેકનોલોજી અને કુદરતી આફતોનો સામનો કરવા માટે પારસ્પરિક સહયોગને ક્વાડની ભાગીદારીમાં મુખ્ય ક્ષેત્રો તરીકે ગણાવ્યા.

પીએમ મોદી આ બેઠક યોજાઈ તે અગાઉ આસિયાન સંમલેનમાં પણ ભાગ લઈ ચૂક્યા હતા. તે હવે ભારત પરત આવવા રવાના થઈ ગયા છે.

ક્વાડની બેઠક પછીના સંયુક્ત નિવેદનમાં હિંદ મહાસાગરમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને લઈને મહત્ત્વનો સંદેશ આપવામાં આવ્યો. ક્વાડ દેશોએ સ્પષ્ટ કર્યું કે તે કોઈપણ પ્રકારની એકતરફી કે અસ્થિરતા પેદા કરનારી કાર્યવાહીનો આકરો વિરોધ કરે છે. આ ઉપરાંત સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેઓએ હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં દરિયાઈ પરિવહન અને હવાઈ ઉડ્ડયનોની સ્વતંત્રતા જાળવી રાખવા અંગે પ્રતિબદ્ધતા દર્શાવી છે. સંયુક્ત નિવેદનમાં જણાવાયું હતું કે મહત્ત્વની સપ્લાય ચેઈનની સુરક્ષા, દરિયાઈ અને હવાઈ આવાગમનની સ્વતંત્રતા તથા ભવિષ્યની ટેકનોલોજી દ્વારા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવું ક્વાડની ટોચની અગ્રતામાં સામેલ છે.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ-૪-પાલડી વીભાગના સાબરમતી તાલુકાના મોજે ગામ પાલડીની સીમના ટી.પી.સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૧૮૯ ની જમીન ઉપર આવેલ પાલડી શોપીંગ સેન્ટર એન્ડ ફ્લેટ ઓનર્સ એસોસીએશનમાં ગ્રાઉન્ડફ્લોર ઉપર આવેલ દુકાન નંબર-૩ ની ચોરસમીટર-૧૮ ના બાંધકામવાલી મીલકત ભરતકુમાર દુર્લભજીભાઈ શેલડિયા રહેવાસી-એ/૪૦૩, શાલીગ્રામ પ્લસ, થલતેજ, અમદાવાદનાએ સદર એસોસીએશનના સભાસદ તરીકે પોતાની કુલ સ્વતંત્ર માલીકી હકકથી સંપુર્ણ બોજા રહીત આવેલી હોવાનું જણાવીને સદર મીલકતના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહુ મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો ચાર્જ લાગભાગ હકક હીસ્સો હોય તો દિન-૭ માં લેખીત પુરાવા સાથે રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો તે જતા યાને વેચ કરેલ છે તેમ સમજીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે.

તારીખ-૧૬/૧૧/૨૦૨૬

નરેન્દ્ર એમ. પટેલ, એડવોકેટ

ઠે.૨/એ, સરદાર પટેલ ચેમ્બર્સ, લાલ દરવાજા, અમદાવાદ.

મો.-૯૯૨૪૧૧૯૫૦૧

જાહેર નોટિસ

રિસ્ટ્રીક્ટ અમદાવાદ સબડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે ગોધાવીની સીમના એકત્રીત સર્વે/બ્લોક નંબર - ૯૧૬ (જુના સર્વે/બ્લોક નંબર -૯૧૫/૪/૧,૯૧૫/૪/૨,૯૧૫/૪/૩, ૯૧૯/૨, ૯૨૦/૧,૯૧૯/૧/૨,૯૨૪,૯૨૫/૧,૯૪૮,૯૪૭/૧-૨-૩,૯૫૦,૯૫૧ તથા ૯૧૬) વિગેરે ની બીનખેતીની જમીન ઉપર સોહમ સીટી ઓનર્સ એસોસીએશન આવેલ છે. જે સોહમ સીટી તરીકે ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર - એ/૬૧ ની ૩૧૯ ચોરસવાર (મંજુર થયેલ પ્લાન મુજબ ૨૫૩.૨૩ ચોરસમીટર) ની રહેણાંકના હેતુની બિનખેતીની જમીન જયેન્દ્ર કનુભાઈ પટેલ તથા પટેલ સેજલબેન જયેન્દ્રભાઈ એ તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર સોહમ સીટી ઓનર્સ એસોસીએશન કે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન- ૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૧૮-૧૧-૨૦૨૬

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ

૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.

Offi. 98258 09777

Mob. : 98259 09777

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકે સાણંદના મોજે ગોધાવીની સીમમાં આવેલ સર્વે નંબર-૯૩૪ ક્ષેત્રફળ ૧૩૧૫ સમચોરસમીટર તથા સર્વે નંબર-૯૩૫ ક્ષેત્રફળ ૧૪૧૬ સમચોરસમીટર મળી કુલે ક્ષેત્રફળ-૨૭૩૧ સમચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૪૨૯ (ગોધાવી-મણીપુર)માં થતા ફાઇનલ પ્લોટ નંબર-૧૬૪ ક્ષેત્રફળ- ૧૬૩૯ સમચોરસમીટર ફાળવી આપવામાં આવેલ જેના બીનખેતીના પ્રોપર્ટી કાર્ડ તૈયાર થતા સીટી સરવે નંબર- NA૯૩૪ ક્ષેત્રફળ-૭૮૯ સમચોરસમીટર તથા સીટી સરવે નંબર-NA૯૩૫ ક્ષેત્રફળ- ૮૫૦ સમચોરસમીટર આપવામાં આવેલ તે બહુહેતુક ઉપયોગી બિનખેતીની જમીન INVEZIA WEALTHADVISORS LLP એ નામની લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ કે જેની ઓફીસ ૨૦૭, પીનાકલ, પ્રહલાદનગર, અમદાવાદ મધ્યે આવેલ છે તે ભાગીદારી પેઢીએ તેઓની કુલસ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી ઉપરોકત જમીન સામે કે ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, દાવો, બોજો, ઈલાખો, બાનાખતના હકકો કે અન્ય કોઈપણ પ્રકારના કરારોના હકકો, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ આવેલ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તેના લેખીત પુરાવાની નકલ સહીતની જાણ રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે મોકલી આપવી, નહીંતર આવા હક્ક વિગેરે ઉપર કોઈપણ પ્રકારનું લક્ષ આપ્યા સિવાય તેમજ જે કોઈનો આવો હક્ક વિગેરે હોય તો તેમણે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

તારીખ:-૧૭-૧૧-૨૦૨૬

એ. એચ. મીર એન્ડ એસોસીએટસ, એડવોકેટસ

૧૦૬, આકાર આર્કેડ, સાણંદ-અમદાવાદ હાઈવે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પાસે, સાણંદ, જી-અમદાવાદ- ૩૮૨૧૧૦

મો. ૯૮૨૫૫૦૬૨૬૭

જાહેર નોટિસ

આથી અમો નીચે સહી કરનાર રાધિકા.અમિત.પ્રજાપતિ એડવોકેટ, તે અમારા અસીલ રાઠોડ ધીરુભાઈ દિપસંગભાઈ રહે. રાઠોડ ફળી, રનોડા, તા.ધોળકા જી.અમદાવાદ,ની સુચના અને ફરમાઈશથી તમામ લાગતા વળગતાને તેમજ જાહેર જનતાને આ જાહેર નોટીસ યાને ચેતવણી આપી જણાવીએ છીએ કે, આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ ધોળકા તાલુકાના ગામ મોજે રનોડા નાં સીમ સર્વે નવો નં- ૧૦૭,(જુનો સર્વે નં. ૩૧૬પૈકી)ની ખેતીની જમીન જેનો ખાતા નં- ૧૦૬૭, જેનુ ક્ષેત્રફળ કુલ ૦-૮૧-૯૬ તે પૈકી ૦-૪૦-૯૮ ચો.મી, આકાર.૨.૨૦ પૈકી વરાડે પડતી, વાળી જુ.શની ખેતીની જમીન આવેલ છે જે જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક/હિસ્સો, કે લાગ-ભાગ, હિત-સબંધ, ગીરો, બોજો, ઈઝમેન્ટસ, રાઈટ્સ, ગણોત હક્ક કે તકરાર, સરકારી કે અન્ય લેણું કે કોઈ લખાણો કે બીજો કોઈ શખ્સનો, સંસ્થાનો દર દાવો, અલાખો, લાગભાગ, હક્ક, હિસ્સો, લિયન, ચાર્જ, ખોરાકી- પોષાકીના હક્કો કે બીજા કોઈ અધિકાર ન હતો અને હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં તેઓના તેવા હક્કો બાબતની તે અંગેના તમામ લેખિત દસ્તાવેજ પુરવા સહીત લેખિત જાણ અમોને નીચેના સરનામે રજી.પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં કસુર અગર વિલંબ થશે તો, ઉપરોકત મિલકત ઉપર બીજા કોઈના કોઈપણ પ્રકારના હક્ક, અધિકાર નથી અને હશે તો તેવા શખ્સો, સંસ્થાએ પોતાના હક્કો જતા (વેવ) કરેલ છે. તેમ સમજી ઉપરોકત મુદત વિતે અમો ટાઇટલ રિપોર્ટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

ધોળકા.

તા.૧૭/૧૧/૨૦૨૬

અમારા અસીલની સહી /-

રાઠોડ ધીરુભાઈ ડી.

Radhika Amit Prajapati

(B.A.,LLB, ADVOCATE)

(G/1730/2024)

Mo. - 9924874364

FF-19, Balaji Vrund-1, Maghiya Chokdi, Dholka, Ta. Dholka, Dist. Ahmedabad - 382225

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા ક્લોલનાં મોજે ગામ સાંતેજની સીમનાં બ્લોક નં. ૫૫૫ વિગેરેની જમીનની માલીકી એમરલ્ડ ગ્રીન કો. ઓ. હા. સો. લી ની છે કે જે શિલ્પગ્રામ-૩ ના નામથી ઓળખાય છે. સદર યોજનામાં આવેલ ખાનગી સબ પ્લોટ નં.૧૧૦/એમ ની ૫૩૪ ચોરસવાર (રોડ રસ્તાની તથા કોમન પ્લોટની વગર વહેચાયેલ જમીન સહીત)ની રહેઠાણના હેતુવાળી બીનખેતીની જમીન કે જેનો નેટ પ્લોટ એરીયા ૪૦૦ચોરસવાર વાળી મીલક્ત કેતનભાઈ ભગવતભાઈ પટેલ ની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ હોવાથી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની માંગણી કરેલ છે. સબબ ઉપરોક્ત મીલકત પરત્વે હરકોઈ શખ્સનો હર કોઈ પ્રકારનો લિયન, ચાર્જ, બોજો, દર દાવો, લાગભાગ, હકક હિસ્સો, હિત સંબંધ, વાંધો તકરાર, ભરણપોષણનો યા ખાધા ખોરાકીનો હકક, ઈઝમેન્ટ રાઈટસ યા અન્ય કોઈ પ્રકારનો હક્ક આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટી ફાઈડ નક્લ સહીત દિન-૭ માં નીચેના સરનામે રજી. એ. ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોક્ત મીલક્ત પરત્વે હરકોઈ શખ્સના ઉપર જણાવ્યા પ્રમાણેના યા અન્ય કોઈ પ્રકારના હકકો આવેલ નથી અગર આવેલ છે તો તે મીલક્તના માલીકની તરફેણમાં જતા યાને waive કરેલ છે તેમ સમજી ઉપરોક્ત મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૧૬. ૧૧. ૨૦૨૬ અમદાવાદ

જોલી શાહ

એડવોકેટ

એએ-૧૦૦૩ સરદાર પટેલ નગર, શાસ્ત્રીનગર બી. આર. ટી . એસ નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

મો. નં.૯૮૨૪૫૪૮૪૫૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ સાણંદ તાલુકા સાણંદનાં ગામ મોજે સનાથલની સીમનાં ખાતા નં.૩૦૬૧ નાં બ્લોક નં.૩૦૮/૧ ની હે ૦ - આરે ૩૭-૯૨ ચો. મી. એટલે કે ૩૭૯૨ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન પૈકી હે ૦ - આરે ૧૨-૫૪ ચો. મી. એટલે કે ૧૨૫૪ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં.૪૦૩/બી નાં ફાઇનલ પ્લોટ નં.૧૮ પૈકી થી કરવામાં આવેલ છે તથા જેનું ક્ષેત્રફળ ૭૫૨ સ. ચો. મી. નક્કી કરવામાં આવેલ છે તે જુની શરતની ખેતીની જમીન ધીરેન રામભાઈ ભરવાડની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ અને બોજા રહિત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગાભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૧૭/૧૧/૨૦૨૬

ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ

વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)

રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)

પંક્તિ હિતેષ દેસાઈ (એડવોકેટ)

પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)

દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)

૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૩

ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું ડીસ્ટ્રીક્ટ-અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ-02 (વાડજ) તથા તાલુકા ઘાટલોડીયાના મોજે ગામ-ઘાટલોડીયાના સર્વે નં.220 પૈકી તથા સીટી સર્વે નં.2490 (જેના વોર્ડ-ઘાટલોડીયા-1) ની જમીન ઉપર આવેલ ''હરસિધ્ધબાગ'' માં આવેલ ટેનામેન્ટ નંબર 56 નુ ક્ષેત્રફળ 65 ચોરસ વાર વાળી મિલકતના માલીક અમારા અસીલ પ્રજાપતિ અશોકભાઈ જગજીવનદાસની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે. અમારા અસીલના જણાવ્યા મુજબ સદર મિલકતને લગતા અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવજો (1) અનુક્રમ નં.1928 તારીખ 10/04/1995, (2) અનુક્રમ નં.21466 તારીખ 29/11/1988 અને (3) અનુક્રમ નં.8282 તારીખ 15/05/1987 અમારા અસીલથી ક્યાંક મુકાઈ ગયેલ હોઈ, ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતાં નથી. અમારા અસીલના જણાવ્યા અનુસાર આ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો જો કોઈને મળી આવે તો દિન-7 માં પરત આપી જવાં તેમજ તેના આધારે અમારા અસીલે કોઈ વ્યક્તિ, પેઢી, સરકારી કે ખાનગી બેંક અથવા કોઈપણ નાણાકીય સંસ્થાને ગીરો તરીકે આપેલ નથી કે તેના આધારે સદર મિલકત ઉપર કોઈ પણ પ્રકારની લોન કે ધિરાણ મેળવેલ નથી અને જો કોઈ વ્યક્તિ, પેઢી, બેંક કે નાણાંકીય સંસ્થાનો ઉપરોક્ત મિલકતમાં કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક-હિસ્સો, ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7 (સાત) માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખીત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (Waive) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની નોંધ લેશો.

અમદાવાદ તારીખ-17/11/2026

સૌરભ નાહટા એન્ડ એસોસીએટસ

**સૌરભ નાહટા (એડવોકેટ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ચેન્નાઈ સુપરના 'કિંગ' ધોનીના મેજીક ફિગર : જર્સી નંબર 7, 19 સીઝન, 272 મેચ, 5 ટાઈટલ અને 5439 રન

ભારતીય ક્રિકેટના 'ધુરંધર' ધોનીની IPLને ગુડબાય : CSKનો કેમ્પ ગમગીન

ચેન્નાઇ, તા. ૧૭

ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં કેપ્ટન કૂલ તરીકે ઓળખાતા મહેન્દ્રસિંહ ધોનીને IPL ખેલાડી તરીકેની લગભગ બે દાયકાની સફરનો આખરે અંત આવ્યો છે. ૧૯ સિઝન, પાંચ IPL ટાઇટલ, ૫,૪૩૯ રન, ૨૬૪ સિક્સર, ૨૪ અડધી સદી અને ૨૭૨ મેચ... આ આંકડા માત્ર એક ક્રિકેટરની કારકિર્દીનું સરવૈયું નથી, પરંતુ IPLના ઇતિહાસના એક સુવર્ણ અધ્યાયની ઓળખ છે.

ચેન્નાઇ સુપર કિંગ્સે આજે જાહેરાત કરી કે ૪૫ વર્ષીય ધોની હવે IPLમાં ખેલાડી તરીકે નહીં રમે. જોકે ક્રિકેટ સાથેનો તેમનો સંબંધ અહીં પૂરો થતો નથી. તેઓ ૨૦૨૭ની સિઝનથી ચેન્નાઇ સુપર કિંગ્સના મેન્ટર તરીકે નવી જવાબદારી સંભાળશે. એટલે કે મેદાન પર હેલ્મેટ પહેરીને બેટિંગ કરતા અને વિકેટ પાછળથી રમતનું સંચાલન કરતા ધોની હવે ડગઆઉટમાં રહીને નવી પેઢીના ખેલાડીઓને માર્ગદર્શન આપતા જોવા મળશે.

૨૦૦૮થી શરૂઆત

ધોનીની IPL કારકિર્દીની શરૂઆત ૨૦૦૮માં થઈ હતી. પ્રથમ જ હરાજીમાં ચેન્નાઈ સુપર કિંગ્સે તેમને પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. ત્યારથી તેઓ CSKની ઓળખ બની ગયા. ૨૦૧૦ અને ૨૦૧૧માં સતત બે વખત ચેન્નાઈને ચેમ્પિયન બનાવનાર ધોનીએ ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩માં પણ ટીમને IPL ટ્રોફી અપાવી હતી. આમ, પાંચેય ટાઇટલ તેમના નેતૃત્વમાં મળ્યાં હતાં. IPLમાં મુંબઈ ઇન્ડિયન્સ સાથે સૌથી વધુ પાંચ ટાઇટલ જીતનારી ટીમ તરીકે ચેન્નાઈની સમકક્ષ ઓળખ ઊભી કરવામાં ધોનીની ભૂમિકા નિર્ણાયક રહી છે.

સૌથી સફળ કેપ્ટન

ધોનીની વિશેષતા માત્ર ટ્રોફી જીતવામાં નહોતી. દબાણની ક્ષણોમાં શાંત રહેવું, મેચની પરિસ્થિતિને સમજવી, બોલરોનો યોગ્ય સમયે ઉપયોગ કરવો અને છેલ્લી ઓવરોમાં મેચનું પાસું પલટી નાખવું તેમની ઓળખ બની હતી. IPLમાં તેમણે ૨૨૬ મેચમાં કેપ્ટનસી કરી હતી, જેમાં ૧૩૩ મેચમાં ટીમને વિજય અપાવ્યો હતો. ૫૮.૮૪ ટકાની જીતની સરેરાશ તેમને લીગના સૌથી સફળ કેપ્ટનોમાં સ્થાન અપાવે છે.

વિકેટ કીપિંગની કમાલ

રનના મામલે પણ ધોનીનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. તેની કુલ IPL કારકિર્દીમાં ૫,૪૩૯ રન નોંધાયા છે. ચેન્નાઈ તરફથી તેમણે ૫,૩૧૪ રન બનાવ્યા હતા. વચ્ચે ૨૦૧૬ અને ૨૦૧૭માં ચેન્નાઈની ટીમ પર પ્રતિબંધ હોવાને કારણે તેઓ રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ તરફથી રમ્યા હતા અને ત્યાં ૫૭૪ રન બનાવ્યા હતા. વિકેટકીપર તરીકે પણ તેઓ IPLના સૌથી સફળ ખેલાડીઓમાં રહ્યા. ૧૫૮ કેચ અને ૪૭ સ્ટમ્પિંગ સાથે વિકેટકીપર તરીકે તેમની કુલ ૨૦૫ ડિસમિસલ નોંધાઈ છે.

યલો ફીવર

છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેમની બેટિંગની ભૂમિકા પણ મર્યાદિત થતી ગઈ હતી. તેમ છતાં ચેન્નાઇના સમર્થકો માટે ધોની માત્ર એક ખેલાડી નહોતા. તેઓ ટીમની ઓળખ, વિશ્વાસ અને લાગણીનું પ્રતીક હતા. ધોનીનો કેઝ એવો હતો કે ચેન્નાઇ સુપર કિંગ્સ સામે IPLમાં કોઈ ટીમ તેનાં ઘરઆંગણાની મેચ રમે તો સ્ટેડિયમમાં તે મેચના બહુમતિ સમર્થકો યલો જર્સી પહેરીને જોવા મળતા. ધોની છેલ્લી કેટલીક સીઝનમાં સંપૂર્ણ ફિટ નહોતો ત્યારે ધોની બે પાંચ બોલ કે બે ઓવર બાકી હોય અને રમવા ઉતરે તો પણ પ્રેક્ષકો પૈસા વસુલ થઇ ગયા તેમ માનતા. તેનાં યલો જર્સી પહેરેલા ચાહકો તેઓને યલો ફીવર છે તેમ કહેવામાં ગૌરવ અનુભવતા હતા.





ધોનીએ 'મેં પલ દો પલ કા શાયર હું' ગીત સાથે નિવૃત્તિની પોસ્ટ મૂકી

ચેન્નાઇ, તા. ૧૭

આઈ.પી.એલ.માં ખેલાડી તરીકે નિવૃત્તિ જાહેર કર્યા પછી ધોનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ક્રિકેટ કારકિર્દીની યાદગાર ક્ષણો અને સાથી ખેલાડીઓ સાથેની તસવીરોનો વીડિયો મૂક્યો હતો. સાથે તેણે બેક ગ્રાઉન્ડમાં 'કભી કભી' ફિલ્મનું મુકેશના કંઠે ગવાયેલ 'મેં પલ દો પલ કા શાયર હું' ગીત પણ મૂક્યું છે. આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાંથી નિવૃત્તિની જાહેરાત પછી પણ તેણે રીલ સાથે આ જ ગીત મૂક્યું હતું. આં વખતે આ ગીતની બીજી આવૃત્તિનો ઉપયોગ કર્યો હતો. કેપ્શનમાં તેણે લખ્યું હતું કે, 'આ વાત સ્વીકારવા માટે આ ગીતથી વધુ સારું બીજું કંઈ હોઈ શકે નહીં. કદાચ આ ગીતની બે આવૃત્તિ એટલા માટે જ બની હશે કે હું એક વખત ભૂલ કરું અને પછી તેને સ્વીકારી શકું.' આ શબ્દોમાં ધોનીની આગવી રમૂજ પણ છે અને નિવૃત્તિની ગંભીરતા પણ જોઈ શકાય છે. ગીતની કેટલીક પંક્તિઓનો ભાવાર્થ એમ છે કે 'મારા સ્થાને કાલે મારા કરતા પણ બહેતર આવશે.'

IPLમાં ધોની જેવો કરિશ્મા કોઈનો નહોતો : સ્ટેડીયમ યલો જર્સીથી છવાઈ જતું હતું : હવે CSKના 'મેન્ટોર' બનશે : ધોની 'કેપ્ટન કુલ' તરીકે ઓળખાતો અને વ્હાઈટ બોલ ક્રિકેટના શ્રેષ્ઠ ફિનિશર તરીકે તેની ધાક હતી

કેપ્ટન ગિલનો સંકેત : બુમરાહ અને સિરાજ નક્કી, અન્ય બે સ્થાન માટે સ્પર્ધા

ભારત કાલથી ન્યુઝીલેન્ડ સામે શરુ થતી ટેસ્ટમાં ચાર ફાસ્ટ બોલરો સાથે ઉતરશે

વેલિન્ગટન, તા. ૧૭

ભારતીય ક્રિકેટ ટીમના ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે ન્યૂઝીલેન્ડ સામે ગુરુવારથી શરૂ થનારી બે ટેસ્ટ મેચની શ્રેણી પહેલાં વેલિંગ્ટનમાં આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં ટીમની રણનીતિ અંગે મહત્ત્વના સંકેતો આપ્યા છે. ગિલે સ્પષ્ટ કર્યું છે કે 'પ્રથમ ટેસ્ટમાં ભારત ચાર વિશેષજ્ઞ ફાસ્ટ બોલરો સાથે મેદાનમાં ઊતરવા માગે છે. જોકે આ ચાર બોલરો કોણ હશે તે અંગે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે.'

ભારતના પેસ આક્રમણમાં જસપ્રીત બુમરાહની વાપસી સૌથી મહત્ત્વની બાબત છે. મોહમ્મદ સિરાજનું સ્થાન પણ લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. બાકીના સ્થાનો માટે આકાશદીપ, અંશુલ કંબોજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને ગુરનૂર બ્રાર વચ્ચે સ્પર્ધા છે.

ભારત રવીન્દ્ર જાડેજા જેવા સ્પિનર ઓલરાઉન્ડરને પણ સ્થાન આપશે તે નિશ્ચિત લાગે છે.

ભારત સાત નિષ્ણાત બેટરો સાથે મેદાનમાં ઊતરવાનું વિચારી રહ્યું છે. આઠમા અને નવમા ક્રમે કોણ બેટિંગ કરશે તે બોલિંગના સંયોજન પર આધારિત રહેશે. તેમ ગિલે સંકેત આપ્યો હતો.

ગિલે પંત અંગેના એક પ્રશ્નનો ઉત્તર આપતા કહ્યું કે 'ભલે પંત ઈજામાંથી ફિટ થઈ કોઈપણ ગેમ વગર કેટલાક મહિનાઓ બાદ પરત ફર્યો છે પણ તેનાં જેવા અનુભવી અને લડાયક મિજાજના ખેલાડીને સીધો પ્રવેશ મળે તેમાં કંઈ અયોગ્ય નથી. તે વિકેટ કીપિંગ પણ કરશે. પંતે સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયાની ભૂમિ પર સદી ફટકારી છે હવે ન્યુઝીલેન્ડમાં પણ તે સદી ફટકારવા તત્પર છે તેમ ગિલે કહ્યું હતું.



પંત ન્યુઝીલેન્ડમાં સદી ફટકારવા માટે તત્પર હશે : ગિલ

ટ્રાવીસ હેડે તેનું નામ પાછું ખેંચ્યું : સ્ટાર્ક, બોલ્ટ અને પથિરાના જેવા ફાસ્ટરો જોડે ટીમે છેડો ફાડ્યો

IPLની દસ ટીમે 66 ખેલાડીઓને રિલીઝ કર્યા મીની હરાજી માટે કુલ પર્સ રૂ. 297 કરોડનું


પથિરાના


બોલ્ટ


સ્ટાર્ક


હેડ

મુંબઈ, તા. ૧૭

IPLની તમામ ટીમોએ તેઓ ૨૦૨૭ની આગામી સીઝન માટે જે ખેલાડીઓને તેઓ જાળવી રાખવા નથી માંગતા તે યાદી આજે મોડી સાંજે બોર્ડને આપી દીધી હતી. હવે મીની ઓક્શન માટે દસ ટીમનું મળીને કુલ રૂ. ૨૯૭.૯૫ કરોડનું બજેટ ઉપલબ્ધ છે. ટીમોએ કુલ ૬૬ ખેલાડીઓના સ્થાન ખાલી રાખ્યાં છે, જેમાં ૨૫ વિદેશી ખેલાડીઓ માટેનાં સ્થાન છે. લખનઉ સુપર જાયન્ટ્સ પાસે સૌથી વધુ રૂ. ૪૭.૪૫ કરોડનું પર્સ છે, જ્યારે ગુજરાત ટાઇટન્સ પાસે સૌથી ઓછા રૂ. ૮.૭૫ કરોડ ઉપલબ્ધ છે. ગોવામાં ૧૬ ડિસેમ્બરે યોજાનારી IPL ૨૦૨૭ની મિની ઓક્શન યોજાશે. મહેન્દ્રસિંહ ધોનીની નિવૃત્તિ, ટ્રેવિસ હેડનો આગામી સિઝનમાંથી ખસી જવાનો નિર્ણય અને મિચેલ સ્ટાર્ક, ટ્રેન્ટ બોલ્ટ તથા મથીશા પથિરાનાને રિલીઝ કરવાના નિર્ણયે ખેલાડીઓના બજારમાં ભારે રસ જગાવ્યો છે.

રિલીઝ થયેલા ખેલાડીઓ અને ઓક્શન માટેનું પર્સ

1. ચેન્નાઈ સુપર કિંગ્સ
પર્સ રૂ. 28.05 કરોડ

ચેન્નાઈ સુપર કિંગ્સે મહેન્દ્રસિંહ ધોનીની નિવૃત્તિ ઉપરાંત શોર્ટ, હેનરી, ફોક્સ, પ્રશાંત વીર, અમન ખાન, કુલદીપ યાદવ, મધવાલ, ફોરેસ્ટર, નોરોન્હા અને સ્પેન્સર જોન્સનને રિલીઝ કર્યા છે. ધોની હવે ખેલાડી તરીકે નહીં, પરંતુ ટીમના મેન્ટર તરીકે જોડાયેલો રહેશે.

2. દિલ્હી કેપિટલ્સ
- પર્સ રૂ. 39.50 કરોડ

દિલ્હી કેપિટલ્સે નીતિશ રાણા, પોરેલ, નિસંકા, ડેકેટ, કરુણ નાયર, પરખ, ચામીરા, રેહાન અહેમદ, સ્ટાર્ક અને અજય મંડલને રિલીઝ કર્યા છે.

3. ગુજરાત ટાઇટન્સ -
પર્સ રૂ. 8.75 કરોડ

ગુજરાત ટાઇટન્સે ઇશાંત શર્મા, વુડ, ખેજરોલિયા, શાહરુખ ખાન અને કોનોરને રિલીઝ કર્યા છે. ગુજરાત પાસે તમામ ટીમોમાં સૌથી ઓછું પર્સ બચ્યું છે. ટીમ પાસે ઓક્શનમાં માત્ર ત્રણ ખેલાડીઓનાં સ્થાન ખાલી છે.

4. કોલકાતા નાઇટ રાઇડર્સ
- પર્સ રૂ. 41.65 કરોડ

કોલકાતા નાઇટ રાઇડર્સે રહાણે, આકાશદીપ, મુઝારાબાની, કામરા, સિસોદિયા, પથિરાના, મુસ્તફિઝુર રહેમાન, સૈની, રચિન રવીન્દ્ર, રાહુલ ત્રિપાઠી, તેજસ્વી સિંહ અને ઉમરાન મલિકને રિલીઝ કર્યા છે. રહાણેની નિવૃત્તિ પણ આ યાદીમાં સામેલ છે. નોંધનીય છે કે પથિરાનાની રૂ. ૧૮ કરોડની કિંમત આ યાદીમાં સૌથી વધુ છે. કોલકાતાએ રૂ. ૨૫.૨૦ કરોડમાં ખરીદેલા કેમેરોન ગ્રીનને જાળવી રાખ્યો છે.

5. લખનઉ સુપર જાયંટ્સ -
પર્સ રૂ. 47.45 કરોડ

લખનઉએ બ્રેટ્ઝકે, નોર્ખિયા, લિન્ડે, હસરંગા, તિવારી, કુલકર્ણી અને આવેશ ખાનને રિલીઝ કર્યા છે. લખનઉએ દિલ્હી પાસેથી કુલદીપ યાદવ અને રાજસ્થાન પાસેથી સેમ કરનને ટ્રેડ કર્યા છે.

6. મુંબઈ ઇન્ડિયન્સ -
પર્સ રૂ. 32.60 કરોડ

મુંબઈ ઇન્ડિયન્સે બોલ્ટ, ચહર, ગઝનફર, અંકોલેકર, મહારાજ, ઇઝાર, માલેવર, માર્કન્ડે અને રાવતને રિલીઝ કર્યા છે. બીજી તરફ પંજાબ પાસેથી અર્શદીપ સિંહને રૂ. ૧૮ કરોડમાં ટ્રેડ કરીને મુંબઈએ પોતાની બોલિંગ મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. હાર્દિક પંડ્યાને પંજાબે ખરીદ્યો છે.

7. પંજાબ કિંગ્સ -
પર્સ રૂ.18.60 કરોડ

પંજાબ કિંગ્સે ફર્ગ્યુસન, ઓવેન, વઢેરા, અવિનાશ, દુબે અને નિશાદને રિલીઝ કર્યા છે.

8. રાજસ્થાન રોયલ્સ
- પર્સ રૂ. 27.05 કરોડ

રાજસ્થાન રોયલ્સે હેટમાયર, મિલ્ને, મફાકા, દેશપાંડે, સેન, યુદ્ધવીર સિંહ, પુથુર અને રવિ સિંહને રિલીઝ કર્યા છે. રાજસ્થાને લખનઉ પાસેથી મોહમ્મદ શમી અને એમ. સિદ્ધાર્થને ટ્રેડ કર્યા છે.

9. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ
- પર્સ રૂ. 14.15 કરોડ

હાલના ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ બેથેલ, મંગેશ, ગ્લીસન, દેસવાલ અને વિહાન મલ્હોત્રાને રિલીઝ કર્યા છે.

10. સનરાઇઝર્સ હૈદરાબાદ- પર્સ રૂ.40.15 કરોડ

હૈદરાબાદે હેડ, કામિન્દુ મેન્ડિસ, ઉનડકટ, મદુશંકા, તારમલે, અમિત, માવી, કોએત્ઝી અને પેઇનને રિલીઝ કર્યા છે. હૈદરાબાદે ચેન્નાઈ પાસેથી ખલીલ અહેમદ અને નેથન એલિસને ટ્રેડ કર્યા છે.

લખનઉ સુપર જાયન્ટસ પાસે સૌથી વધુ રૂ. ૪૭ કરોડનું અને ગુજરાત ટાઈટન્સ પાસે સૌથી ઓછું રૂ. ૮.૭૫ કરોડનું પર્સ રહ્યુ : આગામી ૧૬ ડિસેમ્બરે ગોવામાં મીની ઓક્શન યોજાશે

જર્મનીએ ૧૮ મિનિટમાં ચાર ગોલ ફટકારતા ડચ ટીમ લાચાર

નેશન્સ લીગ : જર્મનીએ નેધરલેન્ડને ૫-૦થી સજ્જડ હાર આપી



ફ્લોરિયન વિર્ટઝના બે ગોલ : જર્મની ક્વાર્ટર ફાઇનલમાં

બર્લિન, તા. ૧૭

અહીંના ઓલિમ્પિયા સ્ટેડિયમ ખાતે રમાયેલી નેશન્સ લીગની મેચમાં જર્મનીએ નેધરલેન્ડ્સને ૫-૦થી કારમી હાર આપી હતી. ખાસ વાત એ હતી કે જર્મનીએ બીજા હાફમાં માત્ર ૧૮ મિનિટના ગાળામાં ચાર ગોલ ફટકારીને ડચ ટીમને સાવ નિઃસહાય બનાવી દીધી હતી.

આ વિજય સાથે જર્મનીએ ગ્રૂપ A2માં પ્રથમ સ્થાન મેળવીને નેશન્સ લીગની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફ્લોરિયન વિર્ટ્ઝે બે ગોલ કરીને જર્મનીના વિજયમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ડેરી શેખન્ટે ૪૧મી મિનિટમાં જર્મનીને સરસાઈ અપાવી હતી. પ્રથમ હાફનો સ્કોર ૧-૦ હતો. વિર્ટઝે ૬૦મી અને ૭૧મી મિનિટમાં એમ બે ગોલ કર્યા હતા. ૬૫મી મિનિટમાં સ્કોલેટરબેકે ગોલ કર્યો હોઈ સરસાઈ ૪-૦ની થઈ હતી. તે પછી ગ્રુડાએ ૭૨મી મિનિટમાં ગોલ ફટકાર્યો હતો.

CSKના માલિક એન. શ્રીનિવાસને ગૌરવ વ્યક્ત કર્યું

'ધોનીને ૨૦૦૮માં કરારબદ્ધ કર્યો તે મારા જીવનનો શ્રેષ્ઠ નિર્ણય'

ચેન્નાઈના માલિક એન. શ્રીનિવાસને ધોનીના વિદાય પ્રસંગે કહ્યું હતું કે, 'There is no CSK without MS Dhoni.' લગભગ બે દાયકાથી ધોની સાથે ટીમે સફળતા, નિષ્ફળતા અને અનેક ઉતારચઢાવનો અનુભવ કર્યો છે. ૨૦૦૮માં ધોનીને ચેન્નાઈ સાથે જોડવાનો પોતાનો નિર્ણય જીવનનો શ્રેષ્ઠ નિર્ણય હોવાનું પણ શ્રીનિવાસને જણાવ્યું હતું. તેમના મતે ધોની માત્ર સિદ્ધિઓને કારણે નહીં, પરંતુ એક માનવી તરીકેના તેમના વ્યક્તિત્વને કારણે પણ ટીમની ઓળખ બની ગયા છે.

બાંગ્લાદેશના ૪૦૦ : સાઉથ આફ્રિકાના ૭/૩૮૬

જોહાનીસબર્ગ : સાઉથ આફ્રિકાએ પ્રવાસી બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસના અંતે બાંગ્લાદેશના પ્રથમ ઈનિંગના ૪૦૦ રન સામે ૭ વિકેટે ૩૮૬ રન કર્યા હતા. આજે વરસાદને લીધે ૨૮ ઓવરોની રમત જ શક્ય બની હતી. સાઉથ આફ્રિકા તરફથી એકરમેને ૧૫૭, હમઝાએ ૮૩, રિકલટોન ૫૬ રમતમાં અને બવુમા ઈજા થવાથી નિવૃત્ત ૪૯ રન કર્યા હતા. મુલ્ડર ૦, જાન્સેન ૮ અને હાર્મર ૧ રને આજે આઉટ થયા હતા.

અફઘાનિસ્તાન સામે ઝિમ્બાબવેનો બીજી ટેસ્ટમાં ૫૭ રનથી વિજય

શારજાહ : ઝિમ્બાબવેએ બીજી ટેસ્ટમાં આખરી દિવસે જ અફઘાનિસ્તાનને ૫૭ રનથી પરાજય આપીને શ્રેણી ૧-૦થી જીતી લીધી છે.

સ્કોર : ઝિમ્બાબવે પ્રથમ ઈનિંગ ૩૩૯ (ટેલર ૧૧૯, મારૂફખિલ-૩/૧૫૧)
અફઘાનિસ્તાન પ્રથમ ઈનિંગ ૨૧૭ (ઝાઝાઈ ૬૩, માસેકેસા ૪/૫૪)
ઝિમ્બાબવે બીજી ઈનિંગ ૨૯૫/૯ ડીકલેર
અફઘાનિસ્તાન બીજી ઈનિંગ ૩૬૦ ઓલ આઉટ (મારૂફખિલ ૧૦૧*, મુઝારાબાની ૩/૮૯)

પાકિસ્તાનના ત્રણ વિકેટે ૧૨૧ રન

બીજી ટેસ્ટ : પાકિસ્તાન સામે શ્રીલંકા ૯૬ રનમાં ખખડ્યું

રાવલપીંડી, તા. ૧૭

પાકિસ્તાન સામેની આજથી શરૂ થયેલી બીજી ટેસ્ટમાં શ્રીલંકા તેની પ્રથમ ઈનિંગમાં ૩૫.૩ ઓવરોમાં ૯૮ રનમાં ખખડી ગયું હતું. કેપ્ટન કુસલ મેન્ડીસસે ૩૨ અને દિનુશાએ ૨૧ રન કર્યા હતા. બાકીના એક પણ બેટ્સમેન ડબલ ફિગર નહોતા નોંધાવી શક્યા. ફાસ્ટ બોલર મોહમ્મદ અબ્બાસે ૧૪-૬-૧૪-૩ ની બોલિંગ ફિગર મેળવી હતી. રઝાલ્લાહ અને જમાલે પણ ત્રણ - ત્રણ વિકેટ લીધી હતી. રમતના અંતે પાકિસ્તાને ત્રણ વિકેટે ૧૨૧ રન કર્યા હતા. અવાઇસ ૪૭*, આરીફ ૪૬, તાહા ૮ અને બાબર આઝમ ૮ રને આઉટ થયા છે. પ્રથમ ટેસ્ટ ડ્રો થઈ હતી.

મોહમ્મદ અબ્બાસે ૧૪ ઓવરોમાં ૧૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી



રાજસ્થાનમાં અજમેરમાં વિશ્વવિખ્યાત પુષ્કર કેમલ ફેસ્ટિવલનો વિદેશી પ્રવાસીઓ આનંદ લઈ રહ્યા છે.પુષ્કરનો આ કામેલ ફેર ફક્ત ભારત જ નહીં આખા વિશ્વમાં વિખ્યાત છે. રાજસ્થાન આવતા વિદેશ પ્રવાસીઓ આ મેળો જોઈ શકાય તે રીતે આવે છે.

મની લોન્ડરિંગના કેસમાં ઈન્ટરપોલના સહયોગથી પ્રત્યાર્પણ કરાયું

૧૭૭ કરોડના ટોરેસ કૌભાંડમાં રોમાનિયાથી ઝાપિચેન્કોની ધરપકડ કરી મુંબઈ લવાયો

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા. ૧૭

ટોરેસ જ્વેલરીના નામે ચાલતા કથિત રોકાણ કૌભાંડ અને મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા મુખ્ય આરોપીઓમાંના એક વિદેશી નાગરિક ઓલેક્ઝાન્ડર ઝાપિચેન્કો ઉર્ફે એલેક્સને રોમાનિયાથી ભારત લાવવામાં આવ્યો હતો. ઈડીની ત્રણ સભ્યોની ટીમ આરોપી સાથે રોમાનિયાથી સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) મારફતે મંગળવારે મુંબઈ એરપોર્ટ પર પહોંચી હતી

ઝાપિચેન્કો ઉર્ફે એલેક્સ કૌભાંડના નાણાં હવાલા મારફતે ડાયવર્ટ કરી ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતરિત કરતો હોવાનો ખુલાસો

ઈડીએ નવી મુંબઈના વાશી સ્થિત એપીએમસી પોલીસ સ્ટેશન સહિત અન્ય પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી ફરિયાદના આધારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ૨૦૦૨ હેઠળ આ મામલે તપાસ શરૂ કરી હતી પ્લેટિનમ હર્ન પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની ટોરેસ જ્વેલરી બ્રાન્ડ હેઠળ દાદર, ગ્રાન્ટ રોડ, કાંદિવલી, મીરા રોડ, કલ્યાણ અને સાનપાડા ખાતે શોરૂમ ચલાવતી હતી. કંપનીએ કથિત રીતે સોના, ચાંદી અને કૃત્રિમ હીરાની ખરીદી અને નાના રોકાણ પર દર અઠવાડિયે બે ટકાથી ૧૧ ટકા જેટલું આકર્ષક ઊંચા વળતર તથા નવા ગ્રાહકોને જોડવા પર પચાસ ટકા જેટલું રેફરલ બોનસની લાલચ આપીને સામાન્ય લોકો પાસેથી રોકાણ કરાવ્યું હતું. સાથે જ ઓછી કિંમતના ઘરેણા અને કૃત્રિમ હીરાઓ વધારેલી કિંમતે વેચીને લોકો સાથે છેતરપિંડી કરવાનો પણ આરોપ છે.

ઈડીની તપાસ મુજબ, આ તમામ રોકાણ કરેલા રોકડ સ્વરૂપે એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ કાયદેસરના વેપાર માટે કરવાને બદલે હવાલા ઓપરેટરો મારફતે અન્યત્ર ડાયવર્ટ કરવામાં આવતો હતો અને ત્યારબાદ તેને યુએસડીટી ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવતું હતું. આ રીતે અત્યાર સુધીની ગણતરી મુજબ રુ. ૧૭૭.૧૨ કરોડ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા.

ઈડીના જણાવ્યા અનુસાર, આરોપી ઓલેક્ઝાન્ડર ઝાપિચેન્કો નાણાં એકત્ર કરવાની અને તેને અન્યત્ર વાળવાની પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવતો હતો. આ કેસમાં અગાઉ અલ્પેશ ખારાની ઈડીએ ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ ધરપકડ કરી હતી.

આ કેસમાં ઈડીએ બાવીસ મે, ૨૦૨૫ના રોજ વિશેષ પીએમએલએ કોર્ટ સમક્ષ પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરી હતી. આમાં કોર્ટે ૨૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ ફરિયાદની નોંધ લીધી હતી.

અમેરિકાના

(પહેલા પાનાનું ચાલુ)

આવતી એડવાન્સ એઆઈ ચિપ્સની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ચીને અમેરિકાના આ વલણની આકરી ઝાટકણી કાઢી છે.

ચીનને એઆઈમાં પાછળ રાખવા માટે અમેરિકાએ એઆઈની એડવાન્સ ચિપ્સના રિમોટ એક્સેસને ચીનની કંપનીઓ માટે અત્યંત મર્યાદિત કરી દીધું છે. તેને નહીંવત જ કહી શકાય. આના પગલે ચીનની જાણીતી એઆઈ કંપની અને જાન્યુઆરીમાં લિસ્ટિંગ પછી ચાલુ વર્ષે ૨૦૦૦ ટકાનો વધારો નોંધાવનારી કંપની ઝિપુનો શેર એક જ દિવસમાં લગભગ સાત ટકા સુધી તૂટ્યો છે. જૂનમાં ટોચ બનાવ્યા પછી આ કંપનીના શેરમાં અત્યાર સુધીમાં ૮૫ ટકા મૂલ્ય ઘટાડો થયો છે.

ઝિપુ પછી તેની હરીફ કંપની મિનીમેન્ડ્કસનું મૂલ્ય હાલમાં તેની ટોચથી ત્રીજા ભાગનું થઈ ગયું છે. હોંગકોંગમાં અલીબાબા ગ્રુપ હોલ્ડિંગ લિમિટેડના શેરમાં ૫.૬ ટકાનો કડાકો બોલ્યો છે. જ્યારે બૈદુનો શેર ૬.૬ ટકા ઘટ્યો છે. રોબોટ મેકર યુશુ ટેકનોલોજીનો શેર શાંઘાઈ ખાતે ૧૧ ટકા સુધી તૂટી ચૂક્યો છે.

કડક ઈમિગ્રેશન નીતિઓની જોવા મળેલી અસર

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓનો પ્રવેશનો ધસારો ૬.૫ ટકા ઘટ્યો

વોશિંગ્ટન, તા. ૧૭

અમેરિકાની યુનિવર્સિટીઓમાં એડમિશન લેનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૨૫-૨૬માં ગત શૈક્ષણિક વર્ષની સરખામણીમાં ૬.૫ ટકા ઘટી ગઈ છે. એક રિપોર્ટ અનુસાર આ ઘટાડો ટ્રમ્પ વહીવટી તંત્રની કડક થઈ રહેલી ઈમિગ્રેશન નીતિઓની વચ્ચે થયો છે.

૨૦૨૫-૨૬માં ૩,૩૯,૪૩૫ ભારતીય વિદ્યાર્થીઓનો પ્રવેશ : ૨૦૨૪-૨૫માં આ સંખ્યા ૩,૬૩,૦૧૯ હતી

ઓપન ડોર્સ રિપોર્ટ ઓન ઈન્ટરનેશનલ એજ્યુકેશન એક્સચેન્જ અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬માં ૩,૩૯,૪૩૫ ભારતીય વિદ્યાર્થીઓએ અમેરિકાની યુનિવર્સિટીઓમાં એડમિશન લીધું હતું. વર્ષ ૨૦૨૪-૨૫માં આ સંખ્યા ૩,૬૩,૦૧૯ હતી.

સતત ત્રીજા વર્ષે ભારત અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો સૌથી મોટો સ્ત્રોત રહ્યો છે. ૨૦૨૫-૨૬માં થયેલ કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનાં એડમિશનમાં ભારતીય વિદ્યાર્થીઓની ટકાવારી ૨૯.૬ ટકા રહી હતી.

ઘટાડાનું મુખ્ય કારણ સ્નાતક અભ્યાસક્રમોમાં એડમિશનનું પ્રમાણ ૩૪ ટકા ઘટીને ૧,૧૬,૬૦૯ રહ્યું છે. જ્યારે ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી)માં ભાગ લેનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭ ટકા વધીને ૧,૮૨,૨૦૧ રહી હતી.

ચીન ૨,૫૪,૪૫૮ વિદ્યાર્થીઓ સાથે બીજુ સૌથી મોટું સ્ત્રોત રહ્યું હતું. જો કે ત્યાંથી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૨૫-૨૬માં ૨૦૦થી વધુ દેશોનાં ૧૧,૪૬,૧૬૩ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ અમેરિકાની કોલેજો અને યુનિવર્સિટીઓમાં એડમિશન લીધું હતું. આ સંખ્યા ગત શૈક્ષણિક વર્ષની સરખામણીમાં ત્રણ ટકા ઓછી છે. અમેરિકાનાં ઉચ્ચ શિક્ષણમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની હિસ્સેદારી કુલ વિદ્યાર્થીઓનાં ૬ ટકા રહી છે.

એક રિપોર્ટ અનુસાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ ૨૦૨૫માં અમેરિકન અર્થતંત્રમાં ૫૬ અબજ ડોલરનો ફાળો આપ્યો હતો.



ફ્રાન્સમાં સરકાર સામેના વિરોધ પ્રદર્શન અટકવાનું નામ લેતા નથી. શિક્ષણમાં સુધારાના દેખાવો જારી હતા ત્યાં જ નવા બજેટમાં શ્રમિકોની વેતનવૃદ્ધિ અત્યંત ઓછી હોવાનું જાણમાં આવતા શ્રમ સંગઠનોમાં આક્રોશ ફાટી નીકળતા તે રસ્તા પર ઉતર્યા હતા. તેના લીધે સરકાર વિરોધી દેખાવ વધુ આકરા બન્યા છે.

કર્ણાટકની અનેક જાણીતી હસ્તી વિમાનમાં સવાર હતી

મેંગલુરુ એરપોર્ટ પર ઈન્ડિગોના વિમાનની પાંખમાંથી તણખા ઝર્યા

બેંગલુરુ જવા માટે મેંગલુરુ એરપોર્ટ પર તૈયાર ઈન્ડિગો એરલાઈન્સના વિમાનની પાંખમાંથી અચાનક તણખા ઝરતાં અફરાતફરી મચી ગઈ હતી. રનવે પર ટેકઓફની તૈયારી દરમિયાન આ ઘટના બનતાં પાઈલટે સમયસૂચકતા દાખવી તાત્કાલિક બ્રેક લગાવી ટેકઓફ રદ કર્યું હતું. ટેકનિકલ તપાસ બાદ વિમાન સેવામાંથી દૂર કરાયું હતું. વિમાનમાં સવાર તમામ ૨૨૯ મુસાફરો અને સાત ક્રુ મેમ્બર્સ સુરક્ષિત છે. પૂર્વ કર્ણાટક ભાજપ પ્રમુખ નલિન કુમાર કટિલ સહિત અનેક જાણીતી હસ્તીઓ પણ આ વિમાનમાં સવાર હતી. આ ઘટના સોમવારે સાંજે આશરે ૬ વાગ્યે બની હતી. ઈન્ડિગોએ સત્તાવાર નિવેદનમાં કહ્યું કે પાઈલટ્સે નિર્ધારિત સુરક્ષા પ્રક્રિયાનું પાલન કર્યું હતું અને વિમાનને તપાસ માટે પાર્કિંગ બેમાં પરત લાવવામાં આવ્યું હતું. ત્યારબાદ એરલાઈન્સની એન્જિનિયરિંગ ટીમે વિમાનની વિસ્તૃત ટેકનિકલ તપાસ હાથ ધરી હતી.



શિયાળાનું આગમન થવાની સાથે દેવ પોઢી અગિયારસ આવતા ચારધામના મહત્ત્વના ધામ બદ્રીનાથના કપાટ મંગળવારે વિધિપૂર્વકની પૂજાની સાથે બંધ થયા હતા. હવે તે આગામી વર્ષે ખૂલશે.

એનસીઆરની ૧૨ ફાઈનાન્સ કંપનીઓનાં સોફ્ટવેર હેક કર્યા

સાયબર ઠગોનાં નિશાન પર એનબીએફસી ત્રણ મહિનામાં રૂ. ૬૫ કરોડની છેતરપિંડી

નવી દિલ્હી, તા. ૧૭

અત્યાર સુધી લોકોને ડિજિટલ અરેસ્ટ અથવા નકલી કોલ દ્વારા છેતરપિંડી કરનારા સાયબર અપરાધીઓએ હવે પોતાની ચાલ બદલી નાખી છે. હવે તેમના નિશાન પર નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ આવી ગઈ છે.

હાઈ ટેક છેતરપિંડી માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હેકિંગ ટૂલ્સનો પણ ઉપયોગ કરાયો

ફક્ત છેલ્લા ત્રણ મહિનાની અંદર જ દિલ્હી-એનસીઆરની ૧૨ ફાઈનાન્સ કંપનીઓનાં સોફ્ટવેરને હેક કરી હેકર્સે ૬૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી છે.

આશ્ચર્યની વાત એ છે કે આ હાઈ ટેક છેતરપિંડી માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હેકિંગ ટૂલ્સનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

દિલ્હી પોલીસ સૂત્રોનાં જણાવ્યા અનુસાર દિલ્હી-એનસીઆરમાં દાખલ આ ૧૨ એફઆઈઆર સમગ્ર દેશમાં ચાલી રહેલ એક મોટી સાયબર સિંડિકેટનો હિસ્સો છે. આ સમયગાળામાં સમગ્ર દેશની અલગ અલગ એનબીએફસીથી છેતરપિંડીની ૧૫૦થી વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી છે. જેમાં કુલ ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવામાં આવી છે.

દિલ્હી પોલીસનાં સાયબર યુનિટ આઈએફએસઓએ એનસીઆરનાં આ ૧૨ કેસોમાં ૨૦ ઠગોની ધરપકડ કરી છે. આ તમામ મ્યુલ એકાઉન્ટ ખોલવા અને ઉપલબ્ધ કરાવવામાં સામેલ હતાં. આ મ્યુલ ખાતાઓમાં છેતરપિંડીની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી.

પોલીસે ૬૫ કરોડ રૂપિયામાંથી ૧૮ કરોડ રૂપિયાની રકમને ઉપાડવા અને ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતર કરતા પહેલા ફ્રીઝ કરી દીધી હતી.

પોલીસ તપાસમાં છેતરપિંડીની નવી પેટર્ન સામે આવી છે. જેમાં ઠગ ગ્રાહકોને ફોન કરવાને બદલે ડાયરેક્ટ ફાઈનાન્સ કંપનીઓની સિસ્ટમને હેક કરે છે. અનેક નાની ફાઈનાન્સ કંપનીઓની એપ અથવા વેબસાઈટની કોડિંગ સિસ્ટમમાં ટેકનિકલ ખામીઓ હોય છે.

દિલ્હી પોલીસનાં સાયબર યુનિટ આઈએફએસઓએ એનસીઆરનાં આ ૧૨ કેસોમાં ૨૦ ઠગોની ધરપકડ કરી

ગ્રાહકોના ખાતામાંથી બેલેન્સ ગાયબ, લોગઈનમાં મુશ્કેલી, નાણા ટ્રાન્સફર કરવામાં વિલંબ સહિતની સમસ્યાઓ વધી

અમેરિકામાં

(પહેલા પાનાનું ચાલુ)

પણ ફલાઈટ ટેકઓફ કરી શકી ન હતી. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ પછી થયેલી આ સૌથી ખરાબ પરિસ્થિતિ બની હતી. ટૂંકમાં એવું લાગે છે કે, છેલ્લા ૪ દિવસથી ટેકનોલોજી અમેરિકાને દગો આપી રહી છે.

બેન્કો પર માઠી અસર થઈ હતી, જેપીમોર્ગનના સોફ્ટવેરમાં એક ખામીને કારણે સમગ્ર અમેરિકન બેન્કિંગ નેટવર્ક પર અસર પહોંચી હતી, ગ્રાહકોને લોગઈન કરવા સહિત અનેક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. એટલુ જ નહીં ગ્રાહકોના ખાતામાંથી બેલેન્સ ગાયબ દેખાતું હતું, ટ્રાન્સફર કરવામાં ભારે વિલંબ થયો હતો. બેન્ક ઓફ અમેરિકા, વેલ્સ ફર્ગો અને કેપિટલ વન, યુએસ બેન્ક, પીએનસી બેન્ક, સિટિગ્રુપ સહિત આશરે આઠ જેટલી મુખ્ય બેન્કોને અસર પહોંચી હતી. એક બગને કારણે સમગ્ર બેન્કિંગ સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી.

યુનાઈટેડ એરલાઈન્સની સિસ્ટમમાં પણ ટેક્નીકલ ખામી

GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED

Dholera Industrial City Development Limited

GUJARAT FIBRE GRID NETWORK LIMITED

ઉત્તર પશ્ચિમ રેલવે

રજિસ્ટ્રી સં.ડી.એલ.-33004/99

ભારત का राजपत्र
The Gazette of India

સી.જી.- આર.જે.એ - 12112026-277835
CG-RJ-E-12112026-277835
असाधारण
EXTRAORDINARY
ભાગ II - વિભાગ 3 - પેટા- વિભાગ (ii)
PART II - Section 3 - Sub-Section (ii)
सत्ताधारी द्वारा प्रकाशित
PUBLISHED BY AUTHORITY

સં.5845] નવી દિલ્હી, શુક્રવાર, નવેમ્બર 6, 2026/કાર્તિક 15, 1948
No.5845] NEW DELHI, FRIDAY, NOVEMBER 6, 2026/KARTIKA 15, 1948

રેલવે મંત્રાલય
[ઉત્તર પશ્ચિમ રેલવે (નિર્માણ સંગઠન)]
અધિસૂચના
જયપુર,6, નવેમ્બર, 2026

કા.આ. 6078 (અ) રેલવે (સુધારો) અધિનિયમ, 2008 (2008 નો 11) તથા રેલ અધિનિયમ 1989 (1989 નો 24) (જેને આગળ ''આ અધિનિયમ'' કહેવામાં આવ્યો છે) કલમ 20 ક ની પેટાકલમ (1) દ્વારા ફાળવેલ સત્તાનો ઉપયોગ કરતા, કેન્દ્ર સરકાર, આ વાતથી સંતુષ્ટ થયા બાદ જાહેર હેતુ માટે, સંલગ્ન સમયપત્રકમાં જેનું ટૂંકુ વર્ણન આપવામાં આવ્યું છે તેવી જમીન ''લૂણી-સામદડી-ભીલડી ડબલીંગ રેલવે વિશેષ પ્રોજેક્ટ''ના અમલીકરણ માટે જરૂરી છે.
જિલ્લો બનાસકાંઠા, રાજ્ય ગુજરાતના પેટા વિભાગ ડીસામાં તેવી જમીનના સંપાદનના પોતાના આશયની આથી ઘોષણા કરે છે.
આવી જમીનમાં હિતધારક કોઈપણ વ્યક્તિ, આ અધિસૂચનાને રાજપત્રમાં પ્રકાશનની તારીખથી 30 દીવસની અંદર, ઉપરોક્ત અધિનિયમની કલમ 20ધ ની પેટાકલમ (1) ને આધીન, ઉપરોક્ત પ્રયોજન માટે આવી જમીનનું સંપાદન અને ઉપયોગ ના સબંધમાં વાંધાઓ રજૂ કરી શકે છે.
એવા દરેક વાંધા સક્ષમ અધિકારી, એટલે પેટા વિભાગ અધિકારી, ડીસા જિલ્લો બનાસકાંઠા, ગુજરાતને લેખિતરૂપમાં રજૂ કરાશે અને તેમાં વાંધાના આધાર સ્પષ્ટરૂપથી દર્શાવવામાં આવશે. સક્ષમ અધિકારી વાંધો ઉઠાવનારને રૂબરૂ અથવા કોઈ કાયદાના વ્યવસાયીના માધ્યમથી સુનાવણીનો અવસર પ્રદાન કરશે તથા તેવા તમામ વાંધાઓની સુનાવણી કરવા અને તેની આગળની તપાસ, જો કોઈ હશે, જે સક્ષમ અધિકારી જરૂરી સમજે, હાથ ધર્યા બાદ આદેશ દ્વારા વાંધાઓનો સ્વીકાર અથવા અસ્વીકાર કરી શકશે.
ઉપરોક્ત અધિનિયમની કલમ 20ધ ની પેટા કલમ (2) ને આધીન સક્ષમ અધિકારી દ્વારા કરાયેલ પ્રત્યેક આદેશ અંતિમ રહેશે.
આ અધિસૂચના અંતર્ગત આવનારી જમીનની જમીન યોજનાઓ તથા અન્ય વર્ણન ઈચ્છુક વ્યક્તિઓ દ્વારા ઉપરોક્ત સક્ષમ અધિકારીના કાર્યાલયમાં નિરીક્ષણ હેતુ ઉપલબ્ધ છે.

અનુસૂચિ

વિશેષ રેલવે પ્રોજેક્ટ, એટલે 'લૂણી-સામદડી-ભીલડી ડબલીંગ રેલવે વિશેષ પ્રોજેક્ટ' માટે સંપાદન કરનાર જમીનનું ટૂંકુ વર્ણન, જેમાં ડ્રોઈંગ સહિત અથવા ડ્રોઈંગ રહિત જમીનનો સમાવેશ છે. પિટા વિભાગ ડીસા. જિલ્લો બનાસકાંઠા ગુજરાત રાજ્ય.

ક્રમ	જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નં.	જમીનનો પ્રકાર	જમીનની પ્રકૃતિ	ક્ષેત્રફળ (વર્ગ મી.માં)	ક્ષેત્રફળ (હેક્ટરમાં)
1	બનાસકાંઠા	ડીસા	ધરણાલ મોટી	199	ખાનગી	કૃષિ	198	0.0198
2	બનાસકાંઠા	ડીસા	ધરણાલ મોટી	236	સરકારી	ખાલી	872	0.0872
3	બનાસકાંઠા	ડીસા	પેછાલ	735	ખાનગી	કૃષિ	697	0.0697
4	બનાસકાંઠા	ડીસા	પેછાલ	736	ખાનગી	કૃષિ	1255	0.1255
5	બનાસકાંઠા	ડીસા	પેછાલ	468	ખાનગી	કૃષિ	265	0.0265
						સંપાદિત કરાનાર કુલ જમીન	3287	0.3287

[फा.सं.ઉપરે/હેડક્વાર્ટર/એસએન્ડસી/443599200 ભાગ-26]
1632-PS/26 વિવેક સક્સેના મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ)

National Dairy Development Board

IN THE COURT OF SHRI. R. S. KULKARNI CIVIL JUDGE
SENIOR DIVISION, PUNE

NOTICE

In memory

ચીનમાં મિયાઉ જાતિએ તેમના નવા વર્ષની આગવી અને વિશિષ્ટ શૈલીમાં ઉજવણી કરી



ચીનમાં ભલે ચાઈનીઝ બધા એક સરખા લાગતા હોય, પરંતુ તેમની વચ્ચે પણ વૈવિધ્ય છે. દક્ષિણપશ્ચિમ ચીનમાં ગુઈઝોઉ પ્રાંતમાં આવેલા લેઈશન કાઉન્ટીના કિયાંગડોંગમેન મિયાઉ અને ડોંગ ઓટોનોમસ પ્રાંતમાં મિયાઉ નવા વર્ષની ઉજવણી થઈ રહી છે. આ નવા વર્ષની ઉજવણી પાછી વ્યક્તિગત ધોરણે નહીં પણ સામૂહિક ધોરણે કરવામાં આવે છે. મિયાઉ જાતિના હજારો લોકો આ લેઈશન કાઉન્ટીમાં એકત્રિત થાય છે. મિયાઉ નવા વર્ષ નિમિત્તે ગ્રાન્ડ પરેડ કરવામાં આવે છે. તેમનો વંશીય સાંસ્કૃતિક વારસો દર્શાવવામાં આવે છે. આ ઉપરાંત સ્થાનિક લોકગીતો ગાવામાં આવે છે, વાદ્યયંત્રો વગાડવામાં આવે છે. મિયાઉ નવા વર્ષની ઉજવણીનો ચીનના સાંસ્કૃતિક વારસામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ તેના સાંસ્કૃતિક વારસાને રાષ્ટ્રીય દરજ્જો મળ્યો છે. હજારોથી લઈને લાખો મિયાઉ લોકો આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. તેઓ રંગબેરંગી કપડા પહેરે છે તથા જાહેરમાં નાચગાન કરે છે. તેઓ જ્યારે પણ તેમના નવા વર્ષની ઉજવણી હોય ત્યારે આ પ્રકારના રંગીન કપડા પહેરે છે. તેઓના કપડાની વૈવિધ્યસભર ડિઝાઈનો જોઈએ તો ફેશન ડિઝાઈનરો પણ મોઢામાં આંગળા નાખી જાય અને તેમાથી પ્રેરણા લઈ શકે. તેઓએ હર્ષોલ્લાસથી અને નાચગાનથી અને જબરદસ્ત ભવ્યતાથી તેમના નવા વર્ષને આવકાર્યું હતુ.

રોબર્ટ પેટ્ટિન્સન બેટમેન અને જેમ્સ બોન્ડ બંને

રોબર્ટ પેટ્ટિન્સન સાતમો જેમ્સ બોન્ડ બનતાં મીમ્સના ઘોડાપૂર

મુંબઈ, તા. ૧૭

૪૦ વર્ષના એક્ટર રોબર્ટ પેટ્ટિન્સનની ડેનિયલ ક્રેગ બાદ સાતમા જેમ્સ બોન્ડ તરીકે ભૂમિકા ભજવવા માટે વરણી થઈ તે સાથે ઈન્ટરનેટ પર મીમ્સના પૂર આવ્યા છે. નિકોલસ હોલ્ટ અને કોલુમ ટર્નરના બોન્ડ બનવાના સપનાં વેરણ થતાં દર્શાવી એક મીમ્સમાં પેટ્ટિન્સન પોતે બેટમેન અને બોન્ડ બંને હોવાનું જાહેર કરે છે.



બેટમેનમાં બ્રુસ વેઇનની ભૂમિકા ભજવી જાણીતા બનેલા પેટ્ટિન્સન વિશે મજાક કરતાં જણાવાયું કે દુનિયામાં લોકો એઆઈનોકરીઓ લઈ લેશે તેવી ચિંતા કરે છે પણ એક્ટર્સ માટે પેટ્ટિન્સન રોલ છીનવનારું વધારે મોટું જોખમ બની રહ્યો છે. ટ્વિલાઈટમાં વેમ્પાયર તરીકે ભૂમિકા ભજવનાર પેટ્ટિન્સનની ૨૦૨૮માં બેટમેન ટુ ફિલ્મ પણ રજૂ થવાની છે.

ટ્વિલાઈટ ફિલ્મનો એક સીન દર્શાવી એવો દાવો કરાયો છે કે છે કે ૨૦૦૮માં આ ફિલ્મના એક સીનમાં પેટ્ટિન્સન જેમ્સ બોન્ડ બનશે તેવી આગાહી કરાઈ હતી.

બાર્બરા બ્રોકોલિ પાસેથી ફ્રેન્ચાઈઝી ખરીદ્યા બાદ એમેઝોન-એજીએમ સ્ટુડિયોની પહેલી બોન્ડ ફિલ્મ


રીલિઝને હવે બે માસ કરતાં ઓછો સમય બાકી

ગોલમાલ ફાઈવમાં છેલ્લી ઘડીએ બે ગીત ઉમેરાશે

મુંબઈ, તા. ૧૭

રોહિત શેટ્ટીની 'ગોલમાલ ફાઈવ'માં છેલ્લી ઘડીએ બે ગીત ઉમેરવાનો નિર્ણય લેવાયો છે. આ માટે રોહિત શેટ્ટી મુંબઈમાં ફિલ્મના તમામ કળાકારોને એકત્ર કરી રહ્યાં છે. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં એક પછી એક એમ બે ગીતોનું સળંગ શૂટિંગ મુંબઈમાં કરવામાં આવશે.

આ બંને ગીત અજય દેવગણ, અક્ષય કુમાર, અરશદ વારસી, શ્રેયસ તળપદે, કુણાલ ખેમુ, તુષાર કપૂર અને શર્મન જોશી પર ફિલ્માવવામાં આવશે. 'ગોલમાલ' ફ્રેન્ચાઈઝીની તમામ ફિલ્મોની જેમ ફાઈવમાં પણ એક ધમાલ મચાવતું ગીત હશે. શર્મન જોશી પહેલી 'ગોલમાલ' ફિલ્મ બાદ ૨૧ વર્ષે



ફરી ફ્રેન્ચાઈઝીમાં પાછો ફરી રહ્યો છે.

'ગોલમાલઃ ફન અનલિમિટેડ' નામની ફિલ્મ ૨૦૦૬માં આવી ત્યારથી આ ફ્રેન્ચાઈઝી શરૂ થઈ તે પછી ૨૦૦૮માં 'ગોલમાલ રિટર્ન્સ', ૨૦૧૦માં 'ગોલમાલ ૩', ૨૦૧૭માં 'ગોલમાલ અગેઈન' અને હવે 'ગોલમાલ ફાઈવ ' જાન્યુઆરી ૨૦૨૭માં રજૂ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર દેશભરમાં ફિલ્મના રીલિઝના રાઈટ્સ મેળવવા માટે અગ્રણી વિતરકોએ ૧૦૦ કરોડ રૂપિયાની ઓફર્સ આપી છે. રોહિત શેટ્ટી ઓછું કમિશન અને બહોળી રજૂઆતની ખાતરી આપનાર વિતરકને રાઈટ્સ વેચશે તેમ મનાય છે.

બે ગીત ફિલ્માવવા ડિસેમ્બરમાં ફિલ્મની તમામ કાસ્ટને મુંબઈમાં એકત્ર કરવામાં આવશે

જુદી જુદી આઠ કેટેગરીમાં એન્ટ્રી મોકલાઈ હતી

ગ્રેમીમાં ધુરંધરને એક પણ કેટેગરીમાં નોમિનેશન નહિ

મુંબઈ, તા. ૧૭

રણવીર સિંહની 'ધુરંધર : ધ રિવેન્જ' ફિલ્મમાં શાશ્વત સચદેવે કમ્પોઝ કરેલાં મ્યુઝિક અને ગીતો માટે ગ્રેમીની વિવિધ કેટેગરીમાં આઠ એન્ટ્રી મોકલવામાં આવી હતી પણ ફિલ્મ એક પણ નોમિનેશન મેળવવામાં સફળ થઈ નહોતી. બીજી તરફ દેવાન ઈકમ્બરમ અને સુષાનું વારુવૈઈ ગ્રેમ્મી નોમિનેશન મેળવનારું પ્રથમ તમિળ ગીત બન્યું હતું.

'ધુરંધર'ના વિવિધ ગીતોને વિવિધ કેટેગરીઓ જેમ કે બેસ્ટ સોંગ રીટન ફોર વિઝ્યુઅલ મિડિયા, બેસ્ટ પોપ ડ્યુઓ/ગ્રુપ પરફોર્મન્સ, બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફોર્મન્સ, બેસ્ટ એશિયન પોપ મ્યુઝિક પરફોર્મન્સ અને બેસ્ટ રેપ પરફોર્મન્સ માં એન્ટ્રી નોંધાવવામાં આવી હતી પણ ફિલ્મ એકપણ નોમિનેશન મેળવવામાં સફળ થઈ નહોતી.



બીજી તરફ આ વખતે ૨૦૨૭માં અગિયાર ગ્રેમ્મી નોમિનેશન મેળવી રાયે મોખરે છે. એ પછી રોસાલિયાને નવ નોમિનેશન મળ્યાં છે. જ્યારે બિયોન્સેએ તેની કારકિર્દીમાં ૧૦૦મું ગ્રેમી નોમિનેશન મેળવી ચર્ચાનો વિષય બની છે.

વારુવૈઈ ગ્રેમ્મી નોમિનેશન મેળવનારું પ્રથમ તમિળગીત બિયોન્સે ૧૦૦મા નોમિનેશન સાથે ચર્ચામાં

બોલિવુડમાં સીકવલો માટે દોડ યથાવત


સિદ્ધાર્થ-તમન્નાની ફ્લોપ ફિલ્મ ધી વનની પણ સીકવલ બનશે

મુંબઈ, તા. ૧૭

સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયાની જોડીને ચમકાવનારી 'ધી વન' ફિલ્મ ફ્લોપ ગઈ હોવા છતાં પણ આ ફિલ્મની સિકવલ વન ટુની જાહેરાત કરવામાં આવી છે.

એકતા કપૂરની બાલાજી મોશન પિકચર્સ અને ટીવીએફ દ્વારા 'ધ વર્લ્ડ ઓફ વન'ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

'ધ વનઃ ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ' ગત સપ્ટેમ્બરમાં રજૂ કરાઈ હતી. આશરે ૮૫ કરોડના ખર્ચે બનેલી ફિલ્મ ટિકિટબારી પર ૭૦ કરોડ કમાતાં હાંફી ગઈ હતી. જોકે, જુદા જુદા રાઈટ્સની કમાણીનું ટોટલ લગાવી નિર્માતાઓએ આ ફિલ્મ હિટ હોવાનો સંતોષ માણી લીધો હતો. બીજી તરફ વિવેચકોએ ફિલ્મની આકરી ઝાટકણી કાઢી હતી. હવે નિર્માતાઓએ સંકેત આપ્યો છે કે આ ફ્રેન્ચાઈઝીમાં એક કરતાં વધારે ફિલ્મો આવશે.



વન ટુમાં દંતકથા, લોકવાર્તા અને કપોળકલ્પનાની ભયાનક દુનિયાને મોટાપાયે રજૂ કરવામાં આવશે

સત્તાનો ત્યાગ, અંતરાત્માનો અવાજ અને પરિવારનો સંઘર્ષ : સોનિયા ગાંધીના સંસ્મરણોની અકથિત દાસ્તાન

સોનિયાએ સંતાનોના દબાણને પગલે પીએમ પદ સ્વીકાર્યું નહીં!

ભારતીય રાજકારણના ઈતિહાસમાં મે ૨૦૦૪નો એ સમયખંડ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. સમગ્ર દેશની નજર ૧૦ જનપથના દરવાજા પર મંડાયેલી હતી. લોકસભાની ચૂંટણીના પરિણામોએ સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધનને સત્તાના શિખર સુધી પહોંચાડી દીધું હતું. લાખો કાર્યકરોના હૃદયમાં એક જ નામ ગુંજતું હતું, સોનિયા ગાંધી. સૌ કોઈએ સ્વીકારી લીધું હતું કે, હવે દેશના આગામી વડાપ્રધાન સોનિયા ગાંધી જ બનશે. પરંતુ, જ્યારે સત્તાનો મુગટ સામે ચાલીને આવ્યો, ત્યારે તેમણે જે નિર્ણય લીધો તેણે સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી દીધું. પોતાની આત્મકથા 'બિલોંગિંગ : અ જર્ની ઓફ લવ' માં સોનિયા ગાંધીએ એ ઐતિહાસિક ક્ષણો, પડદા પાછળના રાજકીય દાવપેચ, પોતાના બાળકોની વેદના અને સત્તાથી દૂર રહેવાના પોતાના દ્રઢ સંકલ્પના અનેક અજાણ્યા પાસાઓ ઉજાગર કર્યા છે.

> **રાહુલ અને પ્રિયંકા બંનેમાંથી કોઈ પણ નહોતું ઈચ્છતું કે તેમની માતા વડાપ્રધાન બને. તેમણે પોતાની દાદી ઈન્દિરા ગાંધીની હત્યા અને પોતાના પિતા રાજીવ ગાંધીની ક્રૂર હત્યાનો ભયાનક સમય નજરે જોયો હતો અને એ દર્દમાંથી તેઓ પસાર થયા હતા, પરંતુ કોંગ્રેસ પક્ષને બચાવવા અંતર આત્માનો નિર્ણય સ્વીકારી તેમને કોંગ્રેસ બેઠી કરવાનું કામ કર્યું પરંતુ જ્યારે કોંગ્રેસને લોકસભાની ૨૦૦૪ની ચૂંટણીમાં આશ્ચર્યજનક પરિણામો મળ્યા પછી કોંગ્રેસના નેતાઓ તરફથી વડાપ્રધાનપદ માટે દબાણ થયું તે સમયે રાહુલ અને પ્રિયંકાનું દર્દ અને વેદનાઓએ તેમને રોક્યા. રાહુલ વડાપ્રધાનપદ માટે પોતાની માતાને ગુમાવવા તૈયાર ન હતો અને માટે જ લાગણીવશ સોનિયા ગાંધીએ વડાપ્રધાનપદનો અસ્વીકાર કર્યો તેમના મનમાં વારંવાર એક જ વિચાર આવતો હતો કે સમગ્ર ભારત માટે. દેશને એક એવી મજબૂત અને કાબેલ સરકારની જરૂર હતી જે ભારતને ભાગલાવાદી રાજકારણથી દૂર રાખી શકે અને વિકાસ તથા પ્રગતિના પથ પર આગળ લઈ જાય તેથી તેમણે ડો. મનમોહનસિંહને વડાપ્રધાનપદ માટે લાયક ગણાવ્યા**

સોનિયા ગાંધી લખે છે કે જ્યારે તેમણે વડાપ્રધાન પદ ન સ્વીકારવાનો અંતિમ નિર્ણય લીધો, ત્યારે તેમના મનમાંથી શંકાના છેલ્લા અંશો પણ ઓગળી ગયા હતા. તેમણે જાણે પોતાની જાતને જ એમ કહેતા સાંભળી હતી કે, 'સોનિયા, તારી જાત પ્રત્યે ઈમાનદાર રહે. તું હંમેશાથી આ વાત જાણતી હતી.

બસ, હવે આને છોડી દે.'આ શબ્દો માત્ર કોઈ રાજકીય નિર્ણયનું પરિણામ નહોતા, પરંતુ વર્ષોથી તેમના અંતરમનમાં ચાલી રહેલા મનોમંથનનો અંતિમ પડાવ હતો. તેમણે તે સમયે પણ જાહેરમાં કહ્યું હતું કે તેમણે પોતાના 'અંતરાત્માના અવાજ' પર આ નિર્ણય લીધો છે, અને આજે આટલા વર્ષો પછી પણ તેમના સંસ્મરણોમાં એ જ સત્ય અને સ્પષ્ટતા છલકાય છે. વાસ્તવિકતા એવી પણ છે કે, પોતાના સંતાનોને પીડા આપીને તેઓ સત્તા ભોગવવા માગતા નહોતા.

આ નિર્ણયના મૂળ ૨૦૦૪ની ચૂંટણીના પરિણામોમાં નહીં, પરંતુ તેના કેટલાક મહિનાઓ પહેલાના એક પારિવારિક સંવાદમાં છુપાયેલા હતા. સોનિયા ગાંધી જણાવે છે કે ચૂંટણીના થોડા મહિના પહેલા તેમણે પોતાના બંને સંતાનો, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે આ મુદ્દે ખુલીને વાત કરી હતી.

વાતચીત દરમિયાન બેમાંથી એક સંતાને તેમને સીધો સવાલ પૂછ્યો હતો કે જો આપણી પાર્ટી ચૂંટણી જીતી જાય, તો શું તમે વડાપ્રધાન પદ સ્વીકારશો? સોનિયા ગાંધીએ લગભગ ગુસ્સા અને અત્યંત સ્પષ્ટતા સાથે તરત જ જવાબ આપ્યો હતો કે, 'બિલકુલ નહીં.' જ્યારે બાળકોએ ફરીથી ભારપૂર્વક પૂછ્યું કે શું તમને પૂરો વિશ્વાસ છે, ત્યારે તેમણે દ્રઢતાથી કહ્યું કે હું મારા નિર્ણય અંગે એકદમ સ્પષ્ટ છું.

રાહુલ અને પ્રિયંકા બંનેમાંથી કોઈ પણ નહોતું ઈચ્છતું કે તેમની માતા વડાપ્રધાન બને. આ ઈચ્છા પાછળ કોઈ રાજકીય ગણતરી નહોતી, પરંતુ એક ઊંડો, અસહ્ય પારિવારિક આઘાત હતો. તેમણે પોતાની દાદી ઈન્દિરા ગાંધીની હત્યા અને પોતાના પિતા રાજીવ ગાંધીની ક્રૂર હત્યાનો ભયાનક સમય નજરે જોયો હતો અને એ દર્દમાંથી તેઓ પસાર થયા હતા. તેમના મનમાં વડાપ્રધાનનું પદ કોઈ વૈભવ કે સત્તાનું પ્રતીક નહોતું, પરંતુ સીધેસીધું જીવલેણ જોખમ સાથે જોડાયેલું હતું. જ્યારે સોનિયા ગાંધીએ ના પાડી, ત્યારે રાહુલ અને પ્રિયંકાને રાહત થઈ. સોનિયા ગાંધીને પણ પોતાનું મન અત્યંત હળવું થઈ ગયું હોય તેવો અનુભવ થયો હતો, કારણ કે જીવનમાં પહેલીવાર તેમણે આ સવાલ પર પોતાનો નિર્ણય મોટેથી, સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કર્યો હતો.

ચૂંટણી પ્રચાર દરમિયાન જ્યારે પણ પત્રકારો કે જનતા દ્વારા તેમને પૂછવામાં આવતું કે કોંગ્રેસ તરફથી વડાપ્રધાન કોણ બનશે, ત્યારે સોનિયા ગાંધી ક્યારેય કોઈ ચોક્કસ જવાબ આપતા નહોતા. પરંતુ તેમના અંતરમનમાં એક સ્પષ્ટ ચિત્ર અંકિત હતું. તેઓ જાણતા હતા કે આ પદ પર એવી કોઈ વ્યક્તિ હોવી જોઈએ જે અગાઉની કોંગ્રેસ સરકારોના વારસાને આગળ ધપાવી શકે, જેને સરકાર ચલાવવાનો બહોળો અનુભવ હોય અને જેની ઈમાનદારીનો રેકોર્ડ સંપૂર્ણપણે બેદાગ હોય.

જોકે, ૨૦૦૪ની જીત સુધીનો આ પ્રવાસ સોનિયા ગાંધી માટે જરાય સરળ નહોતો. તેમણે જુલાઈ ૨૦૦૩માં શિમલામાં યોજાયેલી કોંગ્રેસની એક તણાવપૂર્ણ બેઠકનો પણ ઉલ્લેખ કર્યો છે. તે સમયે અન્ય પક્ષો સાથે ગઠબંધન કરવા મુદ્દે પાર્ટીની અંદર ભારે મતભેદો ચાલી રહ્યા હતા.

એક તબક્કે સોનિયા ગાંધીને લાગ્યું કે તેમને આ ચર્ચાથી બાકાત રાખવામાં આવ્યા છે. જ્યારે તેમણે પોતાના સાથીઓને પૂછ્યું કે તેઓ શેની ચર્ચા કરી રહ્યા છે, ત્યારે થોડા ખચકાટ સાથે તેમને જવાબ મળ્યો કે ચૂંટણીમાં પાર્ટીનું નેતૃત્વ કોણ કરશે તે અંગે વિચારણા ચાલી રહી છે. આ સાંભળીને સોનિયા ગાંધી સ્તબ્ધ થઈ ગયા હતા. તેમને એ વાતનું ઊંડું દુઃખ થયું હતું કે તેમની જ પાર્ટીના સાથીઓએ તેમને 'બહારના' સમજ્યા હતા. જોકે, તેમણે મક્કમતાથી સંદેશ આપ્યો કે કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તેઓ જ ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરશે.

ત્યારબાદ એ જ થયું જેની કોઈને કલ્પના નહોતી. તત્કાલીન એનડીએ સરકારે 'ઈન્ડિયા શાઈનિંગ' અને 'ફીલ ગુડ'ના આકર્ષક નારાઓ સાથે નિર્ધારિત સમય કરતાં છ મહિના વહેલી ચૂંટણી કરાવવાનો મોટો જુગાર ખેલ્યો હતો.

ભાજપને પોતાની જીતનો અતિશય વિશ્વાસ હતો, પરંતુ સોનિયા ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે એવો જબરદસ્ત વળતો પ્રહાર કર્યો કે ભાજપ સત્તાની બહાર ફેંકાઈ ગયો. આ પરિણામોએ સમગ્ર દેશના રાજકીય સમીકરણો બદલી નાખ્યા. પરંતુ, જીતની ખુશીની સાથે જ સોનિયા ગાંધી સામે સૌથી મોટી અગ્નિપરીક્ષા આવીને ઉભી રહી.

પરિણામો બાદ ગઠબંધનના સહયોગી નેતાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક નક્કી કરવામાં આવી હતી.

આ નેતાઓએ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ કોઈપણ ભોગે સોનિયા ગાંધીને વડાપ્રધાન બનવા માટે મનાવી લેશે. બીજા દિવસે બપોરે ૧૦ જનપથના સૌથી પાછળના ભાગમાં આવેલા રાજીવ ગાંધીના કોન્ફરન્સ રૂમમાં આ બેઠક શરૂ થઈ.

તમામ નેતાઓ એકસૂરે સોનિયા ગાંધીને વડાપ્રધાન પદ સ્વીકારવાનો આગ્રહ કરી રહ્યા હતા. જ્યારે ચર્ચા પૂરી થઈ, ત્યારે સોનિયા ગાંધીએ હિંમત એકઠી કરીને પોતાની અસહમતી જાહેર કરી. તેમણે પદ સંભાળવાની મનાઈ કરી.

તેમની વાત સાંભળતા જ રૂમમાં જાણે ભૂકંપ આવી ગયો. તમામ નેતાઓ ઉભા થઈ ગયા અને તેમની તરફ આગળ વધ્યા. સોનિયા ગાંધી પણ ઉભા થઈ ગયા. નેતાઓએ તેમને ચારેબાજુથી ઘેરી લીધા. એક નેતાએ ઊંચા અવાજે કહ્યું, 'અમે આ નહીં માનીએ.' બીજાએ કહ્યું, 'મેડમ, તમે આ નિર્ણય ન લઈ શકો.' તેમનો સૂર અત્યંત જોરદાર અને લગભગ ગુસ્સાભર્યો હતો. આ અણધાર્યા અને આક્રમક દબાણ સામે સોનિયા ગાંધી હચમચી ગયા. દબાણ હેઠળ તેમના મોંમાંથી ધીમેથી શબ્દો સરી પડ્યા, 'ઠીક છે.' તેમનું વાક્ય પૂરું થાય તે પહેલાં જ ત્યાં હાજર નેતાઓએ એકબીજાને અને તેમને અભિનંદન આપવાનું શરૂ કરી દીધું. કોઈ બૂમો પાડવા લાગ્યું કે, 'તેઓ માની ગયા છે, તેઓ માની ગયા છે.' સોનિયા ગાંધી ત્યાં જ સ્તબ્ધ, જડવત ઉભા રહ્યા.

આ ઘટનાની સૌથી તીવ્ર અને ભાવનાત્મક પ્રતિક્રિયા તેમના પોતાના ઘરમાં જ જોવા મળી. જ્યારે રાહુલ ગાંધીને આ વાતની ખબર પડી, ત્યારે તેમનો ગુસ્સો ફાટી નીકળ્યો. સોનિયા ગાંધી યાદ કરે છે કે રાહુલ રીતસરના ગર્જ્યા હતા, 'તમે હા પાડી દીધી?!' સોનિયા ગાંધીએ લાચારીથી જવાબ આપ્યો, 'તેઓ મારી વાત સાંભળવા તૈયાર નહોતા. હું આ કરવા નથી માંગતી, તું જાણે છે કે હું આ નથી ઈચ્છતી. મારા પર ભારે દબાણ કરવામાં આવી રહ્યું હતું.' રાહુલનો સવાલ સીધો તેમના હૃદયને વીંધી ગયો, જ્યારે તેમણે પૂછ્યું, 'તમારા પર દબાણ કરવામાં આવી રહ્યું હતું, અને અમારું શું?' આટલું કહીને રાહુલ ગુસ્સાથી લાલચોળ ચહેરા સાથે ત્યાંથી ચાલ્યા ગયા.

બીજી તરફ પ્રિયંકા ગાંધીની પ્રતિક્રિયા શાંત, પરંતુ અત્યંત વેદનાભરી હતી. પ્રિયંકાએ પોતાની માતાને સમજાવતા કહ્યું, 'જુઓ, મા, તમે હંમેશાથી આ બાબતે એકદમ સ્પષ્ટ રહ્યા છો. આમાં જબરદસ્તી ન કરશો. તમે જે નક્કી કર્યું છે, તે જ કરો.' પ્રિયંકાની આંખો લાલ થઈ ગઈ હતી અને તેમને જોઈને ખુદ સોનિયા ગાંધીને પણ રડવાનું મન થઈ આવ્યું હતું.



'તેઓ માની ગયા છે, તેઓ માની ગયા છે.' સોનિયા ગાંધી ત્યાં જ સ્તબ્ધ, જડવત ઉભા રહ્યા.

આ ઘટનાની સૌથી તીવ્ર અને ભાવનાત્મક પ્રતિક્રિયા તેમના પોતાના ઘરમાં જ જોવા મળી. જ્યારે રાહુલ ગાંધીને આ વાતની ખબર પડી, ત્યારે તેમનો ગુસ્સો ફાટી નીકળ્યો. સોનિયા ગાંધી યાદ કરે છે કે રાહુલ રીતસરના ગર્જ્યા હતા, 'તમે હા પાડી દીધી?!' સોનિયા ગાંધીએ લાચારીથી જવાબ આપ્યો, 'તેઓ મારી વાત સાંભળવા તૈયાર નહોતા. હું આ કરવા નથી માંગતી, તું જાણે છે કે હું આ નથી ઈચ્છતી. મારા પર ભારે દબાણ કરવામાં આવી રહ્યું હતું.' રાહુલનો પોતાના સંતાનોની આ વેદના અને આક્રોશે સોનિયા ગાંધીને ફરી એકવાર વાસ્તવિકતાનું ભાન કરાવ્યું.

આ પારિવારિક સંવાદ પછી સોનિયા ગાંધીએ ફરીથી ઊંડો વિચાર કર્યો. તેમના મનમાં વારંવાર એક જ વિચાર આવતો હતો કે તેમના આ પગલાના દૂરગામી પરિણામો આવશે, માત્ર તેમની પાર્ટી માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારત માટે. દેશને એક એવી મજબૂત અને કાબેલ સરકારની જરૂર હતી જે ભારતને ભાગલાવાદી રાજકારણથી દૂર રાખી શકે અને વિકાસ તથા પ્રગતિના પથ પર આગળ લઈ જાય.

વિરોધીઓના વિદેશી મૂળ અંગેના દુષ્પ્રચારના મુદ્દાને જ ઉખાડી ફેંક્યો

સોનિયા ગાંધીને એ વાતનો પૂરો અણસાર હતો કે જો તેઓ વડાપ્રધાન પદ સ્વીકારી લેશે, તો વિરોધીઓ દ્વારા ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના 'વિદેશી મૂળ'ને લઈને જે ઝેરી પ્રચાર અને હોબાળો શરૂ કરવામાં આવ્યો હતો, તે ક્યારેય શાંત નહીં થાય. ભાજપ અને તેના સહયોગીઓ ચોક્કસપણે આ મુદ્દાને હથિયાર બનાવીને લોકોની ભાવનાઓ ભડકાવશે અને દેશમાં એવી અરાજકતા ફેલાવશે કે જે પાછલા અને આવનારા વર્ષોના તમામ સારા કામો પર પાણી ફેરવી દેશે. દેશના હિત અને શાંતિને સર્વોપરી રાખીને તેમણે પોતાની જાતને પૂછ્યું કે તેઓ આ પદ સ્વીકારવા માટે કેવી રીતે સંમત થઈ શકે? અને જવાબ હતો 'ના, ક્યારેય નહીં.

અંતે તેમણે ડો. મનમોહન સિંહને વડાપ્રધાન બનાવવાનો ઐતિહાસિક નિર્ણય જાહેર કરીને તમામ અટકળોનો અંત આણ્યો. યુપીએ સરકારના દસ વર્ષના શાસનકાળ દરમિયાન વિપક્ષ દ્વારા સોનિયા ગાંધી પર સતત એવા આરોપો લગાવવામાં આવ્યા કે સરકાર વડાપ્રધાન કાર્યાલયથી નહીં, પરંતુ ૧૦ જનપથથી ચાલે છે અને તેઓ 'સુપર પીએમ' તરીકે સરકારી ફાઈલો મંગાવીને નિર્ણયો લે છે.

પોતાના સંસ્મરણોમાં સોનિયા ગાંધીએ આ તમામ આરોપોને સખત શબ્દોમાં ફગાવી દીધા છે. સરકારની રચના સમયે તેમણે ચોક્કસપણે પોતાના સૂચનો આપ્યા હતા જેથી વર્ષોથી પાર્ટીની નિષ્ઠાપૂર્વક સેવા કરનારા નેતાઓને યોગ્ય સ્થાન મળી શકે, પરંતુ પીએમઓમાંથી ફાઈલો મંગાવવાના આરોપો 'દુર્ભાવનાપૂર્ણ અને સંપૂર્ણપણે જૂઠા' હતા.



મુંબઈ આવેલા બ્રિટનના પ્રિન્સ વિલિયમ અને પ્રિન્સેસ કેટ મિડલટને મંગળવારે યોજાયેલા અર્થ શોર્ટ પ્રાઇઝ ડિસ્ટ્રીબ્યુશન ફંક્શનમાં ભારતીય પહેરવેશ પરિધાન કર્યો હતો. આ સમારોહમાં આલિયા ભટ્ટ, સોનમ કપૂર, મીરા કપૂર, ખુશી કપૂર, રકુલ પ્રીત સિંહ ઉપરાંત બ્રિટિશ એકટ્રેસ સિમોન એશલે સહિત અનેક ફિલ્મ સિતારાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. અનેક સેલેબ્સ, ઉદ્યોગપતિઓ તથા અગ્રણીઓની હાજરીમાં યોજાયેલા સમારોહમાં પર્યવરણ જતનના ક્ષેત્રો અવનવાં સંશોધનો કરી નમૂનેદાર કામગીરી કરનારા લોકોને સન્માનિત કરાયાં હતાં. આ અગાઉ શાહી કપલે પહેલીવાર ચિલ્ડ્રન્સ અર્થશોટ એવોર્ડ મેળવનારાં બાળકો સાથે પણ અજમાવ્યો છે તેની જાણકારી મેળવી હતી. પ્રદૂષણ ન ફેલાવે એવી ઈ- રિક્ષાની પણ પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે જેમાં શાહી યુગલે સવારી કરી હતી. આ પ્રતિષ્ઠિત પારિતોષિકની અંતિમ યાદીમાં સ્થાન પામેલા ફાઇનલીસ્ટોને તેઓ બાંદરા બેન્ડ- સ્ટેન્ડના પ્રોમેનેડ પર મળ્યા હતા અને પછી શાહી કપલે સુંદર સહેલગાહ પથ પર લટાર મારી હતી.

તમિલનાડુમાં વિજય સરકારની હાઈકોર્ટે ઝાટકણી કાઢી

ખનિજોના અન્ય રાજ્યોમાં પરિવહન પર પ્રતિબંધ મૂકી શકાય નહીં : હાઈકોર્ટ

ચેન્નઈ, તા.૧૭

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુની વિજય થલપતિ સરકારને મોટો ઝટકો આપતાં રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં ખનિજોના પરિવહન પર લાદવામાં આવેલા ત્રણ મહિનાના પ્રતિબંધને રદ કરી દીધો છે. હાઈકોર્ટે રફ સ્ટોન, બોલ્ડર, એમ-સેન્ડ અને મેટલ જેવી સહિતની બાંધકામ સામગ્રીના આંતરરાજ્ય પરિવહન પર પ્રતિબંધ મૂકતા નિયમ ઉછને ગેરબંધારણીય જાહેર કર્યો છે.

તમિલનાડુ સરકારનો ત્રણ મહિનાનો પ્રતિબંધ રદ : રફ સ્ટોન, બોલ્ડર, એમ-સેન્ડ અને મેટલ જેલીના પરિવહનને મંજૂરી

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કાયદેસરના લાઇસન્સ હેઠળ ખનન કરવામાં આવેલા ખનિજોના પરિવહન પર રાજ્ય સરકાર આ પ્રકારની મનસ્વી પાબંદી લગાવી શકે નહીં.

આ સમગ્ર વિવાદ તમિલનાડુ સરકારે ખનિજોના ગેરકાયદે ખનન, પરિવહન અને સંગ્રહને અટકાવવા માટે બનાવેલા નિયમોમાં કરેલા સુધારા બાદ શરૂ થયો હતો. રાજ્ય સરકારે ૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'તમિલનાડુ પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ ઓફ મિનરલ્સ એન્ડ મિનરલ ડીલર્સ રૂલ્સ, ૨૦૧૧'માં સુધારો કર્યો હતો.

આ સુધારા હેઠળ ભૂસ્તરશા અને ખનન વિભાગના નિયામકને રફ સ્ટોન, બોલ્ડર, એમ-સેન્ડ, મેટલ જેલી તથા અન્ય બાંધકામ સામગ્રીને તમિલનાડુની બહાર લઈ જવાની પ્રવૃત્તિઓ નિયંત્રિત કરવાની સત્તા આપવામાં આવી હતી. ત્યારબાદ રાજ્ય સરકારે આ સામગ્રી અન્ય રાજ્યોમાં લઈ જવા પર ત્રણ મહિના માટે પ્રતિબંધ મૂક્યો હતો. જોકે, આ પ્રતિબંધમાંથી પુડુચેરી અને કરાઈકલને બાકાત રખાયા હતાં.

સરકારના આ નિર્ણયને બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોએ મદ્રાસ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજદારોની દલીલ હતી કે કાયદેસરના લાઇસન્સ હેઠળ ખનન કરાયેલા ખનિજો તેમના માલિકોની સંપત્તિ છે. તેથી માલિકોને પોતાની સામગ્રી ક્યાં વેચવી અને ક્યાં મોકલવી તે નક્કી કરવાનો અધિકાર છે. ઉપરાંત, નિયમોમાં કરવામાં આવેલા સુધારા માટે રાષ્ટ્રપતિની મંજૂરી આવશ્યક હોવાની દલીલ પણ કરવામાં આવી હતી.

મુખ્ય ન્યાયાધીશ એસ.એ. ધર્માધિકારી અને ન્યાયમૂર્તિ જી. અરુળ મુરુગનની ખંડપીઠે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે કાયદેસરના લાઇસન્સ હેઠળ ખનન કરાયેલા ખનિજોના પરિવહન પર રાજ્ય સરકાર આ પ્રકારનો પ્રતિબંધ મૂકી શકે નહીં. હાઈકોર્ટે નોંધ્યું હતું કે સંબંધિત કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ જ ખનન માટે લાઈસન્સ આપવામાં આવ્યાં હતાં. આવી સ્થિતિમાં ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલો પ્રતિબંધ અગાઉ મળેલી મંજૂરીની જોગવાઈઓની વિરુદ્ધ છે.

૮૧ ઈન્ટરનેશનલ,૪૯ ડોમેસ્ટિક ફલાઈટને અસર

દ. કોરિયામાં પરીક્ષા માટે વિમાનનાં ટેકઓફ-લેન્ડિંગ ૩૫ મિનિટ રોકાશે

સિઓલ, તા. ૧૭

દક્ષિણ કોરિયાની અત્યંત સ્પર્ધાત્મક કોલેજ પ્રવેશ પરીક્ષાનાં અંગ્રેજી શ્રવણ ભાગ દરમિયાન ઘોંઘાટ ઘટાડવા માટે ગુરૂવારે સમગ્ર દેશમાં તમામ વિમાનનાં ટેકઓફ અને લેન્ડિંગ ૩૫ મિનિટ માટે રોકી દેવામાં આવશે તેમ દક્ષિણ કોરિયા સરકારે જણાવ્યું છે.

સ્પર્ધાત્મક કોલેજ પરીક્ષાનાં અંગ્રેજી શ્રવણ ભાગ દરમિયાન ઘોંઘાટ ઘટાડવા લેવાયેલો નિર્ણય

મિનિસ્ટ્રી ઓફ લેન્ડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ટ્રાન્સપોર્ટ અનુસાર આ પ્રતિબંધ સ્થાનિક સમય અનુસાર બપોરે ૧.૦૫ કલાકથી ૧.૪૦ કલાક સુધી અમલમાં રહેશે. જેના કારણે ૧૩૦ ફલાઈટ પર અસર પડશે. જેમાં ૮૧ આંતરરાષ્ટ્રીય અને ૪૯ ઘરેલુ ફલાઈટ સામેલ છે.

આ સમય દરમિયાન જે વિમાન હવામાં હશે તેમને જમીનથી ઓછામાં ઓછા ૩ કિમી ઉપર ઉડવાનું રહેશે. જો કે ઈમરજન્સી ફલાઈટને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ પ્રતિબંધ હેલિકોપ્ટર, હલકા એરક્રાફ્ટ અને ડ્રોન ઉપર પણ લાગુ પડશે. આ ૩૫ મિનિટનાં સમય દરમિયાન સમગ્ર દેશમાં તમામ પ્રકારની ડ્રોન ફલાઈટ્સ પર પ્રતિબંધ રહેશે.

મંત્રાલયે જણાવ્યું છે કે નિયમ તોડનારાઓ પર ક્રિમિનલ પેનલ્ટી લાગી શકે છે. વિદ્યાર્થી ઈંગ્લિશ લિસનિંગ ટેસ્ટ પર ધ્યાન આપી શકે તે માટે આ પગલાં ભરવામાં આવ્યા છે.

કોરિયા એક્સચેન્જની જાહેરાત અનુસાર દેશનું સ્ટોક માર્કેટ પણ સ્થાનિક સમયથી એક કલાક મોડા ૧૦ કલાકે ખૂલશે અને સાંજે ૪.૩૦ કલાકે બંધ થશે.

રુદ્રપ્રયાગમાં બોલેરો ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી

ઉત્તરાખંડમાં બે અકસ્માતમાં ૧૩નાં મોત, ૩૧થી વધુ ઘાયલ

દહેરાદૂન, તા.૧૭

ઉત્તરાખંડમાં બે અલગ-અલગ સ્થળે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતોએ ભારે અફરાતફરી મચાવી છે. રુદ્રપ્રયાગમાં બોલેરો ગાડી ઊંડી ખીણમાં ખાબકતાં ચાર લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર મુસાફરોથી ભરેલી બસ પુલ પરથી લગભગ ૧૦૦ મીટર નીચે પાણીમાં ખાબકતાં નવ લોકોનાં મોત થયાં હતાં. બંને અકસ્માતોમાં કુલ ૧૩ લોકોનાં મોત થયાં અને ૩૧થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર મુસાફરોથી ભરેલી બસ પુલ પરથી ૧૦૦ મીટર નીચે પાણીમાં પડી

રુદ્રપ્રયાગ જિલ્લાના બાંસવાડા-કંડારા મોટર માર્ગ પર સોમવારે મોડી સાંજે એક બોલેરો વાહન ચાલકના કાબૂ બહાર જતાં રસ્તાથી આશરે ૫૦૦ મીટર નીચે ઊંડી ખીણમાં ખાબક્યું હતું. વાહનમાં કુલ ૧૦ લોકો સવાર હતા. તમામ લોકો લગ્નપ્રસંગમાં હાજરી આપીને પોતાના ગામ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન વાહન પરનો કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

બીજી તરફ, મંગળવારે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર ગૂલર બજાર નજીક મુસાફરોથી ભરેલી બસ બેકાબૂ બની પુલ પરથી આશરે ૧૦૦ મીટર નીચે પાણીમાં ખાબકી હતી.

બસમાં અંદાજે ૩૦થી ૩૫ મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું છે. આ ભયાનક અકસ્માતમાં નવ લોકોનાં મોત થયાં છે. સાત મુસાફરોએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો, જ્યારે અન્ય એક વ્યક્તિનું એઇમ્સમાં સારવાર દરમિયાન મોત થયું હતું. ઘટનામાં ૨૫ લોકો ઘાયલ થયા હોવાનું જણાવાયું છે.

વીડિયો કોન્ફરન્સિંગ માટે રૂ. ૧ લાખ જમા કરાવવા આદેશ

દિલ્હીની ઝેરી હવા આરોગ્ય માટે અતિ જોખમી : હાઈકોર્ટ

નવી દિલ્હી, તા.૧૭

દિલ્હીમાં વધતા વાયુ પ્રદૂષણને કારણે આરોગ્ય પર ગંભીર અસર થવાની આશંકાને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટે બ્રિટન અને અમેરિકામાં રહેતા બે વરિ નાગરિકોને એક પેન્ડિંગ પ્રોબેટ કેસમાં વીડિયો કોન્ફરન્સિંગ મારફતે જુબાની આપવાની મંજૂરી આપી છે. બંને વૃદ્ધોની ઉંમર, આંતરરાષ્ટ્રીય મુસાફરીની મુશ્કેલીઓ અને દિલ્હીનું પ્રદૂષિત વાતાવરણ સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે તે બાબતને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે આ નિર્ણય કર્યો હતો.

બ્રિટન અને અમેરિકામાં રહેતા બે વૃદ્ધોને વીડિયો કોન્ફરન્સિંગથી જુબાની આપવા હાઈકોર્ટની મંજૂરી

જસ્ટિસ વિનોદ કુમારે જણાવ્યું હતું કે, જુબાની નોંધવાની પદ્ધતિ નક્કી કરતી વખતે સંબંધિત વ્યક્તિઓની પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવી જરૂરી છે. એક અરજદારની જુબાની માટે લંડન સ્થિત ભારતીય હાઈ કમિશન અને બીજા અરજદાર માટે ન્યૂયોર્ક સ્થિત ભારતીય કોન્સ્યુલેટને વીડિયો કોન્ફરન્સિંગ કેન્દ્ર તરીકે નિર્ધારિત કર્યા છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે દિલ્હી હાઈકોર્ટ ઈલેક્ટ્રોનિક એવિડન્સ એન્ડ વીડિયો કોન્ફરન્સિંગ રૂલ્સ, ૨૦૨૫માં વીડિયો કોન્ફરન્સિંગ મારફતે જુબાની નોંધવા માટે પૂરતી સુરક્ષાની જોગવાઈઓ છે. આ વ્યવસ્થામાં એ સુનિશ્ચિત કરાશે કે ગવાહને કોઈ અન્ય વ્યક્તિ જવાબ ન જણાવે, તેના પર દબાણ ન કરે કે તેને પ્રભાવિત ન કરે. દલીલો દરમિયાન જરૂરી દસ્તાવેજો પણ સાક્ષી સમક્ષ રજૂ કરી શકાશે. વીડિયો કોન્ફરન્સિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે આઈટી અધિકારીની સેવાઓ પાછળ કુલ રૂ. એક લાખ જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ટૂંક સમયમાં રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આવશે : ટ્રમ્પ

રશિયા અને યુક્રેન વચ્ચે મિસાઈલ હુમલા બન્નેએ મહત્વના બ્રિજ તોડી પાડ્યા

કિવ, તા. ૧૭

યુક્રેને રશિયાના ઓઈલ મથકો બાદ હવે બ્રિજો પર હુમલા વધાર્યા છે. ખાસ કરીને રશિયાએ યુક્રેનના જે વિસ્તારો કબજામાં લીધા છે ત્યાં રશિયન સૈનિકોની અવરજવર રોકવા માટે હુમલા કરાઈ રહ્યા છે. રશિયાના કબજાવાળા ક્રિમીઆન પેનિન્સુલાના મહત્વના બ્રિજને યુક્રેને ઉડાવી દીધો હતો.

મોસ્કો પર યુક્રેને ૮૦૦ જેટલા ડ્રોન છોડ્યા, ૧૩૦૦ કિમી દૂર રશિયન ઓઈલ રિફાઈનરી પર પણ હુમલો

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે અમે રશિયાના મહત્વપૂર્ણ કર્ચ બ્રિજનો નાશ કરી નાખ્યો છે, આ હુમલો અમારા માટે માસ્ટરસ્ટ્રોક સમાન છે.

આ વિશાળ બ્રિજ પર રેલવે લાઈન આવેલી છે, જેની મદદથી રશિયા યુક્રેનના આ કબજાવાળા વિસ્તાર સુધી પોતાના સૈનિકો અને યુદ્ધ સામગ્રી પહોંચાડી રહ્યું હતું.

યુક્રેને આ બ્રિજને તોડી પાડવા માટે મિસાઈલો અને ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. યુક્રેન રશિયામાં ઈન્ડસ્ટ્રીયલ એરિયાને પણ નિશાન બનાવી રહ્યું છે. યુક્રેનની સરહદથી ૧૩૦૦ કિમી દૂર રશિયાના ગાઝપ્રોમ વિસ્તારમાં ઓઈલ રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ પર હુમલો કર્યો હતો. જ્યારે મોસ્કો પર આશરે ૮૦૦ જેટલા ડ્રોન પણ યુક્રેને છોડ્યા હતા.

રશિયા દ્વારા પણ યુક્રેન પર હુમલા થઈ રહ્યા છે, કિવ પર રશિયાએ બેલિસ્ટિક મિસાઈલ દ્વારા હુમલો કર્યો હતો, જેને કારણે યુક્રેનની રાજધાનીમાં બે મુખ્ય બ્રિજોનો નાશ વળી ગયો હતો. આ હુમલામાં બે લોકો માર્યા ગયા હતા. અમેરિકાની મધ્યસ્થતામાં યુક્રેન અને રશિયા બન્ને યુદ્ધ રોકવા માટે વાટાઘાટો કરી રહ્યા છે.

આગામી દિવસોમાં ફરી બન્ને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાવા જઈ રહી છે એવા સમયે જ સામસામે ભિષણ હુમલા શરૂ કરી દેવામાં આવ્યા છે.

રશિયાએ કબજે કરેલા મહત્વના પ્રાંતનો મહત્ત્વનો કર્ચ બ્રિજ યુક્રેને તોડી પાડ્યો

રસ્તાઓના વિકાસ સાથે વાહનોની સંખ્યા પણ વધી

દેશના ૪૦ ટકા પ્રદુષણ માટે હું પોતે જવાબદાર : નીતિન ગડકરીની કબૂલાત

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશમાં વધતા વાયુ પ્રદૂષણ બાબતે ચિંતા વ્યક્ત કરતા આશરે ચાલીસ ટકા પ્રદૂષણ માટે પોતાને જવાબદાર ગણાવ્યા છે. તેમણે જણાવ્યું કે રસ્તાઓના વિકાસ સાથે વાહનોની સંખ્યા અને ઉપયોગ વધતા પ્રદૂષણમાં વધારો થયો છે. દિલ્હીમાં યોજાયેલી સીઆઈઆઈ બાયોએનર્જી સમિટમાં તેમણે પેટ્રોલ-ડીઝલના વિકલ્પરૂપે સ્વચ્છ ઈંધણ અપનાવવાની જરૂરીયાત પર ભાર મુક્યો હતો.

પેટ્રોલના વિકલ્પ તરીકે બાયોફ્યુઅલ, ઈથેનોલ અને હાઈડ્રોજનના દ્વારા આત્મનિર્ભર ઊર્જાનું લક્ષ્ય હાંસલ કરાશે

ગડકરીના જણાવ્યા અનુસાર દેશનો ઓટોમોબાઈલ ઉદ્યોગ તેમના કાર્યકાળ દરમ્યાન ૧૪ લાખ કરોડ રૂપિયાથી વધીને બાવીસ લાખ કરોડ રૂપિયાનો થયો છે. ભારત આ ક્ષેત્રમાં વિશ્વમાં સાતમા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચ્યું છે. તેમણે ગોબરધન યોજના હેઠળ આશરે ત્રણ હજાર બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની કામગીરીનો ઉલ્લેખ કર્યો. પરાળી બાળવાને બદલે તેમાંથી બાયોએનર્જી બનાવવાથી ખેડૂતોને આવક મળશે અને દિલ્હી સહિતના વિસ્તારોમાં પ્રદૂષણ ઘટાડી શકાશે.

ગડકરીએ ઈથેનોલ,હાઈડ્રોજન, બાયોફ્યુઅલ અને આઈસોબ્યુટેનોલને ભવિષ્યના મહત્વપૂર્ણ ઈંધણ ગણાવ્યા. ઈથેનોલમાંથી વિમાનો માટે સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ બનાવી શકાય છે. ઈથેનોલ અને આઈસોબ્યુટેનોલથી જનરેટર, ટ્રેક્ટર તેમજ અન્ય વાહનો ચલાવવાની ટેકનોલોજી વિકસાવવામાં આવી રહી છે. આ ઉપરાંત ઉદ્યોગોમાંથી નીકળતા કાર્બન ડાયોક્સાઈડનો ઉપયોગ કરીને યુરિયા અને ડાઈમિથાઈલ ઈથર (ડીએમઈ) બનાવવાની શક્યતાઓ પણ તપાસાઈ રહી છે. ગડકરી ડીએમઈને એલપીજીના વિકલ્પ તરીકે વિકસાવવાની વાત કરી હતી. એલપીજીમાં ૪૦ ટકા ડીએમઈ ભેળવવાથી આયાત પરની નિર્ભરતા ઘટી શકે છે. સરકારની ઊર્જા નીતિનો મુખ્ય હેતુ વિદેશી ઈંધણની આયાત ઘટાડવાનો, ઊર્જા સસ્તી બનાવવાનો અને પ્રદૂષણ નિયંત્રિત કરવાનો છે. એના માટે ઈથેનોલ, મેથેનોલ, બાયોડીઝલ, એલએનજી અને હાઈડ્રોજનના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

કેગનાં અહેવાલમાં કરવામાં આવેલો ચોંકાવનારો દાવો

બીઆઈએસએ પાંચ વર્ષમાં દેશની ૮૧ ટકા જ્વેલરી દુકાનોમાં તપાસ કરી નથી

નવી દિલ્હી, તા. ૧૭

સોનાનાં ભાવમાં વધ ઘટની વચ્ચે સોનું ખરીદનારાઓ માટે એક મહત્ત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. દેશમાં સોનાની શુદ્ધતાની ઓળખ માટે હોલમાર્કિંગ જરૂરી છે. જો કે તપાસમાં મોટો ઘટાડો સામે આવ્યો છે.

બીઆઈએસની કર્મચારીઓની અછતને જવાબદાર ગણાવતી દલીલ કેગે ફગાવી દીધી

કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)નાં ડ્રાફ્ટ રિપોર્ટ અનુસાર દેશમાં ૮૧ ટકાથી વધુ જ્વેલરી દુકાનોની છેલ્લા પાંચ વર્ષમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બીઆઈએસ)એ તપાસ કરી નથી.

જેના કારણે હોલમાર્કિંગ સિસ્ટમ અને જ્વેલર્સની તપાસ અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે. કેગનાં ડ્રાફ્ટ રિપોર્ટ અનુસાર દેશમાં ૨.૩૨ લાખથી વધારે રજિસ્ટર્ડ જ્વેલર્સ છે.

નિયમો અનુસાર બીઆઈએસ અથવા તપાસ અને હોલમાર્કિંગ સેન્ટરને દરેક લાયસન્સધારી જ્વેલર્સને ત્યાં વર્ષમાં ઓછામાં ઓછી એક વખત તપાસ કરવાની હોય છે. જો કે છેલ્લા પાંચ વર્ષમાં ૮૧ ટકાથી વધુ જ્વેલરી દુકાનોની તપાસ કરવામાં આવી નથી.

બીઆઈએસએ આ માટે કર્મચારીઓ અને જરૂરી સુવિધાઓની અછત ગણાવી હતી. જો કે કેગે આ સ્પષ્ટતાનો સ્વીકાર કર્યો નથી. ઉલ્લેખનીય છે કે દેશનાં ૩૯૨ જિલ્લાઓમાં લગભગ ૧૫૬૫ બીઆઈએસ હોલમાર્કિંગ સેન્ટર કાર્ય કરી રહ્યાં છે.

આ ઉપરાંત ચાંદીની વસ્તુઓની તપાસ અને હોલમાર્કિંગ માટે ૩૨૭ માન્યતા પ્રાપ્ત સેન્ટર છે. આમ છતાં ફરજિયાત હોલમાર્કિંગની પહોંચ લગભગ ૫૦ ટકા જિલ્લાઓ સુધી જ હોવાની વાત સામે આવી છે.



બિહારમાં છઠપૂજા પૂરી થયા પછી લોકોએ ફરી પાછા-પાછા પોતપોતાના કામના સ્થળોએ પરત ફરવા દોટ મૂકી હતી. તેના પગલે બિહારના પટણાના રેલ્વે સ્ટેશન પર જામેલી જબરદસ્ત ભીડ જોઈ શકાય છે. આ ભીડ જોઈને કમસેકમ રેલ્વેને તો અંદાજો આવવો જોઈએ કે જેટલા ગયા છે તેટલા પરત તો આવવાના જ છે. આ માટે પૂરતા પ્રમાણમાં અને પૂરતી ફ્રીકવન્સીથી ટ્રેનો દોડાવવામાં આવી હોત તો આ પ્રકારની ભીડ જામી ન હોત.

મુંબઈમાં ૧૧ કરોડનાં ડ્રગ સાથે ૩ વિદેશી ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૧૭

મુમ્બ્રામાં એક હાઉસિંગ કોમ્પ્લેક્સમાંથી ૧૦.૯૩ કરોડનાં મેફેડ્રોન તથા કોકેન સાથે ત્રણ વિદેશી નાગરિકોની ધરપકડ કરાઈ હતી. મુમ્બ્રા પોલીસની એન્ટી ડ્રગ સ્કવોડે ગુપ્ત માહિતીના આધારે ૧૪ નવેમ્બરના રોજ દિવાના બેતવાડે ગામમાં મેરેથોન નેક્સવર્લ્ડ હાઉસિંગ કોમ્પ્લેક્સમાં છાપા માર્યા હતા અને બે નાઈજિરિયન અને એક સેનેગાલી નાગરિકની ધરપકડ કરી હતી.



મંત્રીમંડળમાં ફેરફાર પહેલાં 'શાહ'-'પટેલ' વચ્ચે ખુલ્લો જંગ

જો જય શાહ ICCમાં ચેરમેન તો અનાર પટેલ મુખ્યમંત્રી કેમ નહીં?

અમદાવાદ,મંગળવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાટનગર મુલાકાત બાદ ગુજરાતના રાજકારણમાં સત્તાના સમીકરણો ગમે તે ઘડીએ બદલાઈ શકે છે. રાજ્યમાં નવા નેતૃત્વની અટકળો વચ્ચે ભાજપમાં આનંદીબેન પટેલ અને અમિત શાહ વચ્ચે આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે.

આનંદીબેનની ચાલ ઉંધી પાડવા અમિત શાહે કોળી નેતાઓને આગળ ધર્યા, કોળી મુખ્યમંત્રીની માંગ બુલંદ બનાવાઈ

ચર્ચા તો ત્યાં સુધીની છે કે, જો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પુત્ર જય શાહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ ના ચેરમેન બની શકતા હોય, તો અનાર પટેલને મુખ્યમંત્રી પદ કેમ ન મળી શકે તેવી દલીલ સાથે આનંદીબેન પટેલે વડાપ્રધાનને રજૂઆત કરી છે.

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલનો કાર્યકાળ પૂર્ણ થવાના આરે છે. તેઓ ગુજરાત પરત ફરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. આ દરમિયાન આનંદીબેન પટેલ હવે અનાર પટેલને ગુજરાતના મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે આગળ કરવા માંગે છે જેના ભાગરુપે જ તેમને ખોડલધામ સંગઠનની મોટી જવાબદારી સોંપાઈ છે જેથી પાટીદારો વર્ચસ્વ જમાવી શકાય. ભૂપેન્દ્ર પટેલની વિદાય નક્કી મનાઈ રહી છે ત્યારે આનંદીબેન પટેલે અનામત આંદોલનકારીઓને મેદાને ઉતાર્યા છે અને આંદોલનના બહાને મુખ્યમંત્રીની ખુરશી છિનવી લેવાઈ હતી તે બહાનું ધરીને સહાનુભૂતિ મેળવવવા રાજકીય માહોલ ઉભો કરાઈ રહ્યો છે.

બીજી તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાતના રાજકારણ પર પોતાની પકડ મજબૂત રાખવા સક્રિય થયા હોવાનું કહેવાય છે. રાજકીય ગલિયારીમાં કહેવાઈ રહ્યું છેકે, અમિત શાહે મુખ્યમંત્રી તરીકે હર્ષ સંઘવીની પસંદગી કરી લીધી છે. જોકે, આનંદીબેન પટેલની ચાલ ઉંધી પાડવા અમિત શાહે જ પવ્યૂહાત્મક રીતે કોળી સમાજના નેતાઓને આગળ ધર્યા છે. દિલ્હીથી સૂચના આપતાં ભાજપના વરિ ધારાસભ્ય પબુભા માણેકે કોળી સમાજમાંથી મુખ્યમંત્રી બનાવવાની માંગ કરીને આ ચર્ચાને વધુ હવા આપી છે.

(અનુસંધાન છઠ્ઠે પાને)

પુત્રીને મુખ્યમંત્રી બનાવવા આનંદીબેન પટેલે વડાપ્રધાન પર રાજકીય દબાણ વધાર્યું, પાટીદાર નેતાઓને મેદાને ઉતાર્યા

'પટેલ' મુખ્યમંત્રીની ખુરશી બચાવવા પડદા પાછળનો ખેલ

૧૧ વર્ષ બાદ પાટીદાર નેતાઓને આનંદીબેન પટેલ પ્રત્યે પ્રેમ ઉભરાયો

અમદાવાદ,મંગળવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓચીંતી ગાંધીનગર મુલાકાત બાદ ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. મંત્રીમંડળ અને ભાજપના પ્રદેશ માળખામાં મોટા ઉલટફેર થશે તે પહેલાં જ જ્ઞાતિવાદનું રાજકારણ તેજ બન્યુ છે.

વિધાનસભાની ચૂંટણી અગાઉ આનંદીબેન જૂથ સક્રિય, ફરી અમિત શાહ પાટીદારોના નિશાને, ભાજપમાં જૂથવાદ વકર્યો

તેમાંય ૧૧ વર્ષ બાદ અચાનક જ પાટીદાર અનામત આંદોલનના નેતાઓને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ પ્રત્યે પ્રેમ ઉભરાયો છે. ભૂપેન્દ્ર પટેલની વિદાય નક્કી છે ત્યારે અચાનક આનંદીબેનના રાજીનામાનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો છે. આ જોતાં ગુજરાતમાં 'પટેલ' મુખ્યમંત્રીની ખુરશી બચાવવાનો પડદા પાછળની રાજરમત શરૂ થઈ છે. ફરીએકવાર આનંદીબેન પટેલ જૂથ મેદાને પડ્યું છે જેથી ભાજપમાં આંતરિક ખેંચતાણ ચરમે છે.

તાજેતરમાં જસદણમાં પાટીદાર સંમેલનમાં આંદોલનકારી નેતા દિનેશ બાંભણિયાએ એવું નિવેદન આપ્યું હતું કે, પાટીદાર આંદોલનને કારણે આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતુ. તેઓ આજે રંજ છે. આ નિવેદન બાદ રાજકીય વિશ્લેષકોનું માનવું છેકે, આનંદીબેન પટેલને મુખ્યમંત્રીપદે કેમ હટાવ્યાં એ મુદ્દો ચગાવવા પાછળ ભાજપ અને પાટીદાર આંદોલનકારી નેતાઓ વચ્ચે 'મેચ ફિક્સિંગ' છે.

રાજકીય ગલિયારીમાં એવી પણ ચર્ચા છેકે, આનંદીબેન પટેલના રાજીનામાના બહાને વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ખુરશી બચાવવા અને ગુજરાતના સત્તાના સિંહાસન પર પાટીદાર નેતૃત્વ અકબંધ રાખવા માટે પાટીદાર

(અનુસંધાન છઠ્ઠે પાને)

મંત્રીમંડળના ફેરફાર અગાઉ આનંદીબેનના રાજીનામાનો મુદ્દો ચગાવાયો, આંદોલનકારીઓ સાથે પોલિટિકલ 'ફિક્સિંગ'

સાયલા ખાતે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમ દરમિયાન નિવેદન

ગુજરાતના મુખ્યમંત્રી કોળી સમાજના હોવા જોઈએ : ઋષિ ભારતી બાપુ

સાયલા,મંગળવાર

સાયલા ખાતે બાવળિયા પરિવારના પ્રાગટ્ય મેલડીમાના મંદિરમાં યોજાયેલા માંડવાના કાર્યક્રમમાં ઋષિ ભારતી બાપુએ કોળી સમાજમાંથી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બનાવવાની માંગને સમર્થન આપ્યું છે. તેમણે દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકના નિવેદનને જાહેર મંચ પરથી ટેકો આપતાં જણાવ્યું કે વર્ષ ૨૦૨૨માં પણ તેમણે આ મુદ્દે નિવેદન આપ્યું હતું અને કોળી સમાજમાંથી મુખ્યમંત્રી બનવો જોઈએ તેવી વાત કરી હતી.

સત્તામાં ભાગીદારી વખતે સમાજને ભૂલી જવાય છે, જે સ્થિતિ હવે ચલાવી લેવાશે નહીં

ઋષિ ભારતી બાપુએ કહ્યું કે ગુજરાતમાં ૧૮ ટકા વસ્તી ધરાવતા કોળી સમાજને સત્તામાં યોગ્ય પ્રતિનિધિત્વ મળતું નથી અને મહત્ત્વના હોદ્દા અપાતા નથી. તેમણે કુંવરજી બાવળિયાને મુખ્યમંત્રી બનાવવાની માંગ સમાજમાં ઉઠાવવા આહવાન કરતાં જણાવ્યું કે તેઓ અનુભવી નેતા છે અને તેમનામાં મુખ્યમંત્રી બનવાની ક્ષમતા છે, તેમજ સમાજ સંગઠિત થઈને માંગ કરશે તો પાટીને વિચારવું પડશે. ભાજપમાં મહત્ત્વના હોદ્દા ન અપાતા હોવા અંગે નારાજગી વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે ચૂંટણી સમયે મત જોઈએ છે, પરંતુ સત્તામાં ભાગીદારી વખતે સમાજને ભૂલી જવાય છે, જે સ્થિતિ હવે ચલાવી લેવાશે નહીં. ઋષિ ભારતી બાપુએ સમાજને જાગૃત, એક અને સંગઠિત થવા તથા યુવાનોને આગળ આવવા આહવાન કર્યું હતું. આ નિવેદન બાદ સમાજમાં ચર્ચા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે તથા રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા ચાલી રહી છે.

બાવળિયા પરિવારના માંડવામાંથી અપાયેલા નિવેદન બાદ સમાજના આગેવાનોએ તેને આવકાર્યું છે અને સોશિયલ મીડિયા પર પણ નિવેદન વાયરલ થઈ રહ્યું છે. ઋષિ ભારતી બાપુની વાતને ઉપસ્થિત લોકોએ તાળીઓથી વધાવી હતી. બીજી તરફ રાજકીય વર્તુળોમાં આ નિવેદનની ચર્ચા છે અને આગામી ચૂંટણીઓમાં અનેક વિધાનસભા વિસ્તારોમાં નિર્ણાયક મત ધરાવતા કોળી સમાજની ભૂમિકા મહત્ત્વની રહેશે તેવું મનાઈ રહ્યું છે.

દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકના નિવેદનને ઋષિ ભારતી બાપુએ પણ ટેકો આપતા રાજકારણમાં ગરમાવો આવ્યો

ભાજપમાં ભળેલા નેતાઓને પદમુક્તિ બાદ પ્રજા પ્રતિ ધર્મનું સ્મરણ

જવાહર ચાવડાએ પેપર લીક કાંડ અંગે વિડીયો બનાવી સરકારી તંત્રને ઝાટક્યું

રાજકોટ,મંગળવાર

જુનાગઢના માણાવદર જિલ્લાના પૂર્વ ધારાસભ્ય, કોંગ્રેસમાંથી ઈ.સ.૧૯૯૦થી ૨૦૧૨ દરમિયાન ચાર ટર્મ જીતેલા અને ૨૦૧૯માં પક્ષપલ્ટો કરી ભાજપમાં ભળીને પછી ૨૦૨૨ની પેટાચૂંટણી કોંગ્રેસ સામે હારી ગયા પછી ફરી ભાજપે જેમને ટિકીટ ન આપી તે જવાહર ચાવડાએ આજે પેપર લીક મુદ્દે પોતાનો વિડીયો બનાવીને શેર કરીને ગુજરાતમાં પેપર લીક કૌભાંડો અંગે સીસ્ટમને સડેલી કહીને સરકારના તંત્રને ઝાટક્યું છે.

૧૮ પરીક્ષાનાં પેપર લીક થયા, ૫૧ લાખ વિદ્યાર્થીઓની પીડા અને તેમની જિંદગી બરબાદ કરનારા આ સડેલી સિસ્ટમમાં મોજ કરે છે

ગુજરાતમાં રૂપાણી સરકારના પૂર્વ મંત્રીએ કહ્યું સરકારની આ સડેલી સીસ્ટમને સવાલ તો કરો, વિદ્યાર્થીઓને મળો તો તેમની વેદના સમજાય. પરીક્ષા કૌભાંડોની યાદી આપીને તેમણે કહ્યું કે તલાટી, ટેટ, બીએસઈઆર, મુખ્ય સેવિકા, નાયબ તહેસીલદાર, લોકરક્ષક દળ, ક્લાર્ક, જુનિયર ક્લાર્ક, નીટ યુજી, પીજીવીસીએલ., ફોરેસ્ટ ગાર્ડ, ઊર્જા નિગમ સહિત ૧૮ જેટલી પરીક્ષામાં ૫૧ લાખ વિદ્યાર્થીઓ એટલે કે ૨ કરોડ પરિવારોની આ વેદના છે. ચાવડાએ કહ્યું-મને વિદ્યાર્થીઓએ કહ્યું કે અમારી જિંદગી બરબાદ કરી તે મજા કરી રહ્યા છો,એફ.આઈ.આર. કરી નહીં કે જેલમાં ગયા નહીં, કોઈ અમને કહેતું નથી કે આ જવાબદારો શુ કરે છે. સરકારને કાંઈ કહેવું હોય તો અરજી કરવી પડે છે. જવાહર ચાવડાએ અગાઉ પણ મુખ્યમંત્રીને બેરોજગારી મુદ્દે સરકારને રજૂઆત કરી હતી.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસમાંથી ભાજપમાં ભળીને મંત્રી બન્યા બાદ મંત્રી પદ છિનવાઈ ગયું તે રાઘવજી પટેલે પણ જામનગર પંથકમાં દુષ્કાળ અંગે સરકારને ઢંઢોળી હતી.

તો મૂળ કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને મંત્રી બનેલા અને હાલ મંત્રીપદ વગરના જયેશ રાદડીયાએ સહકાર ક્ષેત્રે ભાજપની નેતાગીરીએ ધરાર આપેલા મેન્ડેટને ફગાવ્યો હતો. પદ મુક્તિ બાદ જાણે જુઠ સહેવાનું શિસ્ત છોડીને પક્ષપલ્ટો કરનાર નેતાઓને હવે પ્રજાધર્મનું સ્મરણ થઈ રહ્યું છે.

મોઢવાડિયા, બાવળિયા પ્રજાના પ્રશ્ને હવે ક્યારે મોં ખોલશે?

એક સમયે સરકારની ખામીઓ સામે તીવ્ર પ્રહારો કરતા પોરબંદરના અર્જુન મોઢવાડિયા અને જસદણના કુંવરજી બાવળિયા હાલ ભાજપ સરકારમાં મંત્રી પદ ભોગવી રહ્યા છે અને પ્રજાના પ્રશ્ને બોલવાનું ટાળી રહ્યા છે. પરંતુ, આગામી ધારાસભા-૨૦૨૭ ચૂંટણીમાં તેમને ટિકીટ નહીં મળે કે મંત્રી પદ નહીં રહે તો તેઓ પણ પ્રજાના પ્રશ્ને અવાજ ઉઠાવશે તેવી ચર્ચા લોકોમાં થવા લાગી છે.

હવે બે દિવસ બાદ ઠંડી વધવાની સંભાવના

અલ નીનોની અસરથી ગુજરાતમાં શિયાળાની એન્ટ્રીમાં વિલંબ

અમદાવાદ,મંગળવાર

નવેમ્બર મહિનાના ત્રણ સપ્તાહ બાદ પણ ગુજરાતમાં શિયાળો હજુ જામ્યો નથી. અલબત્ત,આવતીકાલથી લઘુતમ તાપમાન ૩ ડિગ્રી જેટલું ઘટતાં શિયાળો આખરે જમાવટ કરવા લાગે તેવી પૂરી સંભાવના છે.

ગયા વર્ષે ૧૭ નવેમ્બર સુધી પારો ૧૧થી નીચે ગગડ્યો હતો, આ વખતે હજુ સુધી૧૫ ડિગ્રીથી નીચે નહીં

ગત રાત્રિના અમદાવાદમાં ૨૦.૫ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રીનો વધારો

અમદાવાદમાં નવેમ્બરનું તાપમાન

તારીખ	૨૦૨૫	૨૦૨૬
૧૫	૧૬.૫	૧૯.૬
૧૬	૧૬.૦	૨૧.૨
૧૭	૧૪.૮	૨૦.૫

નોંધાયો હતો. આગામી ૧૯ નવેમ્બર બાદ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રી જેટલું નોંધાઈ શકે છે. ગત વર્ષે અમદાવાદમાં નવેમ્બરના બીજા સપ્તાહ બાદ લઘુતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રીથી નીચે ગગડી ચૂક્યો હતો. જાણકારોના મતે, આ વર્ષે અલ નીનોની અસરથી શિયાળાની એન્ટ્રી મોડી થઈ છે. ગત વર્ષે ગુજરાતમાં ૧૭ નવેમ્બરના૧૦.૮ ડિગ્રી સાથે નલિયા ઠંડુંગાર હતું.

ગત રાત્રિના રાજ્યભરમાં અન્યત્ર ડીસામાં ૧૮.૯, વડોદરા-અમરેલીમાં ૧૯.૬, સુરતમાં ૨૦.૬, ગાંધીનગરમાં ૨૧.૨, ભુજમાં ૨૧.૬, જુનાગઢમાં ૨૧.૭, ભાવનગરમાં ૨૧.૮, રાજકોટમાં ૨૨.૬ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.


ભરૂચ જિલ્લામાં રૂ. ૬૬ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા

ડોલીયા-દેણવા બ્રિજમાં લોકાર્પણના ૧૦૦ દિવસમાં જ મોટી તિરાડો પડી

ભરૂચ,મંગળવાર

ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકાને જોડતા ડોલીયા-દેણવા બ્રિજના નિર્માણ કાર્યમાં મોટા પાયે ભ્રષ્ટાચારની પોલ ખુલી છે. રૂા.૬૬ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા બ્રિજના લોકાર્પણને માંડ ૧૦૦ દિવસ જ પૂરા થયા છે, તેવામાં બ્રિજના આરસીસી માર્ગમાં મોટી તિરાડો પડવાની શરૂઆત થઈ ગઈ છે અને તેના કારણે આ બાબત હાલ ભારે ચર્ચાનો વિષય બની છે.

ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે આંદોલનની ચીમકી : અધિકારીઓ દ્વારા અપાયેલા ફિટનેસ સર્ટિફિકેટ સામે પણ સવાલો



પ્રાપ્ત થયેલી માહિતી મુજબ રૂા. ૬૬ કરોડના ખર્ચે મહેસાણાની રાધે એસોસિએટ્સ દ્વારા આ કામ કરવામાં આવ્યું હતું. નબળી ગુણવત્તાવાળા મટિરિયલના કારણે રોડ વચ્ચે મોટી તિરાડ પડી જતાં રાહદારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જવાબદાર અધિકારીઓની કામગીરી શંકાના દાયરામાં છે. ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતના આક્ષેપ થઈ રહ્યાં છે. ૧૦૦ દિવસમાં જ બ્રિજનો રોડ તૂટી જતો હોય તો એક વર્ષમાં આ બ્રિજની શું હાલત થશે? એવા સવાલ લોકમુખે ચર્ચાઈ રહ્યાં છે.

રૂા.૬૬ કરોડના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા કેવળ વેઠ જ ઉતારવામાં આવી છે. સ્થળ નિરીક્ષણ કર્યા વિના જ સીધું ફિટનેસ સર્ટિફિકેટ આપી દેનાર અધિકારીઓની કામગીરી પણ શંકાના દાયરામાં છે. ભ્રષ્ટાચારના કારણે પ્રજાના કરોડો રૂપિયા વેડફાઈ રહ્યા હોવાનો લોકોમાં પણ ભારે રોષ ફાટી નીકળ્યો છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કિરણસિંહ મકવાણાએ પણ આ અંગે ઉગ્ર વિરોધ કર્યો છે.

ભરૂચ જિલ્લામાં વિકાસના કામોમાં ગોબાચારીની હારમાળા

અગાઉ અંકલેશ્વર ઓએનજીસી બ્રિજ અને અંદાડા ગામે કરોડોના આરસીસી રોડમાં પણ ભ્રષ્ટાચારની બૂમો ઊઠી હતી, જેમાં જિલ્લા પંચાયતે રોડ તોડી નવો બનાવવા આદેશ આપવો પડ્યો હતો. આ ઉપરાંત પરીએજ ગામે ભૂખી ખાડીનું નાળું લોકાર્પણના એક જ મહિનામાં તૂટી ગયું હતું અને આમોદ નેશનલ હાઈવે-૬૪ ચોમાસામાં જ ધોવાઈ ગયો હતો. કોન્ટ્રાક્ટરો દ્વારા વારંવાર વેઠ ઉતારવામાં આવતી હોવાથી અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

કોન્ટ્રાક્ટર રાધે એસોસિએટ્સ સામે લોકોમાં ભારે રોષ

આરટીઆઈમાં બહાર આવેલી વિગતોને પગલે ભારે ચર્ચા

માત્ર ૭૦૦ની વસ્તીવાળાં નાગપુર ગામે ૩ માસમાં ૪૩૧ લગ્ન નોંધણી!

જામનગર, મંગળવાર

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના માત્ર ૭૦૦ની વસ્તી અને ૧૭૦ જેટલા ઘરો ધરાવતા નાનકડા નાગપુર ગામમાં માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં કુલ ૪૩૧ લગ્નની નોંધણી થઈ હોવાનો આરટીઆઈ હેઠળ ચોંકાવનારો ખુલાસો થયો છે. આ પ્રકરણ બહાર આવતા તંત્ર દોડતું થયું છે તથા પ્રકરણની ગંભીરતાને ધ્યાનમાં લઈને હાલ તલાટી કમ મંત્રી પાસેથી લગ્ન નોંધણીનો ચાર્જ પરત લઈ લેવામાં આવ્યો છે.

કાલાવાડ તાલુકાના ૧૭૦ ઘરો ધરાવતા ગામે આટલાં લગ્ન નોંધાતાં તંત્ર દોડ્યું: તલાટી મંત્રી પાસેથી લગ્ન નોંધણીનો ચાર્જ પરત લેવાયો

આ પ્રકરણની શરૂઆત રાજકોટ જિલ્લાના પડધરી પંથકના ઉદયભાઈ વસંતભાઈ અગ્રાવતની પુત્રીના લગ્નની નોંધણી અંગે ઊભી થયેલી શંકાથી થઈ હતી. પુત્રીની ઉંમર ૧૮ વર્ષ અને બે મહિના થતાં ચોથા જ દિવસે તેના લગ્ન થઈ ગયા હોવાની અને તેણે ઘર છોડી દીધું હોવાની જાણ થતાં તેમણે તપાસ શરૂ કરી હતી. લગ્નની નોંધણી ક્યાં થઈ છે તે જાણવા આરટીઆઈ કરાતા કાલાવડના નાગપુર ગામનું નામ સામે આવ્યું હતું. ત્યારબાદ લગ્ન નોંધણી અંગે વધુ વિગતો મેળવવામાં આવતાં રાજકોટ, જામનગર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અનેક પરિવારોનાં લગ્ન નાગપુર ગામે નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું.

નાગપુર ગામના તલાટી કમ મંત્રી જગદીશભાઈ ચાવડા દ્વારા લગ્નની નોંધણી કરવામાં આવી હોવાનું આરટીઆઈના જવાબમાં સામે આવ્યું છે. નાગપુરમાં તા. ૩૦-૧૧-૨૦૨૫થી તા. ૨૫-૦૨-૨૦૨૬ સુધીના ૩ માસના સમયગાળામાં કુલ ૪૩૧ લગ્ન નોંધાયા હોવાનું જાણવા મળતાં આ સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

નાગપુરની લોકવાયકાનો તકવાદીઓએ લાભ લીધો?

સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં એવી લોકવાયકા પ્રચલિત છે કે, મહારાષ્ટ્રના નાગપુરથી લગ્ન માટે કન્યાઓ મળે છે અને ત્યાં લગ્ન થાય છે. આથી, જ્યારે કોઈ પરિવારને 'નાગપુર'માં લગ્ન થયાની જાણ થાય, ત્યારે તેઓ સ્વાભાવિક રીતે મહારાષ્ટ્રના નાગપુર તરફ તપાસ કરવા દોડતા હતા. પરંતુ આરટીઆઈમાં સ્પષ્ટ થયું કે આ નોંધણી મહારાષ્ટ્ર નહીં, પરંતુ કાલાવડ તાલુકાના નાગપુર ગામમાં થઈ છે. બંને સ્થળોના એકસરખા નામથી ઊભી થતી ગેરસમજનો કોઈ સંગઠિત ટોળકી કે તકવાદી તત્ત્વોએ વ્યવસ્થિત લાભ લીધો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

સિંગતેલમાં વધુ ૪૦ વધતા ડબ્બો ૩૧૫૦, સરકારને મોંઘવારી રોકવામાં રસ જ નથી

રાજકોટ,મંગળવાર

સરકારની સુસ્તી વચ્ચે સિંગતેલના ડબ્બામાં આજે વધુ ૨૦ સહિત બે દિવસમાં વધુ રૂા.૪૦નો વધારો ઝીંકી દેવાતા ૧૫ કિલો ડબ્બો રૂા.૩૧૫૦એ પહોંચી ગયો છે જે બ્રાન્ડેડ તેલ રૂા.૩૨૦૦ની આસપાસ મળે છે. હાલ સિંગતેલની નવી સીઝન ટાણે ગુજરાતમાં સર્વાધિક બનતું સ્થાનિક તેલ ગત વર્ષ કરતા પ્રતિ ડબ્બાએ રૂા.૬૦૦ વધુ ચૂકવીને મોંઘુદાટ ખરીદવા લોકો લાચાર છે.

દુઃખદ અવસાન



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે
શ્રી શૈલેશ રસિકચંદ્ર ભટ્ટ (એક્સ. સિનિયર ડેપ્યુટી ડાયરેક્ટર, ATIRA) ઉંમર ૭૭ વર્ષ, સોળ નવેમ્બર ૨૦૨૬ના રોજ હૃદયરોગના હુમલાને કારણે અવસાન પામ્યા છે.
સદગતની ઈચ્છા મુજબ કોઈ બેસણું રાખેલ નથી.
શોકાતુર
શ્રીમતી ચેતના શૈલેશ ભટ્ટ
(એક્સ. બેંક ઓફ બરોડા)
શાલીન શૈલેશ ભટ્ટ **હિમાંશુ રસિકચંદ્ર ભટ્ટ**
વસુધા રસિકચંદ્ર ભટ્ટ **જૈમિની રસિકચંદ્ર ભટ્ટ**





